# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

30 DECEMBER-2025 TUESDAY

વર્ષ-15 । અંક-049 । વિક્રમ સંવત-2082 । પોષ સુદ-11 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





પેજ-08

રણવીરસિંહની આગામી ફિલ્મપ્રલયમાં આલિયા ભટ્ટને રોલ ઓફર કરાયો



પેજ-09

શાન મસૂદે બેવડી સદી ફટકારીને રચ્યો ઈતિહાસ, તોડ્યો ઈન્ઝમામ ઉલ હકનો 33...




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 28.00 | 16.00 |
| વડોદરા | 28.00 | 15.00 |
| સુરત | 29.00 | 18.00 |


પેજ 5





AI કોમર્સ ઉદ્યોગ પરિવર્તન: AI માત્ર સલાહ નહીં આપે, તમારા વતી...

નબળી અર્થવ્યવસ્થા : હાથમાં કટોરો લઈને દાવોસમાં પ્રવેશવાની પાકિસ્તાનની તૈયારી




પેજ 10


**શેરબજાર**

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 84695.54 ▼ | 345.91 |
| નિફ્ટી | 25942.10 ▼ | 100.20 |
| સોનું | 134999.00 ▼ | 4874.00 |
| ચાંદી | 225525.00 ▼ | 14262.00 |

## બાંગ્લાદેશમાં ફરી હિન્દુઓ પર હુમલો
# પિરોજપુરમાં ઘર સળગાવી દેવાયા

- બાંગ્લાદેશમાં ભારતીયો વિરુદ્ધ 'બળવો'! હાદીના સાથીઓનું 24 દિવસનું અલ્ટીમેટમ
- તસ્લીમા નસરીન ગુસ્સે ભરાયા



(એજન્સી) ઢાકા | તા.29

બાંગ્લાદેશમાં ઈન્કલાબ મંચના પ્રવક્તા ઉસ્માન હાદીની હત્યાના મામલે મોહમ્મદ યુનુસની વચગાળાની સરકાર ભારે મુશ્કેલીમાં મૂકાઈ છે. ઈન્કલાબ મંચે સરકારને ખુલ્લું અલ્ટીમેટમ આપતાં આગામી 24 દિવસમાં આ હત્યાનો ટ્રાયલ પૂર્ણ કરવાની માંગ કરી છે. ઢાકાના શાહબાગ ખાતેથી મંચના સચિવ અબ્દુલ્લા અલ જબ્બારે આક્રમક વલણ અપનાવતાં જણાવ્યું હતું કે, ઉસ્માન હાદીના હત્યારાઓ, તેના માસ્ટરમાઈન્ડ અને મદદગારો સહિતના તમામ દોષિતો સામે કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ થવી જોઈએ. હાદી હત્યાકાંડના બે મુખ્ય આરોપીઓ ભારતમાં ઘૂસ્યા છે.

### તસ્લીમા નસરીને ચિંતા વ્યક્ત કરી

લેખિકા તસ્લીમા નસરીને પણ દેશમાં આગચંપીની ઘટના પર પ્રતિક્રિયા આપી. સોશિયલ મીડિયા પર પ્રતિક્રિયા આપતા, તસ્લીમા નસરીને કહ્યું, 'હિંદુ વિરોધી જેહાદીઓ દ્વારા પરિવાર સૂતો હતો ત્યારે સાહા પરિવારના ઘરના પાંચ રૂમ સળગાવી દેવામાં આવ્યા હતા.' તેમણે ચિત્તાગોંગના રૌજાનમાં પણ આવી જ ઘટનાઓનો ઉલ્લેખ કર્યો, જ્યાં વહેલી સવારે હિન્દુ ઘરોમાં આગ લગાવવામાં આવી હતી, અને પ્રશ્ન કર્યો કે શું દેશભરમાં હિન્દુઓ વિરુદ્ધ આવી હિંસા ચાલુ રહેશે.

### પાંચ દિવસમાં સાત પરિવારોના ઘરોમાં આગ લગાવવામાં આવી

ધ ડેઈલી સ્ટાર અનુસાર, રૌજાન વિસ્તારમાં પાંચ દિવસમાં ત્રણ અલગ અલગ સ્થળોએ સાત હિન્દુ પરિવારોના ઘરોમાં આગ લગાવવામાં આવી હતી. બાંગ્લાદેશ 12 ડિસેમ્બરથી દેશવ્યાપી અશાંતિ જોઈ રહ્યું છે. 12 ડિસેમ્બરે દેશમાં હાદીને ગોળી મારી દેવામાં આવી હતી. ત્યારબાદ તેની સારવાર સિંગાપોરમાં કરવામાં આવી હતી, પરંતુ તેને બચાવી શકાયો ન હતો. હાદીના મૃત્યુ બાદ દેશમાં હિંસા ફાટી નીકળી છે. લોકો રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા અને સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા.

# ભારતે 79,000 કરોડના સંરક્ષણ સોદાને આપી મંજૂરી

### ચીન-પાકિસ્તાનની ઊંઘ હરામ !

(એજન્સી) નવી દિલ્હી | તા.29

ચીન અને પાકિસ્તાનની ઊંઘ હરામ થઈ જવાની છે, કારણ કે, કેન્દ્ર સરકારે ભૂમિસેના, નૌસેના અને વાયુસેનાને વધુ અત્યાધુનિક બનાવવા માટે 79000 કરોડના હથિયારો અને સિસ્ટમો ખરીદવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં પ્રસ્તાવને મંજૂરી મળી ગઈ છે. આ નિર્ણય ભારતની સૈન્ય તૈયારીઓના ભાગ રૂપે ખૂબ જ મહત્ત્વનો મનાઈ રહ્યો છે. પ્રસ્તાવ મુજબ, થલસેના માટે અત્યાધુનિક હથિયારો અને ડ્રોન વિરોધી સિસ્ટમ ખરીદવામાં આવશે. ભારતની ત્રણેય સેનાઓ માટે નવા શસ્ત્રો અને સાધનોની ખરીદી અંગે નિર્ણય લેનારી સર્વોચ્ચ સંસ્થા 'રક્ષા અધિગ્રહણ પરિષદે' અનેક મહત્ત્વના પ્રસ્તાવને મંજૂરી આપી છે.



**વાયુસેનાની તાકાત વધશે :** DAC એ એર-ટુ-એર રિફ્યુઅલર્સ અને AWACS (એરબોર્ન અર્લી વોર્નિંગ સિસ્ટમ) સંબંધિત RFP માં ફેરફારોને મંજૂરી આપી. આ વાયુસેનાની લાંબા અંતરની ઓપરેશનલ ક્ષમતાઓને વધુ મજબૂત બનાવશે. વધુમાં, DAC એ ભારતીય વાયુસેના માટે એસ્ટ્રા માર્ક-2 એર-ટુ-એર મિસાઈલો ખરીદવાને પણ મંજૂરી આપી. આશરે 200 કિલોમીટરની રેન્જ સાથે, તેઓ ભારતીય પ્રદેશની અંદરથી દુશ્મનના વિમાનોને નિશાન બનાવી શકે છે. ઓપરેશન સિંદૂરએ લાંબા અંતરની મિસાઈલોની જરૂરિયાત પર વધુ ભાર મૂક્યો. IAF પાસે પહેલેથી જ એસ્ટ્રા માર્ક-1 છે, જ્યારે DRDO એસ્ટ્રા માર્ક-3 પર પણ કામ કરી રહ્યું છે. DAC ના આ નિર્ણયો ભારતની લશ્કરી તૈયારી, આધુનિકીકરણ અને આત્મનિર્ભર સંરક્ષણ ક્ષમતાઓને વધુ મજબૂત બનાવશે. ખાસ કરીને, મિસાઈલ, ડ્રોન અને અપગ્રેડ પ્રોજેક્ટ્સ ત્રણેય સેવાઓની ફાયરપાવર અને સંરક્ષણ ક્ષમતાઓમાં નોંધપાત્ર વધારો કરશે તેવી અપેક્ષા છે. આ દેશની તાકાતમાં વધુ વધારો કરશે.

### મિસાઈલ સિસ્ટમ્સ અને આધુનિક શસ્ત્રોની ખરીદીને મંજૂરી

DAC બેઠકમાં ખાસ કરીને મિસાઇલ સિસ્ટમ્સ અને આધુનિક શસ્ત્રોની ખરીદીને મંજૂરી આપવામાં આવી હતી. ભારતીય નૌકાદળ અને વાયુસેના માટે MR-SAM (મધ્યમ રેન્જ સરફેસ-ટુ-એર મિસાઇલ) ની ખરીદીને મંજૂરી આપવામાં આવી હતી. આ મિસાઇલો દુશ્મન વિમાનો, મિસાઇલો અને ડ્રોનને નષ્ટ કરવામાં સક્ષમ છે અને દરિયાઇ અને હવાઇ સંરક્ષણને મજબૂત બનાવશે.



### ડ્રોન-લોઇટરિંગ મ્યુનિ.ને પ્રોત્સાહન આપવું

DAC એ લોઇટરિંગ મ્યુનિશન્સની ખરીદીને પણ મંજૂરી આપી. આ નિર્ણય ભારતીય સેનાની આધુનિક અને ચોકસાઇ યુદ્ધ તકનીકો તરફ ઝડપી પ્રગતિ દર્શાવે છે.



### ટેન્ક અને હેલિકોપ્ટરને અપગ્રેડ કરવામાં આવશે

સેનાના T-90 ટેન્કના ઓવરઓલને મંજૂરી આપવામાં આવી છે. Mi-17 હેલિકોપ્ટરના મધ્યમ-જીવન અપગ્રેડને પણ તેમની ઓપરેશનલ તૈયારીને વધુ સુધારવા માટે મંજૂરી.

## ચાંદીમાં મોટી ઉથલપાથલ : અઢી લાખને સ્પર્શ્યાં બાદ એક જ ઝાટકે રૂ. 21,000નો કડાકો

(એજન્સી) મુંબઈ | સોના-ચાંદીમાં બુલ રન વચ્ચે આજે ચાંદીએ ઐતિહાસિક 2,54,000ની સપાટી કૂદાવી હતી. જેના બાદ અચાનક જ બજારમાં વેચવાલી આવતા ચાંદીમાં એક જ દિવસમાં ઐતિહાસિક 21,054 રુપિયાનો કડાકો બોલાઈ ગયો હતો. આ આંકડા વાયદા બજાર (MCX) આધારિત છે.

સોના-ચાંદીમાં રોકાણ કરનારા રોકાણકારોને જોરદાર નફો મળી રહ્યો છે. ખાસ કરીને ચાંદીમાં



ઐતિહાસિક તેજીનો દોર હજુ પણ યથાવત્ છે. MCXની વાત કરીએ તો વાયદા બજારમાં ચાંદી આજે ઐતિહાસિક 14,387 રૂપિયાના ઉછાળા સાથે તમામ રેકોર્ડ તોડતાં 2,54,174ની નવી ઓલ ટાઈમ હાઈ સપાટીને સ્પર્શી ગઈ હતી. ત્યારબાદ ટ્રેડિંગ સેશન દરમિયાન એમસીએક્સ પર ચાંદીમાં એકઝાટકે 21,054 રૂપિયાનો કડાકો બતાવ્યો હતો. આ કડાકો પ્રોફિટ બુકિંગને કારણે આવ્યો હોવાની ચર્ચા છે.

### બંગાળમાં વધુ એક BLOએ આત્મહત્યા કરી
## 33 BLOના મોત પર કપિલ સિબ્બલનો કેન્દ્રને સવાલ...

(એજન્સી) નવી દિલ્હી | તા.29

કોંગ્રેસ સાંસદ કપિલ સિબ્બલે દેશના અલગ-અલગ રાજ્યોમાં બૂથ લેવલ ઓફિસર્સ (BLO) ના મૃત્યુ પર કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું. તેમણે સોમવારે X પોસ્ટમાં સવાલ કરતા લખ્યું- બંગાળમાં વધુ એક BLOની આત્મહત્યા, સમગ્ર દેશમાં અત્યાર સુધી કુલ 33 મોત, એક કથિત ઘૂસણખોર બરાબર નથી, પરંતુ 33 BLOના મૃત્યુ બરાબર છે? સિબ્બલની આ પોસ્ટ પશ્ચિમ બંગાળના બાંકુડા જિલ્લામાં BLOના સુસાઈડ પર આવી છે. 28 ડિસેમ્બરે રાજકાટા વિસ્તારની શાળામાંથી BLO હરાધન મંડલનો મૃતદેહ મળી આવ્યો.



### ભારતમાં લઘુમતીઓ પરના નિવેદન પર વિદેશ મંત્રાલયે કહ્યું
# 'પાકિસ્તાન પહેલાં પોતાનો રેકોર્ડ જોઈ લે'

(એજન્સી) નવી દિલ્હી | તા.29

પાકિસ્તાને ભારતમાં મુસ્લિમોની દુર્દશા પર ટિપ્પણી કરી હતી. ભારતીય વિદેશ મંત્રાલયે આ નિવેદન પર કડક પ્રતિક્રિયા આપી છે. વિદેશ મંત્રાલયે આ નિવેદનોને સ્પષ્ટપણે નકારી કાઢ્યા છે. ભારતે પાકિસ્તાનને આત્મનિરીક્ષણ કરવા વિનંતી કરી છે. ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે પાકિસ્તાને ટિપ્પણી કરતા પહેલા પોતાનો રેકોર્ડ જોવો જોઈએ. તેમણે કહ્યું કે દુનિયા પાકિસ્તાનમાં લઘુમતીઓની દુર્દશા જાણે છે. જયસ્વાલે કહ્યું કે પાકિસ્તાન સત્ય છુપાવી શકતું નથી.

### દુનિયા પાકિસ્તાનમાં લઘુમતીઓની દુર્દશાથી વાકેફ છે



ખરેખર, પાકિસ્તાનના વિદેશ કાર્યાલયના પ્રવક્તા તાહિર અંદ્રાબીએ ભારતમાં લઘુમતીઓની દુર્દશા પર ટિપ્પણી કરી હતી. ભારતીય વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલી કોઈપણ ટિપ્પણી તેની આંતરિક પરિસ્થિતિને છુપાવી શકતી નથી. દુનિયા પાકિસ્તાનમાં લઘુમતીઓની દુર્દશાથી વાકેફ છે. અંદ્રાબીએ ભારતમાં લઘુમતીઓની દુર્દશા પર ઘણી ટિપ્પણીઓ કરી હતી. તેમણે ભારતમાં મુસ્લિમ સમુદાયો સામે થતી હિંસા અંગે નિવેદનો આપ્યા હતા. તેમણે આંતરરાષ્ટ્રીય સમુદાયને આ ઘટનાઓ પર ધ્યાન આપવાની અને લઘુમતીઓના અધિકારોનું રક્ષણ કરવા માટે પગલાં લેવાની અપીલ કરી હતી.

## ગુજરાતથી ઓમાન જઈ રહ્યું છે વિશેષ જહાજ




### GPS કે એન્જિન નથી, હાથથી તૈયાર કરાયું છે

(એજન્સી) પોરબંદર | પ્રાચીન ભારતીય ટેકનોલોજીનો ઉપયોગ કરીને બનાવવામાં આવેલું નૌકાદળનું જહાજ INSB કૌંડિન્યા ગુજરાતના પોરબંદરથી ઓમાનના મસ્કત તરફ તેની સફર શરૂ કરી રહ્યું છે. આ જહાજની અનોખી વિશેષતાઓ જાણીને તમને પણ નવાઈ લાગશે કે આવું જહાજ અને સુવિધા ભારત સિવાય દુનિયામાં બીજા કોઈ દેશ પાસે નથી. PM મોદીએ પણ સોશિયલ મીડિયામાં ફોટો શેર કરી આનંદની લાગણી વ્યક્ત કરી છે. અને કહ્યું છે કે ' અનોખા જહાજથી ગલ્ફ ક્ષેત્ર અને તેની આસપાસના દેશો સાથેના આપણા ઐતિહાસિક સંબંધોને નવીકરણ મળશે' આ જહાજની બનાવટમાં 2,000 વર્ષ જૂની ટેકનોલોજીનો સહારો લેવામાં આવ્યો છે. નાળિયેરના દોરડાથી સીવેલા લાકડાના પાટિયાથી બનેલું છે આ જહાજમાં કોઈ ખીલાનો ઉપયોગ થયો નથી. આ જહાજ સંપૂર્ણપણે પવનથી ચાલે છે તેમાં કાપડના સઢનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેના નિયંત્રણ માટે હલેશાનો ઉપયોગ થશે. પ્રથમ પડાવમાં ગુજરાત થી ઓમાન એટલે કે 1,400 કિલોમીટર (750 નોટિકલ માઈલ)નો પ્રવાસ ખેડશે, આ યાત્રા 15 દિવસ ચાલશે અને તેમાં 13 ખલાસીઓ અને 3 અધિકારીઓ રહેશે. નેવી આ જહાજને જૂના દરિયાઈ માર્ગો પર ચલાવશે.

## ભારતે દુ:ખતી રગ દબાવતા તરફડવા લાગ્યું પાકિસ્તાન! કહ્યું- પાણીને હથિયાર ન બનાવશો

(એજન્સી) નવી દિલ્હી | તા.29

ભારતે ચિનાબ નદી પર 260 મેગાવોટની 'દુલહસ્તી જળવિદ્યુત પ્રોજેક્ટ'ના બીજા તબક્કાને મંજૂરી આપ્યા બાદ પાકિસ્તાનને ઝટકો લાગ્યો છે. હવે ભારતે દુલહસ્તી-2 પ્રોજેક્ટને મંજૂરી આપતા પાકિસ્તાનની મુશ્કેલીઓમાં વધુ વધારો થયો છે. એકતરફ ભારતે દુલહસ્તી-2 પ્રોજેક્ટને મંજૂરી આપી દીધ છે, તો બીજીતરફ



પાકિસ્તાની સાંસદને આ પ્રોજેક્ટથી વાંધો પડ્યો છે. રિપોર્ટ મુજબ, 'પાકિસ્તાની સાંસદ શેરી રહમાને કહ્યું છે કે, પાણીને હથિયાર બનાવવું સમજદારી નથી અને અમે તેને મંજૂરી પણ આપતા નથી. આવા નિર્ણયના કારણે બંને દેશો વચ્ચેનો તણાવ વધુ વધશે.'

ભારતની કાર્યવાહીના કારણે પાકિસ્તાન પાણી માટે તરફડિયા મારી રહ્યું છે, ત્યારે સાંસદ રહમાને સોશિયલ મીડિયા એક્સ પર લખ્યું છે કે, 'ભારતે સિંધુ જળ સમજૂતી કરારનું જાહેરમાં ઉલ્લંઘન કરીને તાજેતરમાં જ દુલહસ્તી-2 પ્રોજેક્ટને મંજૂરી આપી દીધી છે.

## હું ધર્મનિરપેક્ષ છું, મને બધા ધર્મો ગમે છે... મુખ્યમંત્રી મમતાએ વિપક્ષ પર નિશાન સાધ્યું

(એજન્સી) કોલકાતા | તા.29

મમતા બેનર્જીએ વિપક્ષના આરોપોનો જવાબ આપ્યો છે. દુર્ગા નગરમાં એક કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીએ કહ્યું કે ઘણા લોકો કહે છે કે હું તુષ્ટિકરણ કરું છું, પરંતુ હું ધર્મનિરપેક્ષ છું અને બધા ધર્મોમાં વિશ્વાસ રાખું છું. મમતાએ કહ્યું, 'હું બંગાળ અને ભારતને પ્રેમ કરું છું. અમે બધી જાતિઓ, બધા ધર્મોને પ્રેમ કરીએ છીએ; તે અમારી વિચારધારા છે. દરેક વ્યક્તિના પોતાના લોકશાહી અધિકારો છે.' મુખ્યમંત્રીએ વધુમાં કહ્યું, 'હું કેન્દ્ર સરકારને ગંગાસાગર પુલ બનાવવા માટે મજબૂર કરવાનો પ્રયાસ કરી રહી હતી, પરંતુ હવે હું તેને જાતે બનાવીશ. હું 5 જાન્યુઆરીએ શિલાન્યાસ કરીશ, અને આગામી બે વર્ષમાં પુલ જનતા માટે તૈયાર થઈ જશે. જાન્યુઆરીના બીજા અઠવાડિયામાં, અમે સિલિગુડીમાં મહાકાલ મંદિરનો શિલાન્યાસ કરીશું.' વિપક્ષ પર પ્રહાર કરતા મુખ્યમંત્રીએ કહ્યું, 'જો તમે બંગાળી બોલો છો, તો તેઓ કહે છે કે તમે બાંગ્લાદેશી છો. તેઓ કહે છે કે તમને હોટલમાં રૂમ નહીં મળે. હું પૂછવા માંગુ છું કે, શું તમારે બંગાળમાં રહીને ભારતીય નાગરિક હોવાનું સાબિત કરવું પડશે?



### તાઈવાનને ઘેરવા માટે ચીનનો સૌથી મોટો લશ્કરી કવાયત : જવાબમાં તાઈવાને કાઉન્ટર કોમ્બેટ એક્સરસાઈઝ શરૂ કરી
# 89 વિમાન, 14 જહાજો અને 4 યુદ્ધજહાજ... ચીને તાઈવાનને પાંચેય બાજુથી ઘેર્યું

(એજન્સી) બેઈજિંગ | તા.29

ચીને તાઈવાનને પાંચેય બાજુથી ઘેરીને મોટા પાયે સૈન્ય અભ્યાસ શરૂ કર્યો છે. ચીનની સેનાએ તાઈવાનના ઉત્તર, ઉત્તર-પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ અને પૂર્વીય તટ નજીક અલગ-અલગ ઝોન બનાવીને લાઈવ-ફાયર ડ્રિલ શરૂ કરી છે. ચીનની કાર્યવાહીના જવાબમાં તાઈવાને પણ કાઉન્ટર કોમ્બેટ એક્સરસાઈઝ શરૂ કરી દીધી છે. તાઈવાનના રક્ષા મંત્રાલયે કહ્યું છે કે તેની આર્મી, નૌસેના અને વાયુસેનાને એલર્ટ પર રાખવામાં આવી છે. ચીનની હિલચાલ પર કડક નજર રાખવામાં આવી રહી છે. તાઈવાને પોતાની સેનાઓને તહેનાત કરીને કોમ્બેટ-રેડીનેસ ડ્રિલ શરૂ કરી છે. તાઈવાને ચીન પર ક્ષેત્રીય શાંતિ અને સ્થિરતાને નબળી પાડવાનો આરોપ લગાવ્યો છે. તાઈવાન કોસ્ટ ગાર્ડ અનુસાર, ચીનના સૈન્ય અભ્યાસથી જહાજોની અવરજવર અને માછીમારોની સુરક્ષા પર જોખમ ઉભુ થયો છે.



### 7 દરિયાઈ વિસ્તારોને એક્સરસાઈઝ ઝોન બનાવાયા

ચીનના મેરીટાઈમ સેફ્ટી એડમિનિસ્ટ્રેશને તાઈવાનની આસપાસના 7 દરિયાઈ વિસ્તારોને કસરત ઝોન તરીકે નિયુક્ત કર્યા છે. મંગળવાર સુધી આ વિસ્તારોમાં લાઈવ ફાયરિંગ ચાલુ રહેશે. આ કવાયતને અત્યાર સુધીની સૌથી મોટી માનવામાં આવે છે, કારણ કે તે પહેલા કરતા મોટા વિસ્તારને આવરી લે છે અને તાઈવાનની નજીક છે. શરૂઆતમાં, ફક્ત 5 વિસ્તારો માટે ફાયરિંગનું આયોજન કરવામાં આવ્યું હતું, પરંતુ પછીથી તેને 7 સુધી લંબાવવામાં આવ્યું. આ લશ્કરી કવાયતોએ જનતાને પણ અસર કરી છે. ચીનના પરિવહન મંત્રાલયના જણાવ્યા અનુસાર, મંગળવાર માટે નિર્ધારિત કવાયતો 100,000 થી વધુ આંતરરાષ્ટ્રીય મુસાફરોની ફ્લાઈટ્સને અસર કરશે. વધુમાં, લગભગ 80 સ્થાનિક ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે.

**ચીન તાઈવાનને પોતાનો ભાગ માને છે**



### વાઈસ ચાન્સેલર પોતે એક મહિલા છે, છતાં તેમણે આ મુદ્દે ભીનું સંકેલવાની વાત કરી: ડો. જ્વેલ વસરા AAP

# GTUની વિદ્યાર્થીની સાથે સ્પોર્ટ્સ ઈન્સ્ટ્રક્ટરની બીભત્સ માંગણી, AAPની કડક પગલાં લેવા માંગ



■ સ્પોર્ટ્સ ઈન્સ્ટ્રક્ટર સામે કડક કાર્યવાહી કરવામાં આવે: ડો. જ્વેલ વસરા AAP

■ માતા-પિતા બાળકોને કોના ભરોસે યુનિવર્સિટીમાં મોકલશે?: ડો. જ્વેલ વસરા AAP

(એજન્સી) અમદાવાદ/ગુજરાત તા.29

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીની એક વિદ્યાર્થીની સાથે સ્પોર્ટ્સ ઈન્સ્ટ્રક્ટર દ્વારા બીભત્સ માંગણી કરવામાં આવી હતી. આ ઘટનાની જાણ થતાં આમ આદમી પાર્ટીના મધ્યઝોન કાર્યકારી પ્રમુખ ડોક્ટર જ્વેલ વસરા, યુવા નેતા યુવરાજસિંહ જાડેજા, પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડોક્ટર કરન બારોટ, એજ્યુકેશન સેલના પ્રદેશ પ્રમુખ જીતુ ઉપાધ્યાય, અમદાવાદ શહેર મહામંત્રી જતીન પટેલ, વિદ્યાર્થી પાંખ ASAPના મધ્ય ઝોનના પ્રદેશ પ્રમુખ યાત્રિક પટેલ અને કાર્યકર્તા જીતેન્દ્ર કલાલે યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરને રૂબરૂમાં મળીને આવેદનપત્ર આપ્યું હતું અને કડકમાં કડક કાર્યવાહી કરવા માટે માંગ કરી હતી.

આ ઘટના વિશે વાત કરતા મધ્યઝોન કાર્યકારી પ્રમુખ ડોક્ટર જ્વેલ વસરાએ જણાવ્યું હતું કે, આજે અમે આમ આદમી પાર્ટીના ડેલીગેશન સાથે જીટીયુમાં આવ્યા છીએ. આ જગ્યાને વિદ્યામંદિર કહેવાય છે પરંતુ અહીંયા હાલ દુશાસનોનું રાજ ચાલી રહ્યું છે. મારે આ એટલા માટે કહેવું પડે છે કારણ કે ત્રણ મહિના પહેલા એક ઘટના ઘટી હતી. ત્રણ મહિના પહેલા આંતર યુનિવર્સિટીની જ્યારે સ્પર્ધાઓ થતી હોય છે, ત્યારે GTUમાંથી સોમનાથ યુનિવર્સિટીમાં અહીંયાથી બાળકો પોતાનું ડેરીગેશન લઈને ગયા હતા. ત્યાં સ્પોર્ટ્સ ઈન્સ્ટ્રક્ટર આકાશ ગોહિલે એક દીકરી સાથે બીભત્સ માંગણી કરી હતી. આ મુદ્દે વિદ્યાર્થિનીએ પાછા આવીને વાઈસ ચાન્સેલરને વાત કરી અને વાઈસ ચાન્સેલર પોતે એક મહિલા છે, તેમ છતાં પણ તેમણે આ ઘટનાનું ભીનું સંકેલવાની વાત કરી.

AAP નેતા ડોક્ટર જ્વેલ વસરાએ વધુમાં જણાવ્યું હતું કે, જ્યારે આમ આદમી પાર્ટીને આ ઘટના વિશે જાણકારી મળી તો આજે અમે જીટીયુ ખાતે આવ્યા અને વાઈસ ચાન્સેલર રાજલબેનને આવેદનપત્ર આપ્યું. આવેદનપત્ર આપીને અમે માંગ કરી છે કે જ્યાં સંસ્કારોનું સિંચન થતું હોય અને બાળકો જ્યાં પોતાનું ભવિષ્ય બનાવવા આવતા હોય, ત્યાં જો આવી ઘટનાઓ ઘટતી હોય તો માતા પિતા કોના પર ભરોસો કરીને બાળકોને અહીંયા મોકલે? અમે આજે માંગ કરી છે કે આવી જે પણ ઘટનાઓ ઘટે છે તેને દબાવો નહીં અને ઉજાગર કરો. આવી ઘટનાઓ ઘટે છે અને એક્શન લેવામાં આવતા નથી તો આજે અમે એમને રજૂઆત કરી છે કે આવી ઘટનાઓ પર કડકમાં કડક એક્શન લેવામાં આવે.

### આરોગ્ય ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલમાં પાટણ તાલુકો બન્યો ચેમ્પિયન



પાટણ જિલ્લા આરોગ્ય ક્રિકેટ ટુર્નામેન્ટ સીઝન 6 જે ચાણસ્મા તાલુકાએ કેસણી ગામ મુકામે આયોજન કરેલ જેમાં પાટણ તાલુકા અને સાતલપુર તાલુકા વચ્ચે ફાઈનલ મુકાબલો થયો જેમાં સાતલપુર રનર્સ અપ અને પાટણ તાલુકો વિજેતા થયેલ સંપૂર્ણ ટુર્નામેન્ટમાં બેસ્ટ બેસ્ટમેન ભાવેશભાઈ બારોટ બેસ્ટ બોલર સુનિલ ચૌધરી બેસ્ટ ફિલ્ડર અને પ્લેયર ઓફ ધ સીરીઝ દિલીપ ચૌધરી અને ફાઈનલ મુકાબલામાં મેન ઓફ ધ મેચ જયેશ મકવાણા રહેલ. (નીતિન ઠાકર, ચાણસ્મા)

### કાર્યપાલક ઈજનેરે સ્થળ પર જઈ નુકસાનીનું નિરીક્ષણ કર્યું

# ડાંગમાં ગટર તોડી પાડનારા તત્વો સામે તંત્રની લાલ આંખ

સુશિલ પવાર | ડાંગ તા.29



ડાંગ જિલ્લાના શામગહાન વિસ્તારમાં રાજ્ય ધોરીમાર્ગ વિભાગ દ્વારા જનસુવિધા માટે બનાવવામાં આવેલી મિલકતને નુકસાન પહોંચાડનારા અસામાજિક તત્વો અને દબાણકર્તાઓ સામે તંત્રએ હવે લાલ આંખ કરી છે. લાખો રૂપિયાના સરકારી ખર્ચે બનેલી નવી નકોર ગટરને તોડી પાડવાની ઘટનાને ગંભીરતાથી લઈ રાજ્ય ધોરીમાર્ગ વિભાગના કાર્યપાલક ઈજનેરે શામગહાન અને સાકરપાતળ વિસ્તારમાં રૂબરૂ મુલાકાત લેતા દબાણકર્તાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, ડાંગ રાજ્ય ધોરીમાર્ગ પેટા વિભાગ વઘઈ દ્વારા શામગહાન ખાતે વાહનચાલકો અને રાહદારીઓની સુવિધા માટે અંદાજે 60 લાખના ખર્ચે સ્લેબ ડ્રેનેજ ગટરનું નિર્માણ કરવામાં આવ્યું હતું. જોકે, આશ્ચર્યજનક રીતે કામ પૂરું થયાના માત્ર એક જ અઠવાડિયામાં સ્થાનિક દબાણકર્તાઓએ પોતાના સ્વાર્થ ખાતર આ કાચા બાંધકામ પર 40 ટન વજન ધરાવતા ટ્રક અને જેસીબી જેવા ભારે વાહનો ચડાવી દીધા હતા. પરિણામે, ગટરના સ્લેબ બેસી ગયા હતા અને સરકારી નાણાંનો મોટા પાયે વેડફાટ થયો હતો. જાણકારો જણાવે છે કે આ ઘટના અંગેના અહેવાલો બાદ કાર્યપાલક ઈજનેર કેતનભાઈ કુંકણા શામગહાન મુકામે એક્શન મોડમાં પહોંચ્યા હતા. તેમણે તૂટી ગયેલી ગટરનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું અને નુકસાનીનો અંદાજ મેળવ્યો હતો.

તપાસમાં સામે આવ્યું છે કે ભારે વાહનો ચડાવવાની સાથે ગ્રામ પંચાયતના ખોદકામ દરમિયાન પણ ગટરને નુકસાન થયું છે. ઉચ્ચ અધિકારીના કાફલાને જોઈને રસ્તા પર ગેરકાયદે દબાણ કરનારાઓમાં ભાગદોડ મચી ગઈ હતી.



### વાંકાનેરમાં ૧૭મો 'કામા' અશ્વ શો: જૂનાગઢ વેટરનરી કોલેજે પૂરી પાડી આધુનિક સારવાર

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.29

વાંકાનેરના ઐતિહાસિક રણજિત વિલાસ પેલેસ ગ્રાઉન્ડ ખાતે તાજેતરમાં ૧૭મો 'કામા' અશ્વ શો અત્યંત ધામધૂમથી યોજાયો હતો. આ મહોત્સવમાં અશ્વોની શક્તિ અને સૌંદર્યની સાથે સાથે વેટરનરી સાયન્સનો પણ અદભૂત સમન્વય જોવા મળ્યો હતો. કામધેનુ યુનિવર્સિટી સંલગ્ન વેટરનરી કોલેજ, જૂનાગઢની નિષ્ણાત તબીબી ટીમે આ ત્રણ દિવસીય મહોત્સવમાં અશ્વોના સ્વાસ્થ્યની સુરક્ષા કરી એક પ્રેરણારૂપ કામગીરી કરી છે. તા. ૨૬ ડિસેમ્બરના રોજ પશુપાલન મંત્રી જીતુભાઈ વાઘાણી, શિક્ષણ રાજ્ય મંત્રી રીવાબા જાડેજા અને રાજ્યસભા સાંસદ કેસરીદેવસિંહ ઝાલાની ગરિમામય ઉપસ્થિતિમાં આ શોનું ઉદ્ઘાટન થયું હતું. વિશેષ નોંધનીય છે કે, ગુજરાતના રાજ્યપાલ મહામહિમ આચાર્ય દેવવ્રતજીએ પણ ઉત્સવની મુલાકાત લઈ સ્વદેશી અશ્વ સંવર્ધનને પ્રોત્સાહન આપ્યું હતું.

### વિદ્યાર્થીઓમાં સમીક્ષાત્મક વિચારશક્તિ વિકસાવવા ચાર સત્ર યોજાયા

# બહાઉદ્દીન કોલેજમાં વિદ્યાર્થીઓએ શીખ્યા ડિઝાઈન વિચારધારાના પાઠ

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.29



વર્તમાન સમયમાં માત્ર પુસ્તકીય જ્ઞાન નહીં, પરંતુ નવીન વિચારધારા અને સમસ્યા ઉકેલવાની ક્ષમતા જ વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યનો આધાર છે. આ દિશામાં જૂનાગઢની બહાઉદ્દીન સરકારી વિનિમય કોલેજ ખાતે 'ઈનોવેશન ક્લબ' તથા 'SSIP'ના સંયુક્ત ઉપક્રમે 'ડિઝાઈન વિચારધારા અને ઈનોવેશન' વિષય પર એક પ્રભાવશાળી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં ૯૦ જેટલા ઉત્સાહી વિદ્યાર્થીઓએ ભાગ લઈ ભવિષ્યના ઉદ્યોગ સાહસિક બનવા તરફ પ્રથમ ડગલું માંડ્યું હતું.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, આ વર્કશોપ કુલ ચાર સત્રોમાં વહેંચાયેલો હતો. પ્રથમ સત્રમાં તજજ્ઞ ડો. શબ્બીર પરમારે ઈનોવેશન, આવિષ્કાર અને પ્રોટોટાઈપ જેવા પાયાના ખ્યાલો સ્પષ્ટ કર્યા હતા. બીજા સત્રમાં ઈન્ટરેક્ટિવ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓની વિશ્લેષણાત્મક શક્તિને ધાર કાઢવામાં આવી હતી. ત્રીજા સત્રમાં વિદ્યાર્થીઓએ પોતે વિચારેલા મૌલિક અને સર્જનાત્મક વિચારો રજૂ કર્યા હતા, જેને ચોથા સત્રમાં ડો. પરમારે વ્યવહારિક પ્રોટોટાઈપમાં કેવી રીતે રૂપાંતરિત કરવા અને તેને સ્ટાર્ટઅપ સાથે કેવી રીતે જોડવા તેનું વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

જાણકારો જણાવે છે કે, સંસ્થાના આચાર્ય ડો. જે. આર. વાંજાએ વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારીને બિરદાવતા જણાવ્યું હતું કે, આવા કાર્યક્રમોથી વિદ્યાર્થીઓમાં તર્કસંગત અભિગમ વિકસે છે જે તેમને વૈશ્વિક સ્પર્ધામાં ટકાવી રાખશે. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા SSIP સેલના કો-ઓર્ડિનેટર ડો. દીપિકા કેવલાણી સહિત ડો. જે. જે. વ્યાસ, ડો. આર. એચ. પરમાર અને અન્ય અધ્યાપક મિત્રોએ ભારે જહેમત ઉઠાવી હતી. આ વર્કશોપના અંતે વિદ્યાર્થીઓ માત્ર નવીન વિચારો જ નહીં, પરંતુ તે વિચારોને હકીકતમાં બદલવાની આત્મવિશ્વાસભરી દ્રષ્ટિ લઈને વિદાય થયા હતા. કોલેજની આ પહેલ જૂનાગઢના શૈક્ષણિક જગતમાં ઈનોવેશનના નવા યુગની શરૂઆત માનવામાં આવે છે. આ લેખ વાંચ્યા પછી, અન્ય વિદ્યાર્થીઓ પણ સ્ટાર્ટઅપ અને નવીન સંશોધનો તરફ વળવા પ્રેરિત થશે.

### જૂનાગઢની યુવતીઓએ ભારે ઉત્સાહ સાથે ભાગ લઈને પોતાની રમત કૌશલ્યનું પ્રદર્શન કર્યું

# જૂનાગઢમાં નારી શક્તિનું શૌર્ય: વુમન્સ અસ્મિતા કિક બોક્સીંગ લીગનો પ્રારંભ

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.29



જૂનાગઢની દીકરીઓ રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઝળકે તેવા ઉમદા હેતુ સાથે ગાંધીગ્રામ સ્થિત સરદાર પટેલ રમત સંકુલ ખાતે 'વુમન્સ અસ્મિતા કિક બોક્સીંગ સીટી લીગ-૨૦૨૫' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. માત્ર બહેનો માટેની આ વિશેષ લીગમાં જૂનાગઢની યુવતીઓએ ભારે ઉત્સાહ સાથે ભાગ લઈને પોતાની રમત કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું. આ સ્પર્ધાએ સાબિત કરી દીધું છે કે આજના યુગમાં બહેનો કોઈ પણ ક્ષેત્રમાં પાછળ નથી. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, આ સ્પર્ધાને પ્રોત્સાહિત કરવા માટે સાંસદ રાજેશભાઈ ચુડાસમા અને ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ખેલાડી બહેનોના જુસ્સાને બિરદાવતા જણાવ્યું હતું કે, આવી સ્પર્ધાઓથી જ આત્મરક્ષણની સાથે સાથે ખેલદિલીની ભાવના કેળવાય છે. ડેપ્યુટી મેયર આકાશભાઈ કટારા, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી સ્પોર્ટસ બોર્ડના સભ્ય એચ.એમ. ભાલીયા અને રમતગમત અધિકારી મનીષકુમાર જીલડીયાએ પણ હાજર રહી ખેલાડીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. જાણકારો જણાવે છે કે, અસ્મિતા વુમન્સ કિક બોક્સીંગ લીગ ૨૦૨૫-૨૦૨૬ અંતર્ગત યોજાયેલી આ સ્પર્ધા અત્યંત શાંતિપૂર્ણ અને શિસ્તબદ્ધ રીતે સંપન્ન થઈ હતી.

### પોષી પૂનમના પાવન પર્વે મહાઆરતીથી ગિરનાર ગાજશે

# ગિરનારના શિખરે ગુંજશે 'જય અંબે': 3 જાન્યુ.એ માં અંબાનો ભવ્ય પ્રાગટ્ય મહોત્સવ

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.29



ગિરનારની ગિરિકંદરાઓમાં બિરાજમાન આદ્યશક્તિ માં અંબાનો પ્રાગટ્ય મહોત્સવ આગામી તારીખ ૩ જાન્યુઆરી, શનિવારના રોજ અત્યંત શ્રદ્ધા અને ભક્તિપૂર્વક ઉજવવામાં આવશે. પોષી પૂનમ એટલે કે માં અંબાનો જન્મદિવસ, જે નિમિત્તે ગિરનાર પર્વતના ૫૦૦૦ પગથિયે આવેલા પ્રાચીન નિજ મંદિરમાં વિશેષ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ૫૨ શક્તિપીઠોમાં જેનું વિશેષ મહત્વ છે તેવી આ ઉદયનપીઠ પર વહેલી સવારથી જ ભક્તોનું ઘોડાપૂર ઉમટી પડશે. મંદિરના પૂજારીઓ અને વહીવટી સ્ટાફ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, મહોત્સવનો પ્રારંભ સવારે ૭:૦૦ વાગ્યે શ્રીસૂક્તના પાઠ અને ગંગાજળ-દૂધના મહાઅભિષેકથી થશે. માતાજીને વિશેષ શૃંગાર ધરાવવામાં આવશે અને નિજ મંદિરના શિખર પર નૂતન ધ્વજારોહણ કરવામાં આવશે. બપોરે ૧૨:૦૦ કલાકે મહાઆરતી અને થાળ ધરાવ્યા બાદ ૨:૦૦ વાગ્યા સુધી ભક્તો માટે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે બંને મહંતો બ્રહ્મલીન થયા હોવાથી, જિલ્લા કલેક્ટર અને વહીવટદાર મામલતદારના માર્ગદર્શન હેઠળ સંપૂર્ણ ઉત્સવનું સંચાલન કરવામાં આવશે. પુરાણો અનુસાર, જ્યારે દક્ષ પ્રજાપતિના યજ્ઞમાં ભગવાન શિવનું અપમાન થતા સતી પાર્વતીએ દેહત્યાગ કર્યો હતો, ત્યારે ક્રોધિત શિવજી સતીના દેહને ખભે મૂકી તાંડવ કરવા લાગ્યા હતા. સૃષ્ટિને બચાવવા ભગવાન વિષ્ણુએ સુદર્શન ચક્રથી સતીના દેહના ૫૨ ટુકડા કર્યા હતા.

# ધારેશી ગામમાં CHO અને FHW દ્વારા લેવાઈ HBNC મુલાકાત



(એજન્સી) ધારેશી (ફુલરા) તા.29

ગ્રામીણ વિસ્તારોમાં માતા અને નવજાત શિશુના મૃત્યુદરમાં ઘટાડો કરવા તથા તેમના સ્વાસ્થ્યની સુખાકારી વધારવાના ઉમદા હેતુથી આયુષ્માન આરોગ્ય મંદિર ફુલરા હેઠળના ધારેશી ગામમાં વિશેષ આરોગ્ય મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત આરોગ્ય વિભાગના કર્મચારીઓએ રૂબરૂ જઈને માતા અને બાળકની તપાસ કરી હતી. કોમ્યુનિટી હેલ્થ ઓફિસર અને ફીમેલ હેલ્થ વર્કરની ટીમ દ્વારા ધારેશી ગામમાં HBNC અને PNC મુલાકાત લેવામાં આવી હતી. સુવાવડ બાદ માતાની તબિયત કેવી છે અને નવજાત શિશુનો વિકાસ યોગ્ય રીતે થઈ રહ્યો છે કે નહીં તેની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય જન્મ પછીના શરૂઆતના દિવસોમાં માતા અને બાળકને જોખમ મુક્ત રાખવાનો છે.

### કોર્પોરેશનની બેદરકારીથી 35 વર્ષના યુવાનના મોત મુદ્દે

# AAP નેતા બ્રિજરાજ સોલંકીની આગેવાનીમાં વડોદરા કોર્પોરેશનની ઓફિસમાં હલ્લાબોલ

(એજન્સી) અમદાવાદ/વડોદરા તા.29

વડોદરા મહાનગરપાલિકામાં અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરની બેદરકારીના કારણે એક 35 વર્ષના યુવાન વિપુલસિંહ ઝાલાનું ગટરનું ઢાંકણ નહિ હોવાને કારણે ગટરમાં પડવાથી તેનું મૃત્યુ થયું. આ બાબતની રજૂઆત કરવા અને જવાબદારો સામે પગલાં લેવા માટે ગુજરાત આમ આદમી પાર્ટીના યુવા પ્રમુખ બ્રિજરાજ સોલંકી, લોકસભા પ્રમુખ વિરેન રામી અને ઈસ્ટ ઝોન તેમજ વડોદરા શહેર પ્રભારી અશોક ઓઝાની આગેવાનીમાં મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત કરવા જતા વડોદરા મહાનગરપાલિકા દ્વારા ગેટ પર તાળા મારી દેવામાં આવ્યા હતાં અને પોલીસનો કાફલો ખડકી દેવામાં આવ્યો. તેમ છતાં આમ આદમી પાર્ટીના યોદ્ધાઓ દ્વારા ગેટ કૂદી ડેપ્યુટી કમિશનર કરીને આવેદનપત્ર આપીને ધારદાર રજૂઆત કરી હતી. જો આગામી દિવસોમાં પીડિત પરિવારને ન્યાય નહીં આપવામાં આવે તો ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે તેવી ચીમકી આમ આદમી પાર્ટીએ ઉચ્ચારી હતી.

AAPના પ્રદેશ યુવા પ્રમુખ બ્રિજરાજ સોલંકીએ મ્યુનિસિપલ કમિશનર સામે ધારદાર રજૂઆત કરતા જણાવ્યું હતું કે, માંજલપુર વિધાનસભામાં કોર્પોરેશનની ગંભીર બેદરકારીના કારણે યુવાનનું મોત નીપજ્યું હતું. આ ઘટનામાં સ્પષ્ટ થાય છે કે કોર્પોરેશન અને સંબંધિત કોન્ટ્રાક્ટરની ગંભીર બેદરકારી છે. જાહેર સલામતી માટે જરૂરી પગલાં લેવામાં ન આવતા એક યુવાનનો જીવ ગયો છે, જે સમગ્ર શહેર માટે એક ચિંતાનો વિષય છે.

AAM પાર્ટી સમગ્ર વડોદરા શહેર તરફથી કોર્પોરેશન સમક્ષ માંગ કરે છે કે આ ઘટના મુદ્દે તાત્કાલિક, નિષ્પક્ષ તથા પારદર્શક તપાસ કરવામાં આવે અને જવાબદારો ઉપર કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે. અમારી માંગ છે કે આ ઘટનામાં જવાબદાર અધિકારીને તાત્કાલિક સસ્પેન્ડ કરવામાં આવે, સંબંધિત કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરવામાં આવે. અમારી વધુ માંગ છે કોન્ટ્રાક્ટર તથા જવાબદાર અધિકારી સામે માનવવધનો ગુનો દાખલ કરવામાં આવે.

### 1500 મેગાવોટના સોલાર પ્રોજેક્ટના વિરોધ બદલ 18 લોકો પર FIR, અન્યાય સામે એકજુટ થઈશું: ચૈતર વસાવા

# નર્મદા : સાગબારાના ઓલગામ ખાતે જંગલ જમીનનું ખેડાણ કરતા ખેડૂતોને અને ઉકાઈ ડેમમાં પ્લોટીંગ સોલાર પ્રોજક્ટના અસરગ્રસ્તોની AAP ધારાસભ્ય ચૈતર વસાવાએ મુલાકાત લીધી

(એજન્સી) અમદાવાદ/નર્મદા/ભરૂચ તા.29



નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના ઓલગામ ખાતે જંગલ જમીનનું ખેડાણ કરતા ખેડૂતોને અને ઉકાઈ ડેમમાં પ્લોટીંગ સોલાર પ્રોજક્ટના અસરગ્રસ્તોની AAP ધારાસભ્ય ચૈતર વસાવાએ મુલાકાત લીધી હતી. ધારાસભ્ય ચૈતર વસાવાએ લોકો સમક્ષ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, 1500 મેગાવોટનો જે સોલાર પ્રોજેક્ટ મંજૂર થયો છે, એ મુદ્દે આપણા લોકો વિરોધ કરવા ગયા તો તેમના પર FIR કરીને 18 લોકોને પૂરી દેવામાં આવ્યા. આપણે તમામ લોકોએ હવે એક થવું પડશે, સોલાર પ્રોજેક્ટ, સાપુતારાથી સ્ટેચ્યુ ઓફ યુનિટીનો કોરીડોર, હાઈસ્પીડ કોરિડોર, હાઉસિંગ સોસાયટી, અભ્યારણ સહિત આવા અનેક પ્રોજેક્ટ આવવાના છે. ત્યારે આપણી આવનારી પેઢીનાં બાળકો માટે જમીન અને જંગલ બચે અને બંધારણમાં આપણને જે અધિકારો મળ્યા છે એને બચાવવા માટે આપણે તમામ લોકોએ કાર્યરત રહેવું પડશે. જ્યારે પણ જરૂર પડશે ત્યારે ભેગા થવું પડશે, જ્યારે પણ લડવું પડશે, ત્યારે એક થઈને લડવું પડશે. એ પછી ઉકાઈવાળાને જરૂર હોય કે કેવડિયાવાળાને, આપણે સૌને ઉપસ્થિત રહેવું પડશે. કોઈ પણ જગ્યાએ આદિવાસીની જમીન છીનવવાની વાત થાય, ત્યાં એક આદિવાસી તરીકે ઉપસ્થિત રહીશું, અમે તમારી સાથે છીએ. તમારે કોઈ પણ આ પ્રકારની સમસ્યા હોય ત્યારે અમને જાણ કરજો, મારી આખી ટીમ તમારી સાથે છે. ગાંધીનગરમાં વિધાનસભાનાં બજેટ સત્રમાં પણ આખા ગુજરાતનાં આદિવાસીઓને આહવાન કરીશું અને તમને ન્યાય મળે ત્તે દિશામાં આપણે આગળ વધીશું. ધારાસભ્ય ચૈતર વસાવાએ વધુમાં જણાવ્યું હતું કે, ફક્ત સુરત અને તાપીના નહીં પરંતુ સમગ્ર ગુજરાતના લોકોને આપણે આહવાન કરીશું અને તમામ લોકોને ગાંધીનગર બોલાવીશું. બજેટ સત્રમાં ગાંધીનગરમાં આપણો એક કાર્યક્રમ થવો જોઈએ અને આપણે ત્યાં કોઈની સાથે લડવા માટે નથી જઈ રહ્યા, ફક્ત આપણી એકતા બતાવવા માટે અને માંગણીઓને લઈને જઈ રહ્યા છીએ. ગઈ વિધાનસભા દરમિયાન પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ મુદ્દે હું ત્રણ-ચાર હજાર વિદ્યાર્થીઓ સાથે વિધાનસભાનો ઘેરાવ કરવા ગયો હતો. ત્યારબાદ સરકારે જાહેરાત કરી અને શિષ્યવૃત્તિ શરૂ કરવાની વાત કરી. માટે આપણે આ રીતે એકતા બતાવવી પડશે. આપણે આપણા હકની લડાઈ માટે તૈયાર રહેવું પડશે આદિવાસી સમાજ અલગ અલગ રીતે લડત લડે એની જગ્યાએ એકજુટ થઈને એક બેનર હેઠળ ગાંધીનગર સુધી રજૂઆત પહોંચાડે એ રીતનું કામકાજ કરવું પડશે.

ધારાસભ્ય ચૈતર વસાવાએ વધુમાં જણાવ્યું હતું કે, આજે અંબાજીથી ઉમરગામનો વિસ્તાર હોય કે પછી છત્તીસગઢ, ઝારખંડ, ઓરિસ્સા, મિઝોરમ હોય, મેઘાલય હોય કે મણીપુર હોય, આ દરેક જગ્યાએ આજે આદિવાસી લોકો સંઘર્ષ કરે છે. મણીપુરમાં પણ જમીનોની લડાઈ ચાલી રહી છે. આ સિવાય છત્તીસગઢ, ઝારખંડ અને આસામમાં પણ જળ જંગલ જમીનની જ લડાઈ ચાલી રહી છે. હસદેવનું જંગલ એકી ધડાકે ખલાસ કરી નાખ્યું અને લાખો હેકટર જમીનો અદાણીને માઈનિંગમાં આપી દીધી. ગયા વર્ષે બેડાપાણી કરીને એક ગામ છે, ત્યાં 32 જેટલા ઝુંપડા તોડી નાખવામાં આવ્યા હતા, જંગલ ખાતાએ એ લોકોના ઝુંપડા સળગાવી મારીને અને ખોટી FIR કરીને લોકોને ત્યાંથી બહાર કાઢી દીધા હતા. એ લોકો સાથે મેં મુલાકાત પણ કરી હતી. પાડલીયામાં પણ પ્લાન્ટેશન કરવા માટે તેઓ 13 તારીખે સવારે 10:00 વાગ્યે વનકર્મીઓ પુરા પોલીસના કાફલા સાથે ગયા. પોલીસ પૂરી તૈયારી સાથે ડંડા લઈને અને હેલ્મેટ પહેરીને ગયા હતા અને ત્યાં આદિવાસી સમાજના આગેવાનો શાંતિથી કહેતા હતા કે "આ જમીન અમને સનદોમાં મળી છે અને પેઢીઓથી લોકો અહીંયા વસે છે" છતાં પણ જે કૂવામાંથી લોકો પાણી પીતા હતા તે કુવાને બંધ કરી દીધો. પ્લાન્ટેશનના નામે એ બહેનનું ઘર પાડી દીધું. ત્યારબાદ ત્યાં રહેલા આપણા આગેવાનો બોલવા ગયા ત્યારે તે લોકોને પકડીને બળજબરીપૂર્વક પોલીસ લઈ જતી હતી અને જ્યારે ગામના લોકો વચ્ચે પડ્યા તો પોલીસે લાઠીચાર્જ કર્યો, 27 ટીઅર ગેસના સેલ છોડ્યા અને 50 રાઉન્ડ ફાયરિંગ કર્યું. તો સવાલ થાય છે કે જંગલ ખાતાને આટલો બધો પાવર કોણ આપે છે? તો હકીકતમાં એમના ઉદ્યોગપતિઓ નેતાઓને આગળ કરે છે અને નેતાઓ અધિકારીઓને દબાણ કરતા હોય છે અને આ રીતે જમીનો ખાલી કરાવાતી હોય છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# જૂનાગઢમાંથી કતલખાનું ઝડપાયું : 12 શખ્સની ધરપકડ

## ઢાલ રોડ પર રહેણાંક વિસ્તારમાં ચાલતા ગેરકાયદે કતલખાના પર ક્રાઈમ બ્રાન્ચની રેડ: 31 પશુને ઉગાર્યા

(એજન્સી) જુનાગઢ | તા. 29

શહેરના ગીચ રહેણાંક વિસ્તારોમાં ગેરકાયદેસર રીતે ચાલતી પ્રવૃત્તિઓ ડામવા માટે જૂનાગઢ પોલીસે કમર કસી છે. જૂનાગઢ રેન્જ આઈજી નિલેશ જાજડીયા અને એસપી સુબોધ ઓડેદરાની સૂચના હેઠળ ક્રાઈમ બ્રાન્ચે વહેલી સવારે શહેરના ઢાલ રોડ અને પાડાવાલા ચોક વિસ્તારમાં સર્જિકલ સ્ટ્રાઈક જેવી કામગીરી કરી હતી. રહેણાંક મકાનો અને ડેલાઓની આડમાં ધમધમતા કતલખાના પર ત્રાટકેલી પોલીસે ક્રૂરતાના મોઢામાંથી 31 અબોલ જીવોને બચાવી લીધા છે. પાડાવાલા ચોકના રહેણાંક મકાનોમાં અમુક શખ્સો કોઈપણ પરવાનગી કે લાયસન્સ વગર પશુઓની કતલ કરી રહ્યા છે. આ હકીકતને આધારે એલસીબી પીએસઆઈ પી.કે. ગઢવી, ડી.કે. પટેલ અને એસઓજી પીએસઆઈ ડી.કે. સરવૈયાની અલગ-અલગ ટીમો બનાવી વહેલી સવારથી જ આ વિસ્તારોને



ઘેરી લેવામાં આવ્યા હતા. રેડ દરમિયાન પોલીસને સ્થળ પરથી અત્યંત ભયાનક દ્રશ્યો જોવા મળ્યા હતા, જ્યાં પશુઓને ઘાસચારા કે પાણી વગર ટૂંકા દોરડાથી બાંધી કતલ કરવાની તૈયારી રાખવામાં આવી હતી. પોલીસે ઘટનાસ્થળેથી 1 ભેંસ, 23 પાડા, 4 પાડી અને 3 બકરી મળી કુલ 31 પશુ જીવને જીવતા બચાવ્યા છે. આ પશુઓને તાત્કાલિક સુરક્ષિત કરવા માટે જૂનાગઢ મહાનગરપાલિકા સંચાલિત ઢોરવાડા ખાતે મોકલી આપવામાં આવ્યા છે. આ ઉપરાંત, પોલીસે સ્થળ પરથી 1050 કિલો માસ જેની કિંમત 2,10,000 ચામડા અને હોજરીનો કચરો, 9 કુહાડી, 14 છરી, 2 વજન કાંટા, હિસાબની ડાયરી, 70,000 રોકડ અને 10 મોબાઈલ ફોન સહિત કુલ 5,48,600નો મુદ્દામાલ કબજે કર્યો છે.

આ ગુનામાં પોલીસે કુલ 12 શખ્સોની ધરપકડ કરી છે. જેમાં મકબુલ કાલુભાઈ ખંભાતી, અનીશ મહમદહુસેન બેલીમ, આકીબ અહેમદભાઈ બેલીમ, અફરોઝ મકબુલભાઈ ખંભાતી, નઈમ હનીફભાઈ કચરા, અકીલ કાલુભાઈ બેલીમ, મુનાવર ઈબ્રાહીમભાઈ બેલીમ, ગુલ્લુભાઈ ઈબ્રાહીમભાઈ બેલીમ, ફઝલ નજીરભાઈ બેલીમ, સાજીદ ઈબ્રાહીમભાઈ બેલીમ, એઝાઝ અહેમદભાઈ બેલીમ અને દાઉદભાઈ સકુરભાઈ મેમણનો સમાવેશ થાય છે. આ તમામ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા 2023ની કલમ 325, 292, 54 તેમજ પશુ ક્રૂરતા નિવારણ અધિનિયમ અને ગુજરાત પ્રાણી સંરક્ષણ કાયદા હેઠળ એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

### એક્સ. કમિટી તપાસ કરશે, 21 સુધી ખાણકામ બંધ રહેશે

# અરવલ્લી કેસ: SCએ પોતાના જ આદેશ પર રોક લગાવી



(એજન્સી) અરવલ્લી| તા. 29

અરવલ્લી પર્વતમાળાને લગતા વિવાદ વચ્ચે, સુપ્રીમ કોર્ટે પોતાના જ આદેશ પર સ્ટે આપ્યો છે. આગામી સુનાવણી 21 જાન્યુઆરી, 2026ના રોજ થશે. ત્યાં સુધી ખાણકામ પર પ્રતિબંધ રહેશે. કોર્ટે એક્સપર્ટ્સ કમિટી દ્વારા તપાસનો આદેશ આપ્યો છે.આ માટે એક ઉચ્ચ સ્તરીય કમિટીની રચના કરવામાં આવશે.આ કમિટી હાલની એક્સપર્ટ્સ કમિટીના અહેવાલનું વિશ્લેષણ કરશે અને પછી સંબંધિત મુદ્દાઓ પર કોર્ટને ભલામણ કરશે.

સુપ્રીમ કોર્ટે આજે (સોમવારે) અરવલ્લી પર્વતમાળાના વિવાદ પર સુનાવણી કરી. જસ્ટિસ સૂર્યકાન્તે આદેશ આપ્યો છે કે નિષ્ણાત સમિતિની ભલામણો અને તેના પર સુપ્રીમ કોર્ટ દ્વારા કરવામાં આવેલી વધુ ટિપ્પણીઓ હાલ પૂરતું સ્થગિત (abeyance) રહેશે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે આ ભલામણો આગામી સુનાવણી સુધી લાગુ કરવામાં આવશે નહીં.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને જણાવ્યું હતું કે આ કેસમાં કોર્ટના આદેશો, સરકારની ભૂમિકા અને સમગ્ર પ્રક્રિયા અંગે ઘણી ગેરસમજો ફેલાવવામાં આવી રહી છે. આ ગેરસમજો દૂર કરવા માટે એક નિષ્ણાત સમિતિની રચના કરવામાં આવી હતી. સમિતિએ પોતાનો અહેવાલ રજૂ કર્યો, જેને કોર્ટે સ્વીકાર્યો હતો. કોર્ટે કહ્યું - કોર્ટની ટિપ્પણીઓનું ખોટું અર્થઘટન કરવામાં આવી રહ્યું છે

CJI સૂર્યકાંતે કહ્યું કે કોર્ટને એવું પણ લાગ્યું કે એક્સપર્ટ્સ કમિટીના અહેવાલ અને તેના આધારે કોર્ટ દ્વારા કરવામાં આવેલા કેટલાક અવલોકનોનું ખોટું અર્થઘટન કરવામાં આવી રહ્યું છે. CJIએ સંકેત આપ્યો કે આ ગેરસમજોને દૂર કરવા માટે સ્પષ્ટતાની જરૂર પડી શકે છે.

જેથી કોર્ટના ઈરાદા અને તારણો વિશે કોઈ મૂંઝવણ ન રહે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે એક્સપર્ટ્સ કમિટીના અહેવાલ અથવા કોર્ટના નિર્ણયને લાગુ કરતા પહેલા, નિષ્પક્ષ અને સ્વતંત્ર મૂલ્યાંકન જરૂરી છે જેથી ઘણા મહત્વપૂર્ણ પ્રશ્નો પર સ્પષ્ટ દિશા મળી શકે.

### CJI એ કહ્યું કે કોર્ટ આ જાણવા માંગે છે.

- શું અરવલ્લીની વ્યાખ્યાને ફક્ત 500 મીટરના દાયરા સુધી સીમિત કરવાથી સંરક્ષણ ક્ષેત્ર સંકોચાઈ જાય છે અને તેનાથી એક પ્રકારનો માળખાકીય વિરોધાભાસ ઊભો થાય છે?
- શું આ વ્યાખ્યાને કારણે નોન-અરવલ્લી વિસ્તારોમાં નિયંત્રિત ખાણકામનો વ્યાપ વધી ગયો છે?
- જો બે અરવલ્લી ક્ષેત્રો 100 મીટર કે તેથી વધુના હોય અને તેમની વચ્ચે 700 મીટરનો અંતર (ગેપ) હોય, તો શું તે ગેપમાં નિયંત્રિત ખાણકામની મંજૂરી આપી શકાય?
- આ સમગ્ર પ્રક્રિયામાં પારિસ્થિતિક સાતત્યતા (ecological continuity) ને કેવી રીતે સુરક્ષિત રાખવામાં આવશે?
- જો નિયમોમાં કોઈ મોટો નિયમનકારી શૂન્યતા (regulatory lacuna) સામે આવે, તો શું અરવલ્લી પર્વતમાળાની માળખાકીય મજબૂતી જાળવી રાખવા માટે એક વ્યાપક મૂલ્યાંકન જરૂરી બનશે?
- CJI એ કહ્યું કે કોર્ટે પહેલાથી જ સંકેત આપ્યો છે કે આ પ્રશ્નો પર ઊંડાણપૂર્વક વિચારણા જરૂરી છે. આને ધ્યાનમાં રાખીને, સુપ્રીમ કોર્ટે નિષ્ણાતોની એક ઉચ્ચ સત્તાવાળી સમિતિ બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ સમિતિ હાલની નિષ્ણાત સમિતિના અહેવાલનું વિશ્લેષણ કરે અને આ મુદ્દાઓ પર સ્પષ્ટ સૂચનો આપે.
- ચીફ જસ્ટિસ સૂર્યકાંતની વેકેશન બેન્ચમાં કેસની સુનાવણી ચાલી રહી છે. જમીનથી 100 મીટર કે તેથી વધુ ઊંચાઈવાળી ટેકરીઓને જ અરવલ્લી માનવાની નવી વ્યાખ્યાનો વિરોધ થઈ રહ્યો છે. આ મુદ્દે સુપ્રીમ કોર્ટે સુઓમોટો કર્યો છે. CJIના વેકેશન કોર્ટમાં આ મામલો પાંચમા નંબરે લિસ્ટેડ હતો.

સુપ્રીમ કોર્ટ આજે અરવલ્લી પર્વતોમાં ખાણકામ સંબંધિત સુઓમોટો કેસની સુનાવણી કરી. CJIની અધ્યક્ષતામાં ત્રણ જજોની બેન્ચ આ કેસની સુનાવણી કરી.

## ન્યૂઝ ફ્લેશ

### અભયમ ટીમે દોઢ મહિને માતા-બાળકીનું મિલન કરાવ્યું

સુરેન્દ્રનગર | ગુજરાત સરકારની 181 અભયમ મહિલા હેલ્પલાઇન ટીમે સુરેન્દ્રનગર જિલ્લામાં દોઢ મહિનાથી વિખૂટી પડેલી પોણા બે વર્ષની બાળકીનું તેની માતા સાથે મિલન કરાવ્યું છે. પારિવારિક વિવાદના કારણે વિખરાયેલા પરિવારને અભયમ ટીમે કાઉન્સેલિંગ દ્વારા ફરી એક કર્યો હતો, જેનાથી પતિ-પત્ની વચ્ચેના વિવાદનો સુખદ અંત આવ્યો.

સુરેન્દ્રનગરની એક મહિલાના લગ્નને ત્રણ વર્ષ થયા હતા. સંયુક્ત પરિવારમાં મકાન બનાવવા બાબતે પતિ-પત્ની વચ્ચે અવારનવાર ઝઘડા થતા હતા. ત્રણ ભાઈઓ વચ્ચે વારાફરતી મકાન બનાવવાના નિર્ણયને લઈને થયેલા વિવાદ બાદ, મહિલા છેલ્લા દોઢ મહિનાથી રિસાઈને પોતાના પિયર રહેવા ચાલી ગઈ હતી. આ વિવાદમાં બાળકીના પિતાએ પોણા બે વર્ષની દીકરીને પોતાની પાસે રાખી લીધી હતી અને માતાને સોંપવાનો ઈનકાર કર્યો હતો.

દીકરીથી વિખૂટા પડ્યા બાદ માતાએ 181 અભયમ હેલ્પલાઈનની મદદ માંગી હતી. કોલ મળતા જ અભયમની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ટીમે તણાવપૂર્ણ સ્થિતિ જોઈ, પરંતુ કુશળ કાઉન્સેલિંગ દ્વારા બંને પક્ષોને સાંભળ્યા હતા. અભયમ ટીમે મહિલાના પતિ અને પરિવારના વડીલોની હાજરીમાં કાયદાકીય સમજણ આપી હતી. કાઉન્સેલિંગ દરમિયાન પતિને પોતાની ભૂલ સમજાઈ હતી અને બાળકીને માતાની જરૂરિયાતનો અહેસાસ થયો હતો.

### બંધ મકાનો -વાડામાંથી 4 લાખથી વધુનો મુદ્દામાલ ચોરાયો

અમરેલી | અમરેલી જિલ્લાના વડીયા પંથકમાં તસ્કરો ફરી સક્રિય બન્યા છે. શિયાળાની કડકડતી ઠંડી વચ્ચે ત્રણ અલગ-અલગ ચોરીની ઘટનાઓ નોંધાઈ છે, જેમાં કુલ 4 લાખ રૂપિયાથી વધુની મત્તાની ચોરી થઈ હોવાનું સામે આવ્યું છે. પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે.

વડીયાના કોલડા ગામમાં રહેતા રંજનબેન મનસુખભાઈ સોંદરવાએ તેમના બંધ મકાનમાં ચોરીની ફરિયાદ નોંધાવી છે. અજાણ્યા ઈસમોએ ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી, તાળા તોડી સોના-ચાંદીના દાગીના અને રોકડ 64,000 રૂપિયા સહિત કુલ 3,45,200 રૂપિયાની મત્તાની ચોરી કરી હતી. આ ઉપરાંત, વડીયાના સનાળા ગામમાં અશ્વિનભાઈ પોપટભાઈ સોરઠીયાના રહેણાંક મકાનના વાડામાંથી 10,000 રૂપિયાની કિંમતનું ભેંસનું પાડી ચોરી થયું હતું. તસ્કરો દોરડું તોડી પાડીને લઈ ગયા હતા. કોલડા ગામમાં જ ચતુરભાઈ વલ્લભભાઈ કીકાણીના મકાનમાં પણ ચોરી થઈ હતી. મુખ્ય દરવાજાનું તાળું તોડી, રૂમમાં રહેલા લોખંડના કબાટમાંથી 35,000 રૂપિયા રોકડા અને ચાંદીની માળા સહિત કુલ 43,700 રૂપિયાના સોના-ચાંદીના દાગીનાની ચોરી થઈ હતી.

જિલ્લા પોલીસ વડાની સૂચના બાદ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) અને સ્થાનિક પોલીસ સ્ટેશનના અધિકારીઓ-કર્મચારીઓ દ્વારા ચોરી કરતી ગેંગોને પકડવા માટે શોધખોળ શરૂ કરવામાં આવી છે.

# નર્મદાનું પાણી ન મળતા ક્ષારયુક્ત પીવા મજબૂર

## દોઢ કરોડના બંગલામાં રહેતાં 100થી વધુ પરિવારના પાણી માટે વલખા : સાંધાના દુખાવા, વાળ ખરવા સહિતની સમસ્યા શરૂ...

મહેસાણા | મહેસાણાના રાધનપુર રોડ પર કાશી વિશ્વનાથ મંદિર પાછળ આવેલ સી લિંક રોડ પરની છેવાડાની પ્રાર્થના પરિસર સહિતની સોસાયટીઓ રહીશો પીવાના પાણી માટે વલખા મારી રહ્યાં છે. આ વિસ્તારમાં નર્મદાની પાઈપલાઈન નાખવામાં આવી હોવા છતાં છેલ્લા બે-અઢી વર્ષથી લોકોને પીવાનું મીઠું પાણી નસીબ થયું નથી. આ પરિણામે 1 કરોડથી 1.50 કરોડ જેવા મોંઘા મકાનોમાં રહેતા અને તંત્રને ટેક્સ ચૂકવતા પરિવારો આજે ઊંચા TDS વાળું અને ક્ષારયુક્ત બોરનું પાણી પીવા મજબૂર બન્યા છે.

પ્રાર્થના પરિસરમાં 214 મકાન પૈકી હાલ 100થી વધુ પરિવારોનો વસવાટ છે. પ્રાર્થના સહિત કેટલીક સોસાયટીઓમાં છેક તિરૂપતિ શાહીબાગ તરફના સમ્પથી અક્ષત ચોક થઈ નર્મદાનું પાણી અપાય છે, જેથી છેવાડાની સોસાયટીઓના સમ્પ સુધી પાણી પહોંચતું જ નથી. અહીંયા વસવાટ કરતા લોકો હાલમાં નર્મદાનું પાણી ન મળતું હોવાથી દોઢ કિલોમીટર દૂર સુધી કેરબા લઈ પાણી લેવા જવા મજબૂર બન્યા છે. લોકોની એકજ માગ છે કે, જેમ બને એમ નર્મદાનું મીઠું પાણી અમને આપવામાં આવે.

સી લિંક રોડ પર પ્રાર્થના પરિસરની સોસાયટી છે. આખા સી લિંક રોડ પર નર્મદાની પાણીની પાઈપ લાઈન નાખેલી છે, તેમ છતાં અહીંયા પાણીનો પૂરવઠો આવતો નથી. હાલ અહીંની સોસાયટી અને આજુબાજુની સોસાયટીના લોકો એકદમ ઊંચા TDS વાળું બોરના પાણી પીવે છે, જેનાથી શારીરિક સમસ્યા પણ થવા લાગી છે. પાણીની જે લાઈનો મકાનની અંદર ફિટ કરેલ છે, એની અંદર પણ ક્ષાર આવી ગયો છે. ક્ષારના કારણે બોરનું પાણી ઘરમાં આવી શકતું નથી. આ બાબતે અમે તંત્રને અનેકવાર લેખિત અને મૌખિક રજૂઆત કરી પણ કોઈ સાંભળતું નથી.

વધુમાં ઉમેર્યું કે, જો નવી પાઈપલાઈન નાખે અને આ સોસાયટીને પાણી મળે તેવી તંત્ર સગવડ કરી આપે. સત્તાધીશો પાસે નાણાંની પૂરતી સગવડ છે. મહાનગરપાલિકા બની છે, સરકારે પુરી ગ્રાન્ટ પણ આપી છે તો નવી પાઈપલાઈન નાખવામાં આવે. અમારી સોસાયટી છેલ્લા વિભાગમાં આવેલી છે. અહીંયા કરોડથી દોઢ કરોડ રૂપિયાના મકાનો લોકોએ લીધા છે, એમ છતાં પાણી જેવી સગવડ મળતી નથી.

અન્ય રહીશ ભગવાન પટેલે જણાવ્યું કે, અમારી સોસાયટીમાં માગણી કરવા છતાં હજુ સુધી પીવાનું પાણી આવ્યું નથી. છેલ્લા બે-અઢી વર્ષથી અમે લોકો અહીં વસવાટ કરીયે છીએ, પણ સારું પીવાનું પાણી અમને મળતું નથી. બોરનું પાણી આવે છે, પણ બહુ ખારું પાણી આવે છે. અહીંયા બે વર્ષ પહેલા પાણીની લાઈન નાખી છે, પણ પાણી આવતું જ નથી. આજુબાજુ ક્યાંક નીચું હોઈ ત્યાં પાણી જતું રે છે. સોસાયટીમાં દરેકને સારું પીવાનું પાણી મળે એવી માગ છે.



### સોસાયટીની સંખ્યા વધી પણ સુવિધા નહિ!

આ વિસ્તારમાં 50 લાખ લિટરનો સમ્પ બન્યો ત્યારે 75 સોસાયટી હતી, હાલ 138 થઈ ગઈ છે. પાંચોટ હદમાં આવતા સી લિંક વિસ્તારમાં 2014-15માં રાજધાની નજીક 50 લાખ લિટર પાણીની ક્ષમતાનો સમ્પ બનાવાયો હતો અને તેમાંથી નર્મદાનું પાણી તે વખતે વિસ્તારની 75 સોસાયટીઓમાં અપાતું હતું. પાછલા 10 વર્ષમાં સોસાયટીઓ વધીને 138 થઈ છે, એટલે છેવાડા સુધી નર્મદાનું પાણી પૂરતું પહોંચતું નથી. નર્મદાનું વધુ પાણીની ડિમાન્ડ મંજૂર થાય ત્યારે સી લિંક વિસ્તારમાં નવો સમ્પ બનાવવાનું આયોજન થશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

## પાલનપુર નજીક લક્ઝરી બસ પલટી: મુસાફરોને સામાન્ય ઈજા



(એજન્સી) બનાસકાંઠા | તા. 29

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર નજીક ચિત્રાસણી હાઈવે પર મોડી રાત્રે એક લક્ઝરી બસ પલટી ગઈ હતી. જોધપુરથી ગોવા જઈ રહેલી આ બસના અકસ્માતમાં સદનસીબે કોઈ મોટી જાનહાનિ થઈ નથી.

પ્રાથમિક માહિતી અનુસાર, બસ ચાલકે સ્ટેયરિંગ પરનો કાબુ ગુમાવતા બસ રસ્તા પરથી નીચે ઉતરીને પલટી મારી હતી. આ ઘટના રાત્રીના સમયે બની હતી. બસમાં સવાર ચારથી પાંચ મુસાફરોને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. તેમને ઘટનાસ્થળે જ પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. અન્ય મુસાફરોનો આબાદ બચાવ થયો હતો. અકસ્માતની જાણ થતા જ પાલનપુર તાલુકા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# સુરતમાં જીવ બચાવવા દંપતીની બીજા માળેથી પુકાર

## નક્ષત્ર સોલેટર કોમ્પલેક્ષના ગ્રાઉન્ડ ફ્લોરની આગ બેનરના કારણે ચોથા માળે પહોંચી, બે હોટલ સહિત 14 દુકાનને નુકસાન

(એજન્સી) સુરત | તા. 29

સુરત શહેરમાં પાલનપુર કેનાલ રોડ પર આવેલા નક્ષત્ર સોલેટર કોમ્પલેક્ષમાં ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી ખુરશી સોફાની દુકાનમાં મોડી રાત્રે અચાનક આગ ભભૂકી ઉઠી હતી. ગ્રાઉન્ડ ફ્લોર પર દુકાનમાં લાગેલી આગ બહારની સાઈડ લગાવેલા બેનરના કારણે ચોથા માળ સુધી પહોંચી ગઈ હતી. જેમાં 14 જેટલી દુકાનો સહિત એક હોટલ પણ ઝપેટમાં આવી ગઈ હતી. દંપતી સહિત 7 જેટલા લોકો ફસાઈ ગયા હતા. જેમણે ફાયરના જવાનોને રેસ્ક્યુ કરી બહાર કાઢ્યા હતા. ફાયર વિભાગે અઢી કલાકે આગ પર કાબુ મેળવ્યો હતો.

મળતી માહિતી પ્રમાણે, પાલનપુર કેનાલ રોડ પર આવેલા નક્ષત્ર સોલેટરમાં ગ્રાઉન્ડ ફ્લોર પર ખુરશી સોફાની દુકાન આવેલી છે. જેમાં મોડી રાત્રિના સમયે અચાનક આગ ફાટી નીકળી હતી. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. જેથી આગ દુકાન બહાર લગાવેલા બેનરના કારણે ગ્રાઉન્ડ ફ્લોરથી ચોથા માળ સુધી પ્રસરી ગઈ હતી. જેના કારણે અફરાતફરીનો માહોલ સર્જાઈ ગયો હતો.

ઘટના અંગે જાણ થતા ચાર ફાયર સ્ટેશનની 7થી વધુ ગાડી ઘટના સ્થળે દોડી ગઈ હતી. ફાયર વિભાગના જવાનો દ્વારા પાણીનો મારો ચલાવીને આગ પર કાબુ મેળવવાની સાથે આગના કારણે દુકાન અને હોટલમાં ફસાયેલાનું રેસ્ક્યુ કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી. દુકાનોની ઉપર આવેલી બે હોટલમાં રોકાયેલા એક વૃધ્ધા અને કર્મચારી સહિત 7 જેટલી વ્યક્તિઓને ફાયરની ટીમે રેસ્ક્યુ કરી સલામત નીચે ઉતારી લીધા હતા.

જ્યારે દંપતી ત્રીજા માળેથી ફાયર એક્ઝીટમાંથી પાછળની સાઈડ જીવ બચાવવા નીકળી ગયું હતું. જેને લેડરથી સલામત નીચે ઉતરી લેવામાં આવ્યા હતા. ગ્રાઉન્ડ ફ્લોર પર ખુરશી સોફાની દુકાનમાં ગાદલા અને ખુરશી તેમજ ફોમ સહિતના જ્વલનશીલ સામાનના કારણે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને ગ્રાઉન્ડ ફ્લોર પર લાગેલી આગ દુકાનની બહાર લગાવેલા બેનરોના કારણે ચોથા માળ સુધી પહોંચી ગઈ હતી. આ આગની અંદર બે હોટલ સહિત 14 જેટલી દુકાનો આગની ઝપેટમાં આવી હતી. જેના પગલે દુકાનોમાં ભારે નુકસાન થયું છે.

આગના આ બનાવવામાં સોફા ખુરશી, ફોમ, બ્યુટી પાર્લર સહિતની દુકાનોને નુકસાન થયું હતું. સદનસીબે આગના બનાવવામાં કોઈને ઈજા કે જાનહાનિ થઈ ન હતી. આગ પર કાબૂ મેળવવા ફાયરે હજારો લીટર પાણીનો મારો ચલાવ્યો હતો.

ફાયર વિભાગના જવાનો દ્વારા આગ પર કાબુ મેળવતા અઢી કલાક જેટલો સમય લાગ્યો હતો. સમગ્ર આગની ઘટનામાં કોઈ પણ પ્રકારની જાનહાનિ થતા સૌ કોઈએ રાહતનો શ્વાસ લીધો હતો.

### મિલકત લખાવી લીધા બાદ માનસિક ત્રાસ આપ્યાનો આક્ષેપ, સામાજિક સંસ્થા વૃદ્ધાની વ્હારે આવી

# દીકરીના ત્રાસથી વૃદ્ધ માતા વૃદ્ધાશ્રમમાં રહેવા મજબૂર

(એજન્સી) સુરત | તા 29

સુરત શહેરમાંથી નાત-જાતના સંબંધોને લાંછન લગાડતો એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં એક વૃદ્ધ માતાને પોતાની જ સગી દીકરી અને પુત્રોના ત્રાસને કારણે વૃદ્ધાશ્રમનો આશરો લેવાની નોબત આવી છે. માતાને માનસિક ત્રાસ આપી, તેમની મિલકત લખાવી લીધા બાદ તરછોડી દીધાની ઘટનાએ સમગ્ર પંથકમાં ચકચાર મચાવી છે. આ મામલે વુમન ઈમ્પ્રુવમેન્ટ ચેરીટેબલ ટ્રસ્ટની ટીમ દ્વારા લસકાણા પોલીસને સાથે રાખી વૃદ્ધાના ઘરે પહોંચ્યા હતા. ત્યારબાદ વૃદ્ધાને વૃદ્ધાશ્રમમાં આશરો આપવામાં આવ્યો છે.

મળતી વિગત મુજબ, વૃદ્ધા સુરતના વાલક વિસ્તારમાં આવેલી રેસિડેન્સીમાં પોતાની દીકરી સાથે રહેતા હતા. દીકરીના છૂટાછેડા થઈ ગયા હોવાથી તે લાંબા સમયથી માતાના ઘરે જ રહેતી હતી. જોકે, આશરો આપનાર માતા પર જ દીકરીએ પહાડ જેવા દુઃખો આપવાનું શરૂ કર્યું હતું. આક્ષેપ છે કે, દીકરી અને તેના ભાઈઓએ સાથે મળીને માતાની તમામ મિલકતો પોતાના નામે



કરાવી લીધી હતી. માતાની પ્રોપર્ટી વેચીને જે રકમ આવી તેમાંથી સુરતમાં મકાન લેવામાં આવ્યું હતું. આ મકાનના ભાડાની આવકથી જ સંતાનો પોતાનું ગુજરાન ચલાવતા હતા, પરંતુ જે માતાના કારણે આ વૈભવ મળ્યો, તે જ માતાને બે ટંકનું જમવાનું કે સન્માન આપવાને બદલે દીકરી માનસિક ત્રાસ આપતી હતી. દીકરી દરરોજ તેની માતાને મન ફાવે તેવા અપશબ્દો કહી અપમાનિત કરતી હતી. મિલકત પડાવી લીધા બાદ માતા ઘરમાંથી નીકળી જાય તે માટે સતત દબાણ કરવામાં આવતું હતું.

દીકરીના અસહ્ય ત્રાસથી કંટાળીને અંતે હારેલા માતાએ મદદની ગુહાર લગાવી હતી. વૃદ્ધાએ 'વુમન ઈમ્પ્રુવમેન્ટ ચેરીટેબલ ટ્રસ્ટ' ના ચેતનાબેનનો સંપર્ક સાધ્યો હતો. ગંભીરતા સમજીને ચેતનાબેન તુરંત 'લોક સેવા સદભાવના વૃદ્ધાશ્રમ' ના ગુણવંતભાઈને સાથે રાખીને વૃદ્ધાના ઘરે પહોંચ્યા હતા. આ સાથે પોલીસને પણ સાથે રાખવામાં આવ્યા હતા. ત્યાંની પરિસ્થિતિ જોયા બાદ અને વૃદ્ધાની આપવીતી સાંભળ્યા બાદ, બંને સામાજિક કાર્યકરોએ તેમને સુરક્ષિત જગ્યાએ ખસેડવાનો નિર્ણય લીધો હતો. અંતે વૃદ્ધાને આ ગૂંગળામણભર્યા વાતાવરણમાંથી મુક્ત કરાવી લોક સેવા સદભાવના વૃદ્ધાશ્રમ માં આશરો આપવામાં આવ્યો છે.

લોકસેવા સદભાવના વૃદ્ધાશ્રમના પિયુષભાઈ સાવલિયાએ જણાવ્યું હતું કે, લોકસેવા સદભાવના વૃદ્ધાશ્રમની અંદર આજે આ માતાને અહીંયા લઈને આવ્યા છીએ. માતાની કહાની એવી છે.

# ધોલેરા હાઈવે પર અકસ્માત : મહારાષ્ટ્ર પાસિંગની ગાડીએ ટક્કર મારતા 1નું મોત

(એજન્સી) ભાવનગર | તા. 29

ભાવનગર-અમદાવાદ રોડ પર ધોલેરા હાઈવે પર ગઈકાલે સાંજે એક કરુણ અકસ્માત સર્જાયો હતો, જેમાં એક વ્યક્તિનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે, જ્યારે અન્ય એક વ્યક્તિની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

આ બનાવ અંગે જાણવા મળતી વિગતો અનુસારગઈકાલે સાંજે આશરે 4:30 કલાકે અબ્દુલ રજ્જાકબીન મહમદભાઈ આરબ તથા અબ્દુલ સમદબીન હસનભાઈ યમની બંને સફેદ કલરની એક્સેસ ગાડી લઈને ધોલેરા જઈ રહ્યા હતા, ત્યારે ધોલેરા હાઈવે સર્કલ પાસે વળાંક લેતી વખતે સામેથી આવતી મહારાષ્ટ્ર પાસિંગની સફેદ રંગની ઈનોવા ગાડીએ તેમને જોરદાર ટક્કર મારી હતી, અકસ્માત બાદ 108 એમ્બ્યુલન્સ મારફતે બંને ઈજાગ્રસ્તોને સર ટી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અબ્દુલ



રજ્જાકબીનને પગના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી, જ્યારે અબ્દુલ સમદબીનને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી, જ્યાં સર ટી હોસ્પિટલમાં ટૂંકી સારવાર બાદ અબ્દુલ સમદબીન હસનભાઈ ઉ.મ.60 નું અવસાન થયું હતું. જ્યારે બીજા ઈજાગ્રસ્તની હાલત હજુ પણ નાજુક હોવાનું જાણવા મળ્યું છે અને તેઓ હાલ સર ટી હોસ્પિટલમાં જ સારવાર હેઠળ છે, આ ઘટના અંગે મૃતકના પુત્રએ માહિતી આપી હતી.

AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ

અમદાવાદ એક્સપ્રેસ
TUESDAY • 30-12-2025

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ, લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે.

**વૃષભ : બ. વ. ઉ.**

તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. જે લોકો ની અત્યાર સુધી પગાર નથી આવી તે લોકો પૈસા માટે પરેશાન રહી શકે છે અને પોતાના મિત્રો થી ઉધાર માંગી શકે છે.

**મિથુન : ક. છ. ઘ.**

તાણથી મુક્ત થવા માટે તમારો કીમતી સમય તમારા બાળકો સાથે વિતાવો. બાળકોમાં રહેલી ઈલાજની શક્તિની અનુભૂતિ તમને થશે. કેમ કે તેઓ આ પૃથ્વી પરના સૌથી આધ્યાત્મિક અને સંવેદનશીલ વ્યક્તિઓમાં છે.

**કર્ક : ડ. હ.**

સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. તમારું સંચિત ધન આજે તમારા કામ આવી શકે છે પરંતુ સાથે તમને આના જવા નું દુઃખ પણ થશે.

**સિંહ : મ. ટ.**

તમારા સ્વાસ્થ્ય ખાતર બૂમાબૂમ કરશો નહીં. આજે તમારા ઓફિસે માં તમારો કોઈ સહકર્મી તમારી વસ્તુ ચોરી કરી શકે છે તેથી આજે તમારે પોતાના સમાન નું ધ્યાન રાખવું જરૂરી છે. બાળકો તમારી માટે દિવસ મુશ્કેલ બનાવી શકે છે.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારું સંચિત ધન આજે તમારા કામ આવી શકે છે પરંતુ સાથે તમને આના જવા નું દુઃખ પણ થશે. એવો દિવસ જ્યારે તમારી માટે ખરાબ લાગણી ધરાવનારી વ્યક્તિ તમારી સાથેની ગેરસમજ દૂર કરવાનો તથા તમારી સાથે સમાધાન સાધવાનો પ્રયાસ કરશે.

**તુલા : ર. ત.**

એવો દિવસ જ્યારે આરામ મહત્વનો રહેશે- કેમ કે તમે હાલમાં જ ઘણા માનસિક પરિતાપનો સામનો કર્યો છે- આનંદ-પ્રમોદ અને મનોરંજન તમને હળવા થવામાં મદદ કરશે. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો.

**વૃશ્ચિક : ન. ય.**

આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. વિવિધ સ્થળેથી આર્થિક લાભ મળી રહેશે. જો તમારા મગજ પર તાણ હોય- તો તમારા સંબંધી અથવા નિકટના મિત્ર સાથે વાત કરો. કેમ કે તેનાથી તમારા માથા પરનો બોજ ઓછો થશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

હાલની ઘટનાઓને કારણે તમારૂં મગજ ખલેલ પામ્યું છે. આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ધ્યાન તથા યોગ લાભકારક સાબિત થશે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે.

**મકર : ખ. જ.**

તબિયતની ધ્યાન રાખવાની ચોક્કસ જરૂર છે. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. અણધારી જવાબદારીઓ આજના દિવસની તમારી યોજનાઓને ખોરવી નાખશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. ઘર ના જરૂરી સમાન પર ધન ખર્ચ કરી તમને આર્થિક પરેશાની તો આજે જરૂર થશે પરંતુ આના થી તમે ભવિષ્ય ની ઘણી પરેશાનીઓ થી બચી જશો.

**મીન : દ. ચ. ઝ. થ.**

ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. પરિણીત લોકો ને પોતાના સંતાન ની શિક્ષા ઉપર આજે વધારે ખર્ચ કરવું પડશે। તમે જેને ઓળખો છો.

### ભોજન સમારંભનો ઉત્સાહ માતમમાં ફેરવાયો

# બોટાદમાં બોલેરો પલટી ખાતા બે મોત પચીસ લોકો ઘાયલ, મુસ્લિમ પરિવાર અકસ્માતનો ભોગ બનતા સમગ્ર પંથક સ્તબ્ધ

(એજન્સી) બોટાદ | તા.29

શહેરના મિલિટ્રી રોડ પર આજે સવારના સુમારે એક અત્યંત હૃદયદ્રાવક અને કમકમાટીભર્યો માર્ગ અકસ્માત સર્જાયો છે. રાણપુરની વાડીમાં ભોજન સમારંભ માટે હસી-ખુશીથી જઈ રહેલો એક મુસ્લિમ પરિવાર કાળનો કોળિયો બન્યો હતો. પુરપાટ ઝડપે જઈ રહેલી બોલેરો પિકઅપ ગાડીના ચાલકે અચાનક સંતુલન ગુમાવી દેતા વાહન રસ્તા પર પલટી ખાઈ ગયું હતું. આ ભયાનક દુર્ઘટનામાં એક નિર્દોષ બાળકી અને એક મહિલાનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે, જ્યારે પરિવારના ૨૫ થી વધુ સભ્યોને નાની-મોટી ઈજાઓ પહોંચતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.પ્રાપ્ત વિગતો અનુસાર, બોટાદમાં રહેતા કાકા-દાદાના પરિવારના સભ્યો રાણપુર ગામની એક વાડીમાં જમવાના આયોજનમાં ભાગ લેવા નીકળ્યા હતા. પરિવારના અંદાજે ૨૬ જેટલા સભ્યો, જેમાં મહિલાઓ અને બાળકોની સંખ્યા વધુ હતી, તેઓ ભાડે કરેલી બોલેરો પિકઅપ ગાડીમાં સવાર થઈને મિલિટ્રી રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. જે સભ્યો થોડી ક્ષણો પહેલા હસી-મજાક કરી રહ્યા હતા, તેઓને ખ્યાલ પણ નહોતો કે આગળ મોત તેમની રાહ જોઈ રહ્યું છે. મિલિટ્રી રોડ પર અચાનક ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા વાહન પલટી ખાઈ ગયું હતું અને રસ્તો રક્તરંજિત બન્યો હતો.

નર્મદા જિલ્લાના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં જ્યારે સરકાર પાણી રોકવા માટે કરોડો રૂપિયા ખર્ચે છે, ત્યારે ભ્રષ્ટાચારી નેતા અને અધિકારીઓની મીલીભગત આ રૂપિયાને પોતાના ખિસ્સામાં રોકી લેતી હોય તેવું લાગી રહ્યું છે. ડેડીયાપાડા તાલુકાના મુલ્કાપાડા ગામે બનેલો લાખોનો ચેકડેમ તેનું જીવંત ઉદાહરણ છે. ગરીબ ખેડૂતો માટે જે યોજના આશીર્વાદ બનવી જોઈએ, તે આજે ભ્રષ્ટાચારની ગંગામાં વહી ગઈ છે. માત્ર બે થી ત્રણ વર્ષના ટૂંકા ગાળામાં જ ૨૦ લાખનો ખર્ચો 'પાણીમાં' જતો જોઈને ગ્રામજનોના હૃદયમાં રોષ વ્યાપ્યો છે. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના હેઠળ વર્ષ ૨૦૨૧/૨૨માં મુલ્કાપાડા મેઈન કોતરમાં અંદાજિત રૂ. ૨૦,૩૨,૨૮૩



ના ખર્ચે ચેકડેમ બનાવવામાં આવ્યો હતો. આ ચેકડેમની હાલત આજે એવી છે કે તેની સાઈડની દીવાલો સંપૂર્ણપણે ધરાશાયી થઈ ગઈ છે. વરસાદી પાણી રોકવાના બદલે આ ચેકડેમ હવે ભ્રષ્ટાચારના પુરાવા આપી રહ્યો છે.

ખેડૂતોનો આરોપ છે કે કામમાં હલકી ગુણવત્તાનું મટીરીયલ વાપરવામાં આવ્યું છે, જેને કારણે આટલી જલ્દી દીવાલો તૂટી પડી છે. જાણકારો જણાવે છે કે જ્યારે આ બાબતે મીડિયા દ્વારા સ્થાનિક તલાટી કમ મંત્રી વસંતભાઈ વસાવા પાસે વિગતો માંગવામાં આવી, ત્યારે તેમણે માહિતી આપવાનો સાફ ઈનકાર કરી દીધો હતો.

તલાટી મંત્રીનું આ મૌન અને માહિતી છુપાવવાની વૃત્તિ જ શંકાને મજબૂત બનાવે છે. જો કામ પારદર્શક હોય તો માહિતી આપવામાં ડર શેનો? સ્થાનિક લોકો પૂછી રહ્યા છે કે શું ઉપરથી દબાણ છે કે પછી મંત્રી પોતે પણ આ કૌભાંડમાં સામેલ છે? ડેડીયાપાડાના અનેક ગામોમાં ચેકડેમોની સ્થિતિ આવી જ છે. જો આ ચેકડેમના ખર્ચ બાબતે ઊંડાણપૂર્વક અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે, તો અનેક મસમોટા ભ્રષ્ટાચારના માથાઓ બહાર આવે તેમ છે.

# ખાખીમાં છુપાયેલું સ્નેહનું ઝરણું: 42 વર્ષ પછી નખત્રાણામાં મિત્રમિલાપ



નખત્રાણા | કહેવાય છે કે કચ્છની માટીમાં કંઈક એવું જાદુ છે કે અહીં નોકરી કરવા આવનાર અધિકારી માટે આ ધરતી ક્યારેય 'સજા' નથી બનતી, પણ 'મજા' બની જાય છે. આ વાતને સાર્થક કરી બતાવી છે વર્ષ ૧૯૮૨માં નખત્રાણા પોલીસ સ્ટેશનમાં PSI તરીકે ફરજ બજાવી ચૂકેલા અને રાજકોટથી DySP તરીકે નિવૃત્ત થયેલા હરિસિંહ જનકાત સાહેબે. પૂરા ૪૨ વર્ષના વહાણા વીતી ગયા હોવા છતાં, આજે પણ તેમના હૃદયમાં નખત્રાણા અને ત્યાંના લોકો માટે એ જ જૂનો પ્રેમ અકબંધ છે. પોતાના પરિવાર સાથે કચ્છના પ્રવાસે આવેલા આ અધિકારીએ જ્યારે પોતાના પરમ મિત્ર ડૉ. દાદુજી લાલજી રાઠોડની મુલાકાત લીધી, ત્યારે વાતાવરણ ભાવુક બની ગયું હતું. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, હરિસિંહ જનકાતે ૧૯૮૨માં નખત્રાણામાં માત્ર ૧૧ માસની ટૂંકી ફરજ બજાવી હતી, પરંતુ તેમની કાર્યશૈલી અને પ્રેમાળ સ્વભાવને કારણે તેઓ 'જણકાર' ઉપનામથી લોકપ્રિય થયા હતા.

### કૌશલ્ય વિકાસ દ્વારા અંતરિયાળ ડાંગના યુવાનો હવે બનશે આત્મનિર્ભર

# શામગહાનના યુવાનોએ વસરાઈ મેળામાં મેળવી ગૃહ ઉદ્યોગની અનોખી તાલીમ

સુશિલ પવાર | ડાંગ તા.29

દેશ જ્યારે આત્મનિર્ભરતાના પંથે આગળ વધી રહ્યો છે, ત્યારે ડાંગના ગાઢ જંગલોમાં વસતો યુવાન હવે પરંપરાગત નોકરીની ઘરમાંથી બહાર નીકળવા આતુર છે. નવસારીના વસરાઈ ખાતે આયોજિત રાષ્ટ્રીય આદિવાસી મેળો-૨૦૨૫ માત્ર એક ઉત્સવ નહીં, પણ ડાંગના શામગહાનના યુવાનો માટે નવી ક્ષિતિજો ખોલનારું એક માધ્યમ બન્યું છે. ડાંગના સામાજિક આગેવાન નીતિનભાઈ રાઉત દ્વારા એક પ્રશંસનીય પહેલ કરી 15થી20 યુવાનોને મેળાની મુલાકાત કરાવાઈ હતી, જેનો એકમાત્ર ઉદ્દેશ્ય યુવાનોમાં સાહસિક વૃત્તિ જગાડવાનો હતો.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, ગત ૨૬ થી ૨૯ ડિસેમ્બર દરમિયાન યોજાયેલા આ ભવ્ય મેળામાં યુવાનોએ પરંપરાગત કલા અને આધુનિક કૌશલ્યોનું જીવંત નિદર્શન કર્યું હતું. નીતિનભાઈ રાઉતે સામાજિક જવાબદારી સમજીને પોતાના સ્વ-ખર્ચે આ પ્રવાસનું



આયોજન કર્યું હતું. યુવાનોએ અહીં વિવિધ ગૃહ ઉદ્યોગો અને લઘુ ઉદ્યોગોના પ્રદર્શનો જોયા હતા. વાચકોને જણાવી દઈએ કે, આ મુલાકાતથી યુવાનોને સમજાયું કે નાના પાયે શરૂ કરેલો વ્યવસાય પણ જીવનમાં મોટી સફળતા અપાવી શકે છે. જાણકારો જણાવે છે કે મેળામાં આયોજિત કાર્યશાળાઓએ યુવાનોને માત્ર નોકરી પાછળ દોડવાને બદલે 'રોજગારદાતા' બનવા માટે પ્રેરિત કર્યા છે. નીતિનભાઈ રાઉતે આ પ્રસંગે જણાવ્યું હતું કે, 'આ મેળો શીખવા માટેનું એક મોટું પ્લેટફોર્મ છે, જ્યાંથી યુવાનોને વાસ્તવિક જીવનના પાઠ મળે છે.' મેળામાં યુવાનોએ પોતાની આદિવાસી સંસ્કૃતિ, વારસો અને સ્વાવલંબી જીવનશૈલીની ઊંડી સમજ મેળવી હતી. આ પ્રવાસથી પરત ફરેલા યુવાનોના ચહેરા પર એક અલગ જ આત્મવિશ્વાસ જોવા મળ્યો હતો. ડાંગ જેવા અંતરિયાળ વિસ્તારમાં જ્યારે નીતિનભાઈ જેવા અગ્રણીઓ આગળ આવે છે, ત્યારે સમાજમાં મોટું પરિવર્તન આવે છે.

# પાટીદાર ટાઈલ્સ અને સાઈટ ટાઈલ્સના સહયોગથી ટેકનિકલ સેમિનારનું આયોજન

નિતીન ઠાકર | ચાણસ્મા તા.29

ઐતિહાસિક નગરી પાટણ અને ચાણસ્માના બાંધકામ ક્ષેત્રને નવી ઊંચાઈએ લઈ જવા માટે તાજેતરમાં એક પ્રેરણાદાયી કોન્ફરન્સ મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. પાટણના ભાનાણીની વાડી ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં જાણે આખા જિલ્લાના બાંધકામ જગતના



સિતારાઓ ઉતરી આવ્યા હોય તેવો માહોલ સર્જાયો હતો. પાટીદાર સ્ટાઈલ્સ ચાણસ્મા અને સાઈટ ટાઈલ્સ પાટણના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી આ મિટિંગનો મુખ્ય ઉદ્દેશ્ય સ્થાનિક કારીગરોને આધુનિક ટેકનોલોજીથી સજ્જ કરવાનો હતો. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, 'કોન મેન્ટ બિલ્ડર લિમિટેડ' વિજાપુરના નેતૃત્વ હેઠળ આયોજિત આ બેઠકની અધ્યક્ષતા ગુજરાત રાજ્ય સેલ્સ એરિયા મેનેજર નીતિનભાઈ પટેલે કરી હતી. તેમણે પોતાના ધારદાર વક્તવ્યમાં કોન્મેંટની વિવિધ પ્રોડક્ટ્સ, તેની ગુણવત્તા અને ઉપયોગ કરવાની સાચી રીત વિશે ઊંડાણપૂર્વક સમજ આપી હતી. એન્જિનિયરો અને કોન્ટ્રાક્ટરોએ પણ આ તકનો લાભ લઈ નવા જમાનાના બાંધકામ મટીરીયલ્સ વિશે જાણકારી મેળવી હતી.

### રાજપીપળાના વિદ્યાર્થીઓ બનશે ઉદ્યોગપતિ

# શ્રી રત્નસિંહજી મહિડા કોલેજનો ડંકો 6 વિદ્યાર્થીઓને 40-40 હજારની મદદ

ભરત શાહ | નર્મદા તા.29



નર્મદા જિલ્લાના શૈક્ષણિક જગતમાં અત્યારે ખુશીનો માહોલ છે. રાજપીપળાની પ્રતિષ્ઠિત શ્રી રત્નસિંહજી મહિડા કોમર્સ કોલેજના છ તેજસ્વી વિદ્યાર્થીઓએ સાબિત કરી દીધું છે કે જો મનમાં મક્કમ નિર્ધાર હોય, તો સરકારી સહાય અને સાચું માર્ગદર્શન સફળતાના દ્વાર ખોલી શકે છે. કોલેજના સ્થાપક શ્રી રત્નસિંહજી મહિડાના 'વિદ્યાર્થીઓને ઉડવા માટે પાંખો આપવી' તેવા જીવનમંત્રને સાર્થક કરતા આ છ વિદ્યાર્થીઓ હવે રાજ્ય સરકારની 'ઉદ્યોગ સાહસિકતા નીતિ' હેઠળ પોતાના નવા સાહસ શરૂ કરવા જઈ રહ્યા છે.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, કોલેજના ૧૫ જેટલા વિદ્યાર્થીઓએ ઉદ્યોગ સાહસિક બનવા માટેની ખાસ તાલીમ મેળવી હતી. તેમાંથી બીજા અને ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા છ વિદ્યાર્થીઓએ બે અલગ-અલગ પ્રોજેક્ટ તૈયાર કરીને સરકારમાં જમા કરાવ્યા હતા. EDC નોડલ ઓફિસર કિંજલબેન ત્રિવેદીના અથાક માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલા આ પ્રોજેક્ટ્સની રાજ્ય સરકાર દ્વારા આર્થિક સહાય માટે પસંદગી કરવામાં આવી છે. આ સફળતાએ સાબિત કર્યું છે કે નર્મદાના યુવાનોમાં પણ મોટા ઉદ્યોગપતિ બનવાનું સપનું અને તાકાત રહેલી છે. જાણકારો જણાવે છે કે પ્રત્યેક વિદ્યાર્થીને ૪૦-૪૦ હજાર રૂપિયાની આર્થિક સહાય સીધી સરકાર તરફથી આપવામાં આવશે.

### મોડેલ એપ્રુવલ-રિન્યુઅલ પ્રોસેસના પ્રશ્નો ઉકેલવા મંત્રીએ આપી ખાતરી

# સાવરકુંડલાના કાંટા ઉદ્યોગની ગુંજ દિલ્હી સુધી: કેન્દ્રીય મંત્રી સાથે બેઠક

કિશોર આર. સોલંકી | જાફરાબાદ તા.29

અમરેલી જિલ્લાનું સાવરકુંડલા શહેર તેના મજબૂત અને ચોકસાઈભર્યા 'કાંટા અને ત્રાજવા' માટે આખા ભારતમાં પ્રખ્યાત છે. આ પરંપરાગત ઉદ્યોગને આધુનિક યુગના પડકારો સામે ટકાવી રાખવા અને તેના વિકાસને નવી ગતિ આપવા માટે સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના નેતૃત્વમાં એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. ભાવનગર સર્કિટ હાઉસ ખાતે કેન્દ્રીય મંત્રી નીમુબેન બાંભણીયા સાથેની આ મુલાકાતે સ્થાનિક ઉદ્યોગકારોમાં આશાનું નવું કિરણ જગાવ્યું છે. સાવરકુંડલા ઉદ્યોગ એસોસિએશનના પ્રમુખ કેતનભાઈ ત્રિવેદીની અધ્યક્ષતામાં ચાર સભ્યોનું ડેલીગેશન આ બેઠકમાં હાજર રહ્યું હતું. ઉદ્યોગકારોએ મુખ્યત્વે એમએસએમઈ એકમોને નડતી સમસ્યાઓ જેવી કે, 'મોડેલ એપ્રુવલ'



મેળવવામાં પડતી મુશ્કેલીઓ, લાઈસન્સમાં નોમિનીની નિમણૂક અને લાઈસન્સ રિન્યુઅલની પ્રક્રિયાને વધુ સરળ અને પારદર્શક બનાવવા અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. સ્વદેશી વજન કાંટાનું બજારમાં પ્રભુત્વ વધે તે માટે સરકાર તરફથી વિશેષ પ્રોત્સાહન આપવા પણ માંગ કરવામાં આવી હતી.

જાણકારો જણાવે છે કે કેન્દ્રીય મંત્રી નીમુબેન બાંભણીયાએ ઉદ્યોગકારોના પ્રશ્નોને અત્યંત સંવેદનશીલતાથી સાંભળ્યા હતા. તેમણે બેઠક દરમિયાન જ અધિકારીઓને ફોન પર જરૂરી સૂચનાઓ આપી સમસ્યાઓના ઝડપી નિકાલ માટે આદેશ આપ્યા હતા. મંત્રીએ ખાતરી આપી હતી કે સાવરકુંડલાની આ પરંપરાગત ઓળખને જાળવી રાખવા અને નાના ઉદ્યોગકારોને આર્થિક રીતે સદ્ધર બનાવવા કેન્દ્ર સરકાર પૂરતો સહયોગ આપશે. આ આશ્વાસન મળતા જ નાના વેપારીઓમાં ખુશીની લહેર દોડી ગઈ હતી. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના આ ભગીરથ પ્રયાસોથી સાવરકુંડલાના સ્કેલ મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગને નવી હુંફ મળી છે. સાવરકુંડલાના બજારમાં અને ચાની કીટલીઓ પર અત્યારે આ બેઠકની હકારાત્મક ચર્ચાઓ થઈ રહી છે. લોકો માની રહ્યા છે કે જો વહીવટી પ્રક્રિયા સરળ બનશે, તો સાવરકુંડલાના કાંટા ફરી એકવાર આખી દુનિયામાં ગુંજશે. આ લેખ વાંચ્યા પછી દરેક ઉદ્યોગકારને ગર્વ થશે કે તેમની સમસ્યાઓને હવે ઉચ્ચ સ્તરે વાચા મળી રહી છે.

### ગીરની પ્રાકૃતિક સુંદરતા વચ્ચે પ્રવાસીઓ મંત્રમુગ્ધ

# આંબરડીમાં 'ત્રિદેવ'નો દબદબો: સાવજની અનોખી દોસ્તી જોવા ભીડ ઉમટી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ તા.29

સૌરાષ્ટ્રની શાન અને ગીરના શાસક એવા ડાલામથ્થા સાવજને જોવાનું ઘેલું આખા વિશ્વને હોય છે, પરંતુ અત્યારે અમરેલી જિલ્લાના ધારી પાસે આવેલ 'આંબરડી સફારી પાર્ક' કંઈક વિશેષ કારણોસર પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. અહીં માત્ર સિંહ દર્શન જ નહીં, પણ વનરાજો વચ્ચેના અતૂટ પ્રેમ અને ભાઈચારાના દ્રશ્યો જોઈને પ્રવાસીઓ દંગ રહી જાય છે. ખાસ કરીને નાતાલના વેકેશન અને વર્ષના અંતિમ દિવસોમાં પ્રવાસીઓનો ધસારો એટલો વધી ગયો છે કે પાર્કની ગલીઓ માનવ મહેરામણથી ઉભરાઈ રહી છે. આંબરડી પાર્કમાં હાલમાં 'રામ', 'શ્યામ' અને 'સિમ્બા' નામની



સાવજ ત્રિપુટી સૌથી વધુ ચર્ચામાં છે. રામ અને શ્યામ બંને સગા ભાઈઓ છે, જેમના પર સિમ્બા નામના એકાદ વર્ષ મોટા સિંહનો સથવારો છે. પ્રવાસીઓ માટે કુતૂહલનો વિષય એ છે કે આ ત્રણેય વનરાજો જાણે એક જ પરિવારના સભ્યો હોય તેમ હરદમ સાથે જ જોવા મળે છે. વન્યજીવન પ્રેમીઓએ આ જોડીને 'ત્રિદેવ'નું નામ આપ્યું છે. આ ત્રિપુટીની મસ્તી અને ગર્જના જોવા માટે જ પ્રવાસીઓ દૂર-દૂરથી અહીં આવી રહ્યા છે.

### સાંસ્કૃતિક કાર્યક્રમે સાપુતારાના પહાડોમાં નવા પ્રાણ ફૂંક્યા

# ડાંગના સાપુતારામાં સુરીલી સાંજ: વિન્ટર ફેસ્ટિવલમાં લોકગીતોની જામી રમઝટ

સુશિલ પવાર | ડાંગ તા.29

ગુજરાતના એકમાત્ર ગિરિમથક સાપુતારામાં અત્યારે કુદરતી સુંદરતા અને સંસ્કૃતિનો અદભૂત સંગમ જોવા મળી રહ્યો છે. ૨૮ ડિસેમ્બરની રવિવારની એ રાત સાપુતારાના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે, જ્યારે હજારો પ્રવાસીઓ ઠંડીની ગુલાબી લહેરો વચ્ચે ગુજરાતી લોકગીતોના તાલે ઝૂમી ઉઠ્યા હતા. 'વિન્ટર ફેસ્ટિવલ ૨૦૨૫' અંતર્ગત આયોજિત આ સાંસ્કૃતિક કાર્યક્રમે સાપુતારાના પહાડોમાં નવા પ્રાણ ફૂંક્યા છે. પ્રવાસીઓ માટે આ માત્ર ફરવાનું સ્થળ નહીં, પણ ગુજરાતના આત્માને ઓળખવાનો એક અવસર બની રહ્યો છે. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ 'ક્વિન ઓફ ગીર' તરીકે ઓળખાતા જશવંતી ગોસ્વામી રહ્યા હતા. તેમણે જ્યારે મંચ પરથી ગુજરાતી લોકગીતો અને ગરબાની જમાવટ કરી, ત્યારે પ્રવાસીઓ



પોતાની જગ્યાએથી ઉભા થઈને ગરબે ઘૂમવા લાગ્યા હતા. પહાડી વિસ્તારોમાં ગુંજતા તેમના સુરીલા અવાજે વાતાવરણને મંત્રમુગ્ધ કરી દીધું હતું. તો બીજી તરફ, જાણીતા ગાયક ભાવેશ આહીરે ગુજરાતના અમર કવિઓની રચનાઓ રજૂ કરીને શ્રોતાઓની ભારે વાહવાહી મેળવી હતી.

જાણકારોનું કહેવું છે કે આ ફેસ્ટિવલથી ડાંગની લોકકલાને વૈશ્વિક સ્તરે નવી ઓળખ મળી રહી છે. પ્રવાસીઓની ભારે ભીડને કારણે સાપુતારાના સ્થાનિક વેપારીઓ, હોટલ માલિકો અને હસ્તકલાના વ્યવસાય સાથે જોડાયેલા લોકોની આવકમાં મોટો વધારો નોંધાયો છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, ડાંગ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલું આ આયોજન આગામી દિવસોમાં વધુ આકર્ષક બનવાનું છે, જે રાજ્યભરના પ્રકૃતિ પ્રેમીઓને સાપુતારા તરફ ખેંચી લાવશે.

સાપુતારાની મુલાકાતે આવેલા પ્રવાસીઓએ આ આયોજનને ગુજરાતી પરંપરાનું અદભૂત પ્રતિબિંબ ગણાવ્યું હતું. અન્ય રાજ્યોમાંથી આવેલા પ્રવાસીઓ પણ ગુજરાતી ડાયરાની રમઝટ જોઈને દંગ રહી ગયા હતા. પ્રકૃતિ અને સંગીતનો આવો સમન્વય ભાગ્યે જ ક્યાંક જોવા મળે છે.

### ગ્રાહકો સાથે થતી છેતરપિંડી રોકવા માટે

# રાજપીપળા ખાતે જનજાગરણ કાર્યક્રમનું આયોજન કરાયું



ભરત શાહ | નર્મદા તા.29

આજના ડિજિટલ યુગમાં ગ્રાહકો સાથે થતી છેતરપિંડી રોકવા માટે જાગૃતિ એ જ સાચું શસ્ત્ર છે. આ ઉમદા હેતુ સાથે અખિલ ભારતીય ગ્રાહક પંચાયત ગુજરાત પ્રાંત દ્વારા તારીખ ૨૪ થી ૩૧ ડિસેમ્બર દરમિયાન 'ગ્રાહક જનજાગરણ પખવાડિયું' ઉજવવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત આજે રાજપીપળા ખાતે વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં કાર્યક્રમો યોજી વિદ્યાર્થીઓને તેમના અધિકારો અને સાયબર સુરક્ષા વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. રાજપીપળાની જય અંબે શાળામાં આશરે ૬૫૦ વિદ્યાર્થીઓ માટે વિશેષ સત્ર યોજાયું હતું. કાર્યક્રમના મુખ્ય વક્તા ડો. અપર્ણા પંચોલીએ સાયબર સિક્યોરિટી અને 'ગ્રાહક સુરક્ષા અધિનિયમ ૨૦૧૯' અંતર્ગત ગ્રાહકોને મળતા અધિકારો અને તેમની ફરજો વિશે વિસ્તૃત સમજ આપી હતી. આ ઉપરાંત, શ્રી છોટુભાઈ પુરાણી ડિગ્રી કોલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશન (CP) ખાતે પણ ૧૮૦થી વધુ તાલીમાર્થીઓને ગ્રાહક સુરક્ષાના હક્કો સમજાવી જાગૃત કરવામાં આવ્યા હતા.

## ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.માં સાયબર જાગૃતિ સેમિનાર



જૂનાગઢ | વર્તમાન સમયમાં જેમ જેમ ટેકનોલોજીનો વ્યાપ વધી રહ્યો છે, તેમ તેમ ડિજિટલ અપરાધોનું પ્રમાણ પણ વધી રહ્યું છે. આ ગંભીર બાબતને ધ્યાને રાખી જૂનાગઢ સ્થિત ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે આજે વિદ્યાર્થીઓ અને યુનિ. સંલગ્ન કોલેજોના આચાર્યો માટે એક વિશેષ 'સાયબર અવરનેશ સેમિનાર'નું આયોજન કરવામાં આવ્યું હતું. યુનિ.ના રજિસ્ટ્રાર ડો. રમેશ પરમારની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં સાયબર જગતના ખતરાઓ અને તેનાથી બચવાના ઉપાયો વિશે ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમના પ્રારંભે ડો. રમેશભાઈ પરમારે સાયબર સલામતીના મહત્વ વિશે જણાવતા કહ્યું કે, આજના સમયમાં આંગળીના ટેરવે થતા અપરાધો એ મોટો પડકાર છે. ગુજરાત પોલીસ હવે સાયબર ક્રાઈમ સામે લડવા સજ્જ છે, પરંતુ નાગરિકોની જાગૃતિ જ સૌથી મોટું કવચ છે. સાયબર ક્રાઈમ વિભાગના પોલીસ અધિકારી બી.આર. જોગલે પ્રવર્તમાન સમયમાં બનતા ગુનાઓની મોડસ ઓપરેન્ડી વિશે માહિતી આપી હતી અને જણાવ્યું હતું કે ટેકનોલોજી જીવન સરળ બનાવે છે.

### પત્રકારોએ ઉત્સાહભેર આરોગ્ય તપાસ કરાવી

# ફિટ ઇન્ડિયા, ફિટ મીડિયા : લુણાવાડામાં મીડિયાકર્મીઓ માટે ભવ્ય હેલ્થ કેમ્પ સંપન્ન

સુશિલ પવાર | ડાંગ તા.29

સમાજ અને સરકાર વચ્ચે સેતુ બનીને દિવસ-રાત સમાચાર સેવામાં વ્યસ્ત રહેતા મીડિયા કર્મીઓ ઘણીવાર પોતાની તબિયતની દરકાર કરવાનું ભૂલી જતા હોય છે. આ બાબતને ધ્યાને રાખીને ગુજરાત સરકાર અને ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે 'ફિટ ઇન્ડિયા, ફિટ મીડિયા' થીમ હેઠળ લુણાવાડા ખાતે એક વિશેષ હેલ્થ ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. મહીસાગર જિલ્લા માહિતી કચેરીના સહયોગથી યોજાયેલા આ કેમ્પમાં પત્રકારોના સ્વાસ્થ્ય રક્ષણ માટે વિવિધ લેબોરેટરી ટેસ્ટ અને તપાસ વિનામૂલ્યે કરવામાં આવી હતી. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં મીડિયા કર્મીઓ માટે CBC, બ્લડ ગ્રુપિંગ, લિવર અને કિડની ફંક્શન ટેસ્ટ, લિપિડ પ્રોફાઈલ તેમજ વિટામિન B-12 અને કેલ્શિયમ જેવા મહત્વના રક્ત પરીક્ષણો કરવામાં આવ્યા હતા. ૩૫ વર્ષથી વધુ ઉંમરના પત્રકારો માટે ખાસ કરીને એક્સ-રે ચેસ્ટ અને ECG જેવી તપાસની સુવિધા પણ ઉપલબ્ધ કરાવાઈ હતી. રેડ ક્રોસ રાજ્ય શાખા, અમદાવાદથી આવેલા કેમ્પ ઇન્ચાર્જ અને ટેકનિશિયનોની ટીમે અત્યાધુનિક સાધનો દ્વારા પત્રકારોના સ્વાસ્થ્યની સચોટ તપાસ કરી હતી. જાણકારો જણાવે છે કે જિલ્લાના પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક મીડિયાના



અનેક પત્રકારોએ આ તકનો લાભ લીધો હતો. સમગ્ર દિવસ દરમિયાન ૨૦થી વધુ બ્લડ સેમ્પલ લેવાયા હતા અને ૧૦થી વધુ પત્રકારોના ECG તથા એક્સ-રે રિપોર્ટ સ્થળ પર જ કરવામાં આવ્યા હતા. સહાયક માહિતી નિયામક શ્રી હરીશ પરમારે પત્રકારોને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, 'ફિટ મીડિયા' જ લોકશાહીના ચોથા સ્તંભને મજબૂત બનાવી શકે છે. માહિતી કચેરીના કર્મચારીઓએ પણ આ આયોજનને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. લુણાવાડામાં યોજાયેલો આ કેમ્પ પત્રકારો માટે આશીર્વાદરૂપ સાબિત થયો છે.

### બોરખેતના આંગણે માનવતાનો મહાયજ્ઞ

# ડાંગમાં 251 દીકરીઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા



સુશિલ પવાર | ડાંગ તા.29

જ્યારે દુનિયા લગ્નોમાં કરોડો રૂપિયાના ધુમાડા કરીને ખોટો દેખાવ કરવામાં વ્યસ્ત છે, ત્યારે ડાંગની વનરાજી વચ્ચે બોરખેત ગામમાં માનવતાની એવી મહેક ફેલાઈ કે આખું ગુજરાત જોતું રહી ગયું. 'પ્રાણીન ફાઉન્ડેશન' અને 'ચંદ્રલોક ફાઉન્ડેશન' દ્વારા સતત બીજા વર્ષે ૨૫૧ દીકરીઓના નિ:શુલ્ક સમૂહ લગ્ન કરાવીને સાબિત કરી દીધું છે કે સાચો ધર્મ જરૂરિયાતમંદના આંસુ લૂછવામાં છે. ડાંગની ૨૫૧ દીકરીઓએ જ્યારે શાસ્ત્રોક્ત વિધિ સાથે લગ્નગ્રંથિથી જોડાયા, ત્યારે વાતાવરણ હૃદયસ્પર્શી દ્રશ્યોથી ભરાઈ ગયું હતું.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, આયોજકોએ આ દીકરીઓને કરિયાવરમાં પિયરની ખોટ સાલવા દીધી નથી. નવયુગલોને નવા સંસાર માટે જરૂરી એવી તમામ ચીજવસ્તુઓ જેવી કે બેડ, ગાદલાં, રસોડાનો સંપૂર્ણ સામાન, ચાંદીનું મંગળસૂત્ર અને પાયલ જેવી કિંમતી ભેટો અર્પણ કરવામાં આવી હતી.

## ગલોલીવાસણા પ્રા.શાળા ખાતે તિથિ ભોજન આપવામાં આવ્યું





આજરોજ સ્વ. જીવરાજભાઈ નાગજીભાઈ દેસાઈની પુણ્યતિથિ નિમિત્તે તેઓના સુપુત્ર શ્રી ફૂલજીભાઈ અને નિતીનભાઈ તરફથી શાળાનાં બાળકોને તિથિ ભોજન આપવામાં આવ્યું. શાળાના આચાર્ય શ્રી પ્રવિણસિંહ પરમાર તથા શાળા પરિવાર તરફથી દાતાશ્રીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

### કુલપતિ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણનું નિવેદન

# શિક્ષણ માત્ર આંકડાલક્ષી નહીં, ગુણોલક્ષી હોવું જોઈએ

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.29

જૂનાગઢ સ્થિત ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં આંતરિક ગુણવત્તા ખાતરી પ્રણાલીને વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી એક વિશેષ માર્ગદર્શક તાલીમ કાર્યક્રમનું આયોજન કરાયું. યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજોના આચાર્યોની બહોળી ઉપસ્થિતિમાં યોજાયેલા આ પરિસંવાદમાં શિક્ષણના સ્તરને વૈશ્વિક સ્પર્ધામાં ટકાવી રાખવા માટેના પાયાના મુદ્દાઓ પર ગહન ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી કુલપતિ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણે દીપ પ્રાગટ્ય દ્વારા કાર્યક્રમને ખુલ્લો મૂકતા જણાવ્યું હતું કે, શિક્ષણ એ માત્ર ડિગ્રી મેળવવાનું સાધન નથી, પરંતુ તે વિદ્યાર્થીના સર્વાંગી વ્યક્તિત્વ વિકાસનો આધાર છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, શિક્ષણ જો માત્ર આંકડાલક્ષી રહેશે તો તે દેશના વિકાસમાં ફાળો નહીં આપી શકે, પરંતુ જો તે ગુણોલક્ષી હશે તો જ આધુનિક ભારતની પરિકલ્પના સાકાર થશે.

### કલેક્ટર અને ભટ્ટજી મહારાજનું મંથન

# અંબાજી શિખર પર હવે 5 મીટરની જ ધજા ચઢશે

મહેશ સોલંકી | પાલનપુર તા.29

વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે લાખો શ્રદ્ધાળુઓની આસ્થા અને મંદિરની સ્થાપત્ય સુરક્ષાને ધ્યાને રાખીને વહીવટી તંત્ર દ્વારા એક ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. આગામી ૧ જાન્યુઆરી ૨૦૨૬ થી મા અંબાના સુવર્ણ શિખર ઉપર માત્ર ૫ મીટર સુધીની લંબાઈની ધજાઓ જ આરોહણ કરી શકાશે. આ નિર્ણય યાત્રિકોની સલામતી, ધ્વજદંડની મજબૂતી અને ધાર્મિક મર્યાદા જાળવવા માટે લેવામાં આવ્યો છે. મંદિર ટ્રસ્ટના જણાવ્યા અનુસાર, મુખ્ય શિખર પરના ધ્વજદંડને અંદાજે ૧૫ વર્ષ પૂર્ણ થયા છે. દૈનિક ધોરણે ૫૦ થી ૬૦ જેટલી વિવિધ સાઈઝની ધજાઓ ચઢાવવામાં આવતી હોવાથી ધ્વજદંડ પર અતિશય ભારણ વધ્યું છે.

ટેકનિકલ કન્સલટન્ટના રિપોર્ટ મુજબ, વધુ પડતી મોટી અને લાંબી ધજાઓ પવનના વેગ સાથે સુવર્ણ શિખરના કવચને ઘસારો પહોંચાડે છે, જેનાથી ભવિષ્યમાં મોટી દુર્ઘટના સર્જાવાની ભીતિ હતી. ઉપરાંત, ૫૨ ગજ જેવી અતિ લાંબી ધજાઓ ઘણીવાર જમીનને અડતી હોવાથી અન્ય યાત્રિકોના પગમાં આવતી હતી, જે ધાર્મિક દ્રષ્ટિએ પણ અયોગ્ય જણાતા ભટ્ટજી મહારાજે શાસ્ત્રોક્ત મંતવ્ય આપ્યું હતું.

આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના વહીવટદાર અને અધિક કલેક્ટર કૌશિક મોદીએ સ્પષ્ટતા કરી છે કે, જો કોઈ શ્રદ્ધાળુ ૫ મીટરથી મોટી ધજા લાવશે, તો તેમની આસ્થાનું સન્માન જળવાય તે માટે તે ધજા માતાજીના ચરણોમાં અર્પણ કરવામાં આવશે. જોકે, શિખર પર માત્ર ૫ મીટરની જ ધજા ચઢાવાશે. આ નિર્ણય લેતા પૂર્વે બનાસકાંઠા કલેક્ટર, વહીવટદાર, ધાર્મિક વિદ્વાનો અને ટેકનિકલ એન્જિનિયરો સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

# મોક્ષ એટલે શું? સ્વર્ગના સપના કે ઈશ્વરના શરણમાં દ્રઢ ભક્તિ?

ભાગવતજી ના માહત્મ્ય ની કથા સાંભળ્યા બાદ પ્રથમ વખત આશ્રમ માં આવેલ શિષ્ય ને મનમાં પ્રશ્ન ઉદ્ભવતા એકાંત માં જઈને ગુરુજી ને પ્રશ્ન પૂછ્યો કે પ્રભુ, ભાગવત જી નું રસપાન કર્યા બાદ એક પ્રશ્ન સતાવે છે ' સાત દિવસ ભાગવત કથા સાંભળી ને પાપી ધૂંધુકારીની સાથે આખું ગામ વિમાન માં બેસી ને વૈકુંઠ ધામ ગયું આ વાત સાચી છે તો કળયુગનો માણસ ભાગવત કથા સાંભળી ને શું મોક્ષ ના માર્ગે જઈ શકે ખરો?' શિષ્યના મનનું કુતુહલ સાંભળતા પ્રેમથી શિષ્ય ને સમજાવતા ગુરુ બોલ્યા કે બેટા,મોક્ષ એટલે શું? ખુદ એક રહસ્ય છે જેને મોક્ષનું રહસ્ય સમજાય એ જ મનુષ્ય ને મોક્ષ નું આકર્ષણ થશે. કલ્યુગી માણસ ને "મોક્ષ" ની સફર એ વિદેશ પ્રવાસ જેવી વાત લાગે છે એટલે જ્યાં "મોક્ષ" ની વાર્તાઓ સંભળાય ત્યાં માણસો પ્રથમ હરોળ માં ગોઠવાઈ જવા ધક્કામુકી કરવા લાગે છે. લોકોમાં ખોટી માન્યતા છે કે મોક્ષ એટલે એવું સ્વર્ગ જ્યાં બધું જ ચપટી વગાડો ત્યાં વિના ખર્ચે મળી જાય છે. બાપા!!મોજ મજા અને આનંદ.. આનંદ..

જે વ્યક્તિ મોક્ષ ની વાત કરે છે એને પણ મોક્ષ મળતું નથી. શાસ્ત્ર કહે છે કે મોક્ષ એટલે ઈશ્વર ના શરણ માં દ્રઢ ભક્તિ થવી. સંસારિક માણસ ને પત્ની અને બાળકો માં દ્રઢ પ્રેમ અને આસક્તિ થશે પરંતુ ઈશ્વર સાથે તો ભક્તિભાવ ના જ સંબંધ રહેશે,કેમ? સમસ્યા વખતે એક જ તારણ હાર "પૂર્ણ પરમાત્મા" એટલે. વ્યક્તિ નું મન જો કામ,અર્થ અને સ્વાદ માંથી નિવૃત થઈ જાય તો જ "મોક્ષ" નો અધિકારી બને છે. ઉદા: ચૈતન્ય મહાપ્રભુ જેવા સંત જેનું મન કૃષ્ણમય બની જતા દિવસો ના દિવસો અન્ન પાણી વગર "હરે રામ હરે રામ રામ હરે હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ હરે હરે" ના સ્મરણ માં તલ્લીન રહેતા હતા.ભગવાનની દ્રષ્ટિ એ કળયુગ કે સત યુગ નથી હોતું ભગવાન તો સમદર્શી છે એટલે જેવી ભક્ત ની ભક્તિ એવી એના પર કૃપા થાય છે.. મીરાંબાઈ નું મન કૃષ્ણમય હતું એટલે અંત સમયે એનો આત્મીય તેજપુંજ કૃષ્ણ ની મૂર્તિ માં સમાઈ ને મોક્ષ થયો હતો.



માયાનો ભ્રમ

- રુપાલી દવે

બે મિનિટ મૌન બાદ શિષ્ય ને સમજાવતા ગુરુદેવ બોલ્યા કે બેટા, ઘેઘર ઘટાદાર ઝાડ પર બેઠલ પક્ષીની આંખ વીંધવા માટે માત્ર ગુરુ દ્રણાચર્ય એ અર્જુન ને જ નહતું કહ્યું "પક્ષી ની આંખ વીંધવી" એ ધનુર્વિદ્યાની પરીક્ષા હતી એટલે અર્જુન નું ફોકસ "પરિક્ષા" માં હતું એટલે એ સફળ થયો. સમસ્યા અને સંકટ એ માણસ ના જીવનની પરીક્ષાઓ છે જો સમયે મનુષ્ય નું સહેજ પણ લક્ષ્ય પરથી ફોક્સ ખસ્યું તો ખતરો સમજ.મોટાભાગ ની પરિક્ષા ના પ્રશ્ન પત્ર ના સવાલ ના જવાબ એ "સવાલ" ની અંદર જ હોય છે પરંતુ પરીક્ષાર્થી નું ફોક્સ "પરીક્ષા" માં નથી હોતું એટલે નિષ્ફળ જાય છે. જેના નામ પરથી ભારત પડ્યું છે એવા ચક્રવર્તીય રાજા ભરત એ ઉંમર થતા મોક્ષ ની પ્રાપ્તિ માટે રાજપાટ પુત્ર ના નામે કરીને ઈશ્વર સ્મરણ માં બાકી નું આયુષ્ય વિતાવવા જંગલ તરફ પ્રયાણ કર્યું. ક્યાંય મન ભટકે નહી આમ નિશ્ચય કરીને પૂર્ણપણે ઈશ્વર સ્મરણ માં જીવન વિતાવવા લાગ્યા. મોહ એ મનુષ્ય નો મોટા માં મોટો દુશ્મન છે જેમ અગ્નિ ની જ્યોતિના મોહ માં પડી પતંગિયું બળી જાય છે એવું જ આપણા બધાનું છે. વહેલી સવારે ભરત રાજા નદી માં ગયા ત્યારે સિંહ ની ત્રાડ સંભળાતા ભય ના લીધે ગર્ભવતી હરણી નો ગર્ભ પાણી માં સ્ત્રવી જતા નવજાત હરણ નું બચ્ચું ભરત જી ના હાથ માં આવ્યું.હરણ ના બચ્ચાં એ એના જીવન માં પ્રવેશ કર્યા બાદ હરિ હરિ છૂટ્યું ને હરણ હરણ વધ્યું.મૃત્યુ બાદ રાજા ભરત નો બીજા જન્મ "હરણ" નો થયો. હરણ ની યોનિ માં ફસાયેલ રાજા ભરત એ મનોમન નિશ્ચય કર્યો કે ભલે હરણ છું પણ મન તો ભગવાન માં જ ફોક્સ કરીશ. ત્રીજા જન્મ માં ભરતજી નો બ્રાહ્મણ કુળ માં જન્મ થયો ત્યારે સ્વભાવ થી અનાસક્ત જડ ભરત બની ને ભૂખ તરસ દુન્વયી સુખ ભૂલી ને કણ કણ માં ઈશ્વર ના દર્શન કરવા લાગ્યા. જ્યારે રહુગણ રાજા ની પાલખી ના કહાર પરાણે બનવું પડ્યું ત્યારે રસ્તા પરથી નીકળતા કીડી મકોડા ને જોતાજ વારંવાર કૂદકો મારવા ને લીધે રાજા નું માથું પાલખી ની છત પર ભટકાયું. રાજા નું માથું પાલખી સાથે ભટકતા જ એણે ગુસ્સે થઈ ને ભરતજી ને પૂછ્યું કે મહાકાય શરીર વાળો તું કોણ છો?ખબર નથી પડતી રાજા નો અપરાધ કરવાનો દંડ શું થશે? ત્યારે ભરતજી એ કહ્યું કે રાજન,આ જાડો,પાતળો, રૂપાળો,કાળો વગેરે દેહ ના લક્ષણો છે હું તો આત્મા છું એટલે કણ કણ માં ઈશ્વર ના દર્શન કરું છું તમે રાજા છો એટલે તમારા ધર્મ નું પાલન કરી શકો છો.

ગુરુજી એ શિષ્ય ને કહ્યું કે "હસ્તિનાપુર" એ પાંડવો નું ફોકસ નહતું એ કૌરવો ના જીવન નો ધ્યેય હતો.કૌરવો ને એના ધ્યેય પરથી "અભિમાન" એ હરાવ્યા હતા.

પાંડવો નું ફોકસ "કૃષ્ણ" હતા એટલે મહાભારત નું યુદ્ધ જીત્યા બાદ રાજ કારભાર તો સાંભળ્યો.જ્યારે દ્વારિકા થી પરત ફરેલ અર્જુન ના મુખ પર નિરાશા વિષાદ ના ચિન્હો જોયા ત્યારે પાંચ પાંડવો એ હસ્તિનાપુર ની ગાદી પૌત્ર વ્રજ ને સોંપી ને વન તરફ પ્રયાણ કર્યું હતું.

કળયુગ નો માણસ એ વધારે વાસનાઓ ના અંધકાર માં ગરક થયેલો જોવા મળે છે એટલે તો કાર્ય પર ફોક્સ રાખી શકતો નથી. "મૃત્યુ બાદ શું મળશે એ ખબર નથી એટલે જીવતે જી બધા જલ્સા કર્યા કરો" મોહ જ મનુષ્ય ના વિનાશ નું મોટા માં મોટું કારણ અંત સુધી રહેતું હોય છે. વર્તમાન નો માણસ "ન..થી" કરતા 'હા..થી' માં વધારે જીવે છે. શિષ્ય ને નાનકડું "મોક્ષ" અંતર્ગત પ્રવચન આપી ને ગુરુદેવ એ મૌન



ધારણ કરી લીધું.

કથા: અચાનક માણસ એ ગાઢ નિંદ્રામાં ખુદ ને યમરાજા ના દરબાર માં જોતા જ ગભરાયો મનોમન "મમ્મી.. મમ્મી.. માતાજી ભાગ્યવાન..ડાર્લિંગ..સ્વીટી.." વગેરે સ્ત્રી પાત્રો ને યાદ કર્યા. સમસ્યા એ હતી કે યમરાજા ના દરબાર માં હિન્દી ગુજરાતી વગેરે પ્રાદેશિક ભાષા ના બદલે અંગ્રેજી ભાષા બોલતી હતી. માણસ ને હિન્દી અને ગુજરાતી ભાષા આવડે પણ અંગ્રેજી ભાષા લાઈફમાં ક્યારેય સમજાય જ નહતી.યમરાજા એ માણસ ને અંગ્રેજી મા બેત્રણ પ્રશ્નો પૂછ્યા "પૃથ્વી લોકની સફરની કુલ મૂડી? માણસ માત્ર લોભ ને પાત્ર એટલે માણસ એ વિચાર્યું કે મોટો માણસ છે એટલે શરાબ,શબાબ અને ધનથી ખરીદી લેવાશે.જો યમરાજા ખુશ તો સીધી એન્ટ્રી સ્વર્ગ ની સમજો. માણસ એ એના મગજ માં આવેલ "શબાબ,શરાબ અને ધન" વાળો વિચાર યમરાજા ના કાન માં નાખતા ભેગા જ..વર્ષમાં એક જ વાર સ્માઈલ આપતા યમરાજા એ ખડખડાટ હસ્તા હસ્તા દૂતો ને પૂછ્યું કે આ કાર્ટૂન ને ક્યાંથી ઉપાડીને લાવ્યા છો? "કાર્ટૂન" શબ્દ કાને પડતાં જ માણસ ની આંખ ખુલી ગઈ જતા એ ખુશ થતા થતા બોલ્યો કે બચી ગયો બાપલા બચી ગયો..હાશ!!ખબર નહી મારું શું થાત? મરી ને યમરાજા ના માથાં પર ટપલી મારી ને આવ્યો છું.માણસ ને એની પત્ની કહ્યું કે ખોટેખોટા નાટકો કરવાનું બંધ કરો ને ફટાફટ ઉઠીને ઘરકામ માં લાગી જાવ,કેમ? આજ કામવાળી ની રજા છે એટલે...

# સુપરસ્ટાર થલાપતિ વિજયે એક્ટિંગમાંથી લીધો સંન્યાસ

**33 વર્ષની કારકિર્દી બાદ રાજકીય અખાડામાં ઝંપલાવ્યું; છેલ્લી ફિલ્મ 'જન નાયકન'ના ઓડિયો લોન્ચ પર જાહેરાત**



સાઉથ સુપરસ્ટાર થલાપતિ વિજયે એક્ટિંગ કરિયરમાંથી સંન્યાસ લેવાની જાહેરાત કરી દીધી છે. તેમણે 33 વર્ષના લાંબા ફિલ્મી કરિયર પછી ફિલ્મોને અલવિદા કહેવાનો નિર્ણય કર્યો છે. 'જન નાયકન' ફિલ્મ બાદ હવે વિજય સંપૂર્ણપણે પોતાની રાજકીય પાર્ટી તમિલગા વેત્રી કઝગમ (TVK) પર ધ્યાન આપશે.

વિજયે આ જાહેરાત 27 ડિસેમ્બર 2025ના રોજ મલેશિયામાં ડિરેક્ટર એચ. વિનોદની ફિલ્મ 'જન નાયકન'ના ઓડિયો લોન્ચ દરમિયાન કરી હતી. તે હાલમાં 51 વર્ષના છે અને જન નાયકન તેમની છેલ્લી ફિલ્મ હશે. મંચ પરથી તેમણે સ્પષ્ટ કહ્યું કે, હવે તેઓ સંપૂર્ણપણે રાજકારણ પર ધ્યાન આપશે.

તેમણે જણાવ્યું કે, ગયા વર્ષે તેમણે પોતાની રાજકીય પાર્ટી તમિલગા વેત્રી કઝગમ બનાવી હતી અને હવે તેમની પાર્ટી 2026માં યોજાનારી તમિલનાડુ વિધાનસભા ચૂંટણી પણ લડશે. વિજય હવે સંપૂર્ણપણે રાજકારણ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

ચાહકોને સંબોધતા વિજયે કહ્યું, 'મારા માટે એક જ વાત મહત્ત્વની છે. લોકો મારા માટે થિયેટર આવે છે અને લાઈનમાં ઊભા રહે છે. તેથી હું આગામી 30-33 વર્ષ તેમના માટે ઊભા રહેવા માંગુ છું. મારા આ જ ચાહકો માટે હું સિનેમામાંથી સંન્યાસ લઈ રહ્યો છું.'

તેમણે વધુમાં કહ્યું કે, કારકિર્દીના પહેલા દિવસથી તેમને દરેક પ્રકારની ટીકાનો સામનો કરવો પડ્યો. તેમ છતાં તેમના ચાહકો હંમેશા તેમની સાથે ઊભા રહ્યા. વિજયે કહ્યું કે, '33 વર્ષ સુધી મળેલા આ પ્રેમ અને સમર્થનને હું ક્યારેય ભૂલીશ નહીં.'

## 2015 પછી વિજયની એકપણ ફિલ્મ ફ્લોપ થઈ નથી

- નોંધનીય છે કે, વિજયે 1992માં તેમના પિતા એસ.એ. ચંદ્રશેખરની ફિલ્મ 'નાલૈયા થિરપૂ'થી લીડ એક્ટર તરીકે ડેબ્યૂ કર્યું હતું. 2015માં આવેલી ફિલ્મ 'પુલી' પછી તેમની એક પણ ફિલ્મ ફ્લોપ થઈ નથી. 'બીસ્ટ' (2022), 'વારિસુ' (2023) અને 'ધ ગ્રેટેસ્ટ ઑફ ઑલ ટાઇમ (GOAT)' (2024) જેવી ફિલ્મોને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો પણ કમાણી સારી રહી હતી.
- વિજયે 1984માં આવેલી ફિલ્મ 'વેત્રી'થી બાળ કલાકાર તરીકે ફિલ્મોમાં કામ કરવાનું શરૂ કર્યું. આ ફિલ્મનું ડિરેક્શન તેમના પિતા ચંદ્રશેખરે કર્યું હતું. બાદમાં જ્યારે તેમણે ફિલ્મોમાં હીરો બનવાની ઈચ્છા વ્યક્ત કરી, ત્યારે તેમના પિતાએ શરૂઆતમાં ના પાડી દીધી.
- સ્ટાર વિજય ચેનલના શો 'કોફી વિથ અનુ'માં વિજયે કહ્યું હતું કે, 'હું ભણવામાં નબળો હતો અને જીવનમાં કંઈક કરવા માંગતો હતો. તેથી મેં વારંવાર મારા પિતાને મને ફિલ્મોમાં લાવવા માંગ કરી. જ્યારે પિતાએ વારંવાર ના પાડી, તો હું ખીજાઈ ગયો અને ઘર છોડીને ઉદયમ થિયેટર ચાલ્યો ગયો. જતાં જતાં મેં એક ચિઠ્ઠી પણ છોડી કે, મને કોઈ શોધતા નહીં.'
- વિજયનો પ્લાન ફિલ્મ જોઈને બે કલાકમાં ઘરે પાછા ફરવાનો હતો પણ જેવી તેના પિતાને ખબર પડી કે તે થિયેટરમાં છે, તેઓ થિયેટર પહોંચ્યા અને વિજયને ઘરે લઈ ગયા.
- ઈન્ડિયન એક્સપ્રેસ (અખબાર)ના અહેવાલ મુજબ, વિજયના પિતાએ પણ આ કિસ્સો શેર કર્યો હતો. તેમના જણાવ્યા મુજબ, વિજય સવારે 10 વાગ્યે ઘરેથી નીકળ્યો હતો અને સાંજ સુધી પાછો ફર્યો ન હતો. બાદમાં તેને ઉદયમ થિયેટરમાં શોધી કાઢવામાં આવ્યો, જ્યાં એક ચોકીદારે જણાવ્યું કે, વિજય ફિલ્મ જોઈ રહ્યો છે.
- ચંદ્રશેખરે એમ પણ કહ્યું કે, તે ઈચ્છતા હતા કે વિજય ડૉક્ટર બને. ખાસ તો એટલા માટે કે વિજયની નાની બહેન જે માત્ર 2 વર્ષની હતી, તેનું બ્લડ કેન્સરના કારણે અવસાન થઈ ગયું હતું. ત્યારે વિજય માત્ર 10 વર્ષનો હતો.

## વિક્રમ ભટ્ટ અને તેની પત્નીની બીજી જામીન અરજી પણ ફગાવાઈ

બોલિવુડ ફિલ્મ ડાયરેક્ટર વિક્રમ ભટ્ટ તથા તેની પત્ની શ્વેતામ્બરી ભટ્ટની સતત બીજી જામીન અરજી પણ ઉદયપુર કોર્ટે ફગાવી દીધી છે. આથી ૩૦ કરોડના ફ્રોડનાં આરોપી આ પતિ -પત્ની હજુ પણ જેલની હવા ખાઈ રહ્યાં છે.

અગાઉ બંનેએ તબીબી કારણોસર જામીન માગ્યા હતા. પરંતુ, અદાલતે એ અરજી ફગાવી દીધી હતી. તે પછી બંનેએ બીજીવાર જામીન માગતાં ઉદયપુરની કોર્ટે એમ કહીને અરજી ફગાવી દીધી હતી કે ગુનો બહુ ગંભીર પ્રકારનો છો, હાલ તપાસ બહુ મહત્વના તબક્કે છે. આ કેસના અનેક દસ્તાવેજો હજુ તપાસવાના બાકી છે. આ તબક્કે જામીન આપવા યોગ્ય નહિ ગણાય.

ઉલ્લેખનીય છે કે વિક્રમ ભટ્ટ તથા તેની પત્ની સામે ઉદયપુરની એક આઈવીએફ કંપનીના માલિક પાસેથી ચાર ફિલ્મો બનાવવાના પૈસા લીધા બાદ ફિલ્મો નહિ બનાવીને આ પૈસા અન્યત્ર વાળી દઈ છેતરપિંડી કરવાનો આરોપ છે.



## 'શાહરુખ જેન્ટલમેન છે, જ્યારે સલમાન બેડ બોય':અરશદ વારસી



એક્ટર અરશદ વારસીએ તાજેતરમાં શાહરુખ ખાન અને સલમાન ખાન સાથે કામ કરવાના પોતાના અનુભવો શેર કર્યા છે. અરશદે શાહરુખને 'જેન્ટલમેન' અને સલમાનને 'બેડબોય' ગણાવ્યો છે.

તાજેતરમાં 'ધ લલ્લનટોપ' સાથેની વાતચીતમાં અરશદ વારસીએ બંને બોલિવૂડ સુપરસ્ટાર્સ સાથે કામ કરવાનો અનુભવ શેર કર્યો હતો.

અરશદે શાહરુખ ખાન વિશે કહ્યું કે, 'તે પોતાના કામને ખૂબ સારી રીતે જાણે છે. તેમનામાં થિયેટરવાળી જૂની શૈલી છે. તેમને પોતાના બધાં ડાયલોગ યાદ રહે છે. તે ખૂબ જ નમ્ર અને સપોર્ટિંગ એક્ટર છે.'

અરશદે એમ પણ કહ્યું કે, 'શાહરૂખના બાળકો સુહાના અને આર્યન પણ ખૂબ સારા સંસ્કારોવાળા છે. જ્યારે મને ફિલ્મ 'કિંગ' ઓફર થઈ, ત્યારે મેં એક સેકન્ડમાં હા પાડી દીધી.' અરશદના મતે શાહરુખ પોતે કહી ચૂક્યા છે કે, તે છેલ્લો સુપરસ્ટાર છે અને અરશદ આ વાત સાથે સહમત છે.

સલમાન ખાન વિશે વાત કરતા અરશદે કહ્યું કે, 'તેમની છબી એક બેડ બોયની છે. સલમાન એક હેન્ડસમ અને બેડ બોય ટાઈપ વ્યક્તિ લાગે છે. જ્યારે શાહરુખ એક જેન્ટલમેન છે અને વધુ સમજદાર છે.'

અરશદે આગળ કહ્યું કે, 'બંનેમાં કોઈ ખરાબી નથી. સલમાન પ્રાઈવેટ લાઈફમાં બિલકુલ અલગ વ્યક્તિ છે. ઘરે તે ખૂબ મજાક-મસ્તી કરે છે. સલમાનનો આખો પરિવાર ખૂબ મજાકિયો છે અને જિંદગીને મજાથી જીવનારો છે.'

## ડિરેક્ટર સાજીદ ખાન ફિલ્મના સેટ પર ઈજાગ્રસ્ત : પગમાં ફ્રેક્ચર થતાં સર્જરી કરાવી



ડિરેક્ટર સાજિદ ખાન સાથે એક્તા કપૂરના પ્રોડક્શનના સેટ પર અકસ્માત થયો હતો. શૂટિંગ દરમિયાન તેના પગમાં ફ્રેક્ચર થઈ ગયું હતું. પરિણામે તેને હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. ડૉક્ટરોએ રવિવારે સાજિદના પગની સર્જરી કરી. સર્જરી બાદ તેની હાલત સ્થિર હોવાનું જણાવાયું. તેની બહેન અને ફિલ્મમેકર ફરાહ ખાને તેના સ્વાસ્થ્ય અંગે માહિતી આપી. ફરાહે કહ્યું, 'સર્જરી થઈ ગઈ છે અને હવે સાજિદ બિલકુલ ઠીક છે.' પરિવારના જણાવ્યા અનુસાર, સાજિદના સ્વાસ્થ્યમાં સતત સુધારો થઈ રહ્યો છે. ગત મહિને 23 નવેમ્બરે સાજિદે પોતાનો 55મો જન્મદિવસ પરિવાર અને નજીકના મિત્રો સાથે ઉજવ્યો હતો. આ પ્રસંગે ફરાહ ખાને સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો હતો. વીડિયોમાં સાજિદ કેક કાપતો જોવા મળ્યો. તેના મિત્રો તેના માટે ગીત ગાતા દેખાયા હતા. ફરાહે પોસ્ટ કરીને ભાઈને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી હતી.

સાજિદ ખાનની ડિરેક્શન કારકિર્દીની વાત કરીએ તો, વર્ષ 2006માં આવેલી તેની પહેલી ફિલ્મ 'ડરના જરૂરી હૈ' હતી. આ પછી તેણે ઘણી કોમેડી ફિલ્મોનું ડિરેક્શન કર્યું, જેમાં 'હે બેબી', 'હાઉસફુલ' અને 'હાઉસફુલ 2' જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે. આ પછી તેણે 'હિંમતવાલા' અને 'હમશકલ્સ' જેવી ફિલ્મો પણ બનાવી હતી, જેણે બોક્સ ઓફિસ પર ખરાબ પ્રદર્શન કર્યું હતું. સાજિદ ખાન એક્ટર તરીકે 'જૂઠ બોલે કૌવા કાટે', 'મૈં હૂં ના', 'મુજસે શાદી કરોગી' અને 'હેપ્પી ન્યૂ યર' જેવી ફિલ્મોમાં પણ જોવા મળી ચૂક્યો છે.

## ફ્રેન્ચ અભિનેત્રી અને એનિમલ રાઈટ્સ એક્ટિવિસ્ટ બ્રિજિટ બાર્ડોનું 91 વર્ષે નિધન

ફ્રાન્સની દિગ્ગજ અભિનેત્રી, ૧૯૬૦ના દાયકાનાં સેક્સ સિમ્બોલ અને પાછળથી એનિમલ રાઈટ્સ કાર્યકર બની ગયેલાં બ્રિજિટ બાર્ડોનું ૯૧ વર્ષની વયે નિધન થયું હતું. તેઓ દક્ષિણ ફ્રાન્સમાં સ્થિત તેમના ઘરમાં મૃત મળી આવ્યા હતા. આ સાથે યુરોપના સિનેમામાં ગ્લેમરથી વિદ્રોહ સુધીના બાર્ડો યુગનો અંત આવ્યો છે.

બ્રિજિટ બાર્ડોને વર્ષ ૧૯૫૬માં ફિલ્મ 'એન્ડ ગોડ ક્રિએટેડ વુમન'થી વૈશ્વિક ખ્યાતી મળી હતી.૧૯૫૦થી ૬૦ના દાયકામાં બ્રિજિટનું નામ ગ્લેમર અને બોલ્ડનેસનો પર્યાય બની ગયું હતું. તેમણે પરંપરાગત છબીઓને તોડતા મહિલાઓની આઝાદી અને આત્મ-અભિવ્યક્તિને નવી ઓળખ આપી હતી.

બ્રિજિટ બાર્ડોનો જન્મ ૧૯૩૪માં પેરિસમાં થયો હતો. અભિનેત્રી હોવાની સાથે ફ્રેન્ચ પોપ ગાયિકા તરીકે પણ બાર્ડોએ ખ્યાતિ મેળવી હતી. જોકે, ફિલ્મી કારકિર્દીમાં ટોચ પર હતાં ત્યારે ૩૯ વર્ષની વયે જ બ્રિજિટે અચાનક ફિલ્મી દુનિયા છોડી દીધી. તેમણે પોતાનું જીવન પશુઓના અધિકારો માટેના આંદોલનને સમર્પિત કરી દીધું હતું.

## રણવીરની પ્રલયમાં આલિયા ભટ્ટને રોલ ઓફર કરાયો

રણવીરસિંહની આગામી ફિલ્મ 'પ્રલય'માં આલિયા ભટ્ટને ફીમેલ લીડનો રોલ ઓફર કરાયો હોવાનું કહેવાય છે. દિગ્દર્શક જય મહેતાના જણાવ્યા અનુસાર આ ફિલ્મમાં નાયકને શરણે થતી નહિ પરંતુ તેની સમકક્ષ મજબૂત સ્ત્રી તરીકેના રોલમાં આલિયા તેમને પરફેક્ટ લાગે છે.

જોકે, આલિયાએ આ ફિલ્મ સાઈન કરી છે કે કેમ તે હજુ સ્પષ્ટ નથી. આલિયા આ રોલ સ્વીકારશે તો 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની' પછી બીજીવાર તેઓ કોલબરેશન કરશે.

'પ્રલય' ફિલ્મમાં મુંબઈમાં તબાહીના દ્રશ્યો દર્શાવાશે. કેટલીક હોલિવુડ ફિલ્મો પરથી તેની પ્રેરણા લેવાઈ છે. રણવીર સિંહે હાલમાં જ 'ડોન થ્રી' ફિલ્મ છોડી દીધી છે.

અને તેણે હવે 'પ્રલય'નાં શૂટિંગ માટે જ તમામ તારીખો ફાળવવાનું નક્કી કર્યું હોવાનું કહેવાય છે.



## દીપિકા-રણવીર સિંહ ન્યૂયોર્કમાં વેકેશન માણતા દેખાયા



રણવીર સિંહ હાલમાં તેની ફિલ્મ 'ધુરંધર'ની શાનદાર સફળતા પછી બ્રેક પર છે. તે પત્ની દીપિકા પાદુકોણ સાથે રજાઓ માણી રહ્યો છે. બંને તાજેતરમાં અમેરિકાના ન્યૂયોર્ક સિટીમાં સાથે જોવા મળ્યાં હતાં.

સોશિયલ મીડિયા પર સામે આવેલી તસવીરોના આધારે માનવામાં આવી રહ્યું છે કે, બંને ન્યૂયોર્ક પહોંચી ગયા છે. ઈન્ટરનેટ પર સામે આવેલા ફોટોમાં રણવીર અને દીપિકા ન્યૂયોર્કમાં ચાહકો સાથે ફોટો પડાવતા જોવા મળી રહ્યા છે. એક ચાહકે તસવીરો શેર કરતા જણાવ્યું કે, રણવીરે તેમની સાથે ફોટો ક્લિક કરાવ્યો. જ્યારે દીપિકા રણવીરની બહેન રિતિકા ભવનાની સાથે ઉભેલી જોવા મળી.

આ આઉટિંગ દરમિયાન રણવીરનો લુક કેઝ્યુઅલ જોવા મળ્યો. તેણે બ્લેક સ્વેટર પહેર્યું હતું. તેની સાથે ગ્રે કલરનો ડિઝાઈનવાળો સ્કાર્ફ હતો. માથા પર બ્લેક બીની અને આંખો પર હળવા રંગના સનગ્લાસિસ દેખાયા. એક લાલ રંગની ક્રોસ-બોડી સ્ટ્રેપે તેના લુકમાં થોડો રંગ ઉમેર્યો.

જ્યારે દીપિકા ઠંડા હવામાનને અનુરૂપ સિમ્પલ અને એલિગન્ટ આઉટફિટમાં જોવા મળી. તેણે સફેદ રંગનો કોટ અને તે જ રંગનો જાડો સ્કાર્ફ પહેર્યો હતો.

'ધુરંધર' ફિલ્મે ચોથા શનિવારે એટલે કે 27 ડિસેમ્બરે 20.90 કરોડ રૂપિયાનું શાનદાર કલેક્શન કરીને રણબીર કપૂરની ફિલ્મ 'એનિમલ'ને પણ પાછળ છોડી દીધી છે. ફિલ્મનું વર્લ્ડવાઈડ કલેક્શન 1,026 કરોડ રૂપિયા થઈ ગયું છે. આ સાથે આ ફિલ્મ બોલિવૂડના ઈતિહાસની ચોથી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે.



### શાહરૂખ ખાનની પઠાણનો રેકોર્ડ જલ્દી તૂટી શકે છે

ફિલ્મ 'ધુરંધર'ની વર્તમાન કમાણી જોતાં, એવો અંદાજ છે કે, તે ચોથા રવિવારે જબરદસ્ત કમાણી કરીને શાહરૂખ ખાનની પઠાણનો રેકોર્ડ તોડી નાખશે. આ ફિલ્મ 5 ડિસેમ્બરે રિલીઝ થઈ હતી. ચોથા અઠવાડિયે પણ તે લગભગ દરરોજ 20 કરોડ રૂપિયાનું કલેક્શન કરી રહી છે. ચોથા શુક્રવારે ફિલ્મે 15 કરોડ રૂપિયાની કમાણી કરી હતી. જોકે, શનિવારે કલેક્શન ફરી વધીને 20.90 કરોડ રૂપિયા થઈ ગયું. આવી સ્થિતિમાં, રવિવારે ફિલ્મ સ્પષ્ટપણે 20 કરોડથી વધુનું કલેક્શન કરી શકે છે.

વર્ષ 2025ની સૌથી મોટી ફિલ્મ સાબિત થયા પછી હવે 'ધુરંધર'નો બીજો ભાગ 19 માર્ચ 2026ના રોજ રિલીઝ થવાનો છે. તેનો બોક્સ ઓફિસ ક્લેશ 'KGF' ફેમ યશ અને કિયારા અડવાણી સ્ટારર ફિલ્મ 'ટોક્સિક' સાથે થશે.



વર્ષ 2026 ની શરૂઆત ભારતીય ક્રિકેટ ટીમ માટે ધમાકેદાર રહેવાની છે

## IND vs NZ: ગિલ અને ઐયરની વાપસી?

# ROKO મચાવશે ધૂમ

### કેટલાક સ્ટાર ખેલાડીઓને આરામ આપવામાં આવે તેવી પણ શક્યતા છે



ન્યૂઝીલેન્ડની ટીમ ભારત પ્રવાસે આવી રહી છે, જ્યાં બંને ટીમો વચ્ચે રોમાંચક જંગ જામશે

(એજન્સી) મુંબઈ | તા. 29

વર્ષ 2026 ની શરૂઆત ભારતીય ક્રિકેટ ટીમ માટે ધમાકેદાર રહેવાની છે. ન્યૂઝીલેન્ડની ટીમ ભારત પ્રવાસે આવી રહી છે, જ્યાં બંને ટીમો વચ્ચે રોમાંચક જંગ જામશે. 11 January થી શરૂ થનારી વનડે સીરીઝ માટે ટીમ ઈન્ડિયાના સંભવિત ખેલાડીઓને લઈ ચર્ચાઓ તેજ બની છે. ખાસ કરીને કેપ્ટન શુભમન ગિલની વાપસી અને રોહિત-વિરાટની જોડી પર સૌની નજર રહેશે. જોકે, કેટલાક સ્ટાર ખેલાડીઓને આરામ આપવામાં આવે તેવી પણ શક્યતા છે.

#### કેપ્ટન ગિલની વાપસી અને ઓપનિંગનું કોયડું

દક્ષિણ આફ્રિકા સામેની ટેસ્ટ સીરીઝમાં ગરદનની ઈજાના કારણે વનડે કેપ્ટન શુભમન ગિલ બહાર થયો હતો. જોકે, હવે તે સંપૂર્ણ ફિટ થઈને ન્યૂઝીલેન્ડ સામેની વનડે સીરીઝમાં (ODI Series) કમાન સંભાળવા તૈયાર છે. ગિલની વાપસીનો સીધો અર્થ એ છે કે શાનદાર ફોર્મમાં ચાલી રહેલા યશસ્વી જયસ્વાલને કદાચ પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન ન મળે. દક્ષિણ આફ્રિકા સામે અણનમ 116 રન બનાવનાર જયસ્વાલે બહાર બેસવું પડે તો નવાઈ નહીં.

#### રોહિત-વિરાટનું ફોર્મ અને વિકેટકીપરની રેસ

ચાહકો માટે સારા સમાચાર એ છે કે રોહિત શર્મા અને વિરાટ કોહલી (Virat Kohli) આ સીરીઝમાં મેદાન ગજવતા જોવા મળશે. બંને દિગ્ગજો હાલમાં વિજય હજારે ટ્રોફીમાંપોતાની ટીમો માટે સદી ફટકારીને જબરદસ્ત ફોર્મમાં છે. વિકેટકીપર તરીકે કેએલ રાહુલપ્રથમ પસંદગી રહેશે. જ્યારે બેકઅપ વિકેટકીપર તરીકે રિષભ પંતને બદલે ઈશાન કિશન ને તક મળી શકે છે. કિશનને તાજેતરમાં જ T20 વર્લ્ડ કપની યાદીમાં પણ સ્થાન મળ્યું હતું.

#### બુમરાહ-હાર્દિકને આરામ અને ઐયર પર સસ્પેન્સ

આગામી T20 વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને પસંદગીકારો મુખ્ય ખેલાડીઓને સાચવીને રમાડવા માંગે છે. રિપોર્ટ્સ મુજબ, જસપ્રીત બુમરાહ અને હાર્દિક પંડ્યાને આ વનડે સીરીઝમાં પણ આરામ આપવામાં આવી શકે છે. બીજી તરફ, મિડલ ઓર્ડર બેટ્સમેન શ્રેયસ ઐયરની વાપસી તેની ફિટનેસ પર નિર્ભર રહેશે, કારણ કે ઓસ્ટ્રેલિયા સામે તે ઈજાગ્રસ્ત થયો હતો. બોલિંગ આક્રમણમાં પ્રસિદ્ધ કૃષ્ણા ભલે આફ્રિકામાં ખર્ચાળ સાબિત થયો હોય, પરંતુ તે ટીમમાં સ્થાન જાળવી શકે છે કે કેમ તે જોવું રહ્યું, અથવા મોહમ્મદ સિરાજની એન્ટ્રી થઈ શકે છે.

#### ભારતની સંભવિત 15 સભ્યોની ટીમ

શુભમન ગિલ (કેપ્ટન), રોહિત શર્મા, યશસ્વી જયસ્વાલ, વિરાટ કોહલી, ઋતુરાજ ગાયકવાડ, શ્રેયસ ઐયર, કેએલ રાહુલ (વિકેટકીપર), ઈશાન કિશન (વિકેટકીપર), રવિન્દ્ર જાડેજા, વોશિંગ્ટન સુંદર, કુલદીપ યાદવ, હર્ષિત રાણા, અર્શદીપ સિંહ, મોહમ્મદ સિરાજ અને પ્રસિદ્ધ કૃષ્ણા.

## વિજય હઝારે ટ્રોફી:એમપી અને મુંબઈની સતત ત્રીજી જીત

### ઉત્તરાખંડે પંજાબને 5 વિકેટે હરાવ્યું, ચંદેલાએ સદી ફટકારી

(એજન્સી) મુંબઈ | તા. 29

મધ્ય પ્રદેશ અને મુંબઈએ વિજય હજારે ટ્રોફીની વર્તમાન સિરીઝમાં સતત ત્રીજી જીત હાંસલ કરી છે. મધ્ય પ્રદેશે સોમવારે અમદાવાદમાં કેરળ પર 47 રનથી વિજય નોંધાવ્યો હતો, જ્યારે મુંબઈએ છત્તીસગઢને 9 વિકેટથી હરાવ્યું હતું. બંને ટીમો 12-12 પોઈન્ટ સાથે પોતપોતાના ગ્રુપમાં ટોચ પર છે. બીજી તરફ, ઉત્તરાખંડે પંજાબને 5 વિકેટથી હરાવીને મોટો ઉલટફેર કર્યો છે.

નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં કેરળએ ટોસ જીતીને ફિલ્ડિંગ પસંદ કરી હતી. મધ્ય પ્રદેશે 46.1 ઓવરમાં તમામ વિકેટ ગુમાવીને 214 રન બનાવ્યા હતા. જવાબમાં કેરળની ટીમ 41.1 ઓવરમાં 167 રન પર ઓલઆઉટ થઈ ગઈ હતી. 93 રનની શાનદાર ઈનિંગ રમનાર હિમાંશુ મંત્રી 'પ્લેયર ઓફ ધ મેચ' બન્યો.

બીજી તરફ, જયપુરમાં મુંબઈએ ટોસ જીતીને બોલિંગ પસંદ કરી હતી. ટીમે પહેલા તો છત્તીસગઢને 39.1 ઓવરમાં માત્ર 142 રન પર રોકી દીધું હતું. ત્યારબાદ 24 ઓવરમાં એક વિકેટના નુકસાને 144 રન બનાવીને વિજય મેળવ્યો હતો. કેપ્ટન શાર્દૂલ ઠાકુર 'પ્લેયર ઓફ ધ મેચ' બન્યો હતો, તેણે 4 વિકેટ ઝડપી હતી.

#### કુણાલ ચંદેલાની સદીથી ઉત્તરાખંડની જીત

ઉત્તરાખંડે કેપ્ટન કુણાલ ચંદેલાની શાનદાર સદીના જોરે પંજાબને 5 વિકેટથી હરાવ્યું છે. જયપુરના અનંતં ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાયેલી આ મેચમાં ઉત્તરાખંડે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પંજાબની ટીમે 50 ઓવરમાં 8 વિકેટ ગુમાવીને 269 રન બનાવ્યા હતા. ઉત્તરાખંડે 270 રનનો ટાર્ગેટ 47.4 ઓવરમાં માત્ર 5 વિકેટ ગુમાવીને હાંસલ કરી લીધો હતો.




#### 6 વેન્યુ પર રમાઈ રહી છે ટુર્નામેન્ટ

વિજય હજારે ટ્રોફીનો ત્રીજા રાઉન્ડનો મુકાબલો સોમવારે અમદાવાદ, રાજકોટ, સૌરાષ્ટ્ર, જયપુર, અલૂર, બેંગલુરુ અને રાંચીમાં રમાઈ રહ્યો છે. નોંધનીય છે કે વિરાટ કોહલી અને રોહિત શર્મા આ રાઉન્ડમાં રમી રહ્યા નથી.

#### દિલ્હીના 5 બેટર્સ આઉટ, પંતે 22 રન બનાવ્યા

સૌરાષ્ટ્ર સામે 320 રનના ટાર્ગેટનો પીછો કરી રહેલી દિલ્હીની ટીમે 36 ઓવરમાં 5 વિકેટના નુકસાને 236 રન બનાવી લીધા છે. તેજસ્વીએ અડધી સદી ફટકારી દીધી છે, જ્યારે કેપ્ટન રિષભ પંત 22 રન અને પ્રિયાંશ આર્યા 78 રન બનાવીને આઉટ થયા છે. અહીં અન્ય એક મેચમાં પંજાબે ઉત્તરાખંડને 270 રનનો ટાર્ગેટ આપ્યો છે.

## શાન મસૂદે બેવડી સદી ફટકારીને રચ્યો ઈતિહાસ, તોડ્યો ઈન્ઝમામ ઉલ હકનો 33 વર્ષ જૂનો રેકોર્ડ

સુઈ નોર્ધન ગેસ તરફથી રમતા પાકિસ્તાનના ટેસ્ટ કેપ્ટન શાન મસૂદે શાનદાર બેટિંગ કરી.






■ હાલમાં પાકિસ્તાનમાં પ્રેસિડેન્ટ કપ રમાઈ રહ્યો છે.

■ પાકિસ્તાનની ધરતી પર બેવડી સદી ફટકારીને ઈતિહાસ રચ્યો.

(એજન્સી) મુંબઈ | તા. 29

આ દરમિયાન પ્રેસિડેન્ટ કપ હાલમાં પાકિસ્તાનના ઘરઆંગણે રમાઈ રહ્યો છે. આ એક ફર્સ્ટ-ક્લાસ ડોમેસ્ટિક ટુર્નામેન્ટ છે. આ ટુર્નામેન્ટમાં પાકિસ્તાનના ટેસ્ટ કેપ્ટન શાન મસૂદે ડબલ સેન્ચુરી ફટકારીને ધૂમ મચાવી છે.

#### 33 વર્ષ જૂનો રેકોર્ડ તૂટ્યો

આ મેચમાં શાન મસૂદ સુઈ નોર્ધન ગેસ તરફથી રમી રહ્યો છે. તેને 177 બોલમાં બેવડી સદી ફટકારી હતી. ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં પાકિસ્તાની બેટ્સમેન દ્વારા આ સૌથી ઝડપી બેવડી સદી છે. પોતાની બેવડી સદી સાથે શાને ઈન્ઝમામ ઉલ હકનો રેકોર્ડ તોડ્યો હતો. ઈન્ઝમામે 1992માં ઈંગ્લેન્ડ સામે બેવડી સદી ફટકારી હતી. તેને 188 બોલમાં આ સદી ફટકારી હતી. શાન મસૂદ 185 બોલમાં 212 રન બનાવી અણનમ રહ્યો હતો.

PCB
Pakistan Cricket Board

#### શાન મસૂદનો ઈન્ટરનેશનલ રેકોર્ડ

શાન મસૂદે પાકિસ્તાન માટે 44 ટેસ્ટ મેચ રમી છે, જેમાં 2550 રન બનાવ્યા છે. તેને 6 સદી અને 13 અડધી સદી ફટકારી છે. તેને 9 વનડેમાં 163 રન અને 19 T20 ઈન્ટરનેશનલ મેચમાં 395 રન બનાવ્યા છે.આ પહેલા સુઈ નોર્ધન માટે રમતી વખતે શાને લિસ્ટ A ક્રિકેટમાં 105 રન બનાવ્યા હતા. તે ટીમ માટે સતત સારું પ્રદર્શન કરી રહ્યો છે. પરંતુ શાન મસૂદ હાલમાં પાકિસ્તાન ટેસ્ટ ટીમનો કેપ્ટન છે. તે વર્તમાન પાકિસ્તાન ODI અને T20 ટીમનો ભાગ નથી.



## રાશિદ ખાનનો તૂટ્યો રેકોર્ડ, વેસ્ટ ઈન્ડીઝના ખેલાડીએ 2025માં હાંસલ કરી આ સિદ્ધિ

વેસ્ટ ઈન્ડિઝનો જેસન હોલ્ડર હવે રાશિદ ખાનનો 7 વર્ષ જૂનો રેકોર્ડ તોડીને એક વર્ષમાં સૌથી વધુ T20 વિકેટ લેનાર બોલર બની ગયો છે.



(એજન્સી) મુંબઈ | તા. 29

અત્યાર સુધી રાશિદ ખાન એક વર્ષમાં સૌથી વધુ T20 વિકેટ લેવાનો રેકોર્ડ ધરાવે છે. 2018માં તેને 61 મેચોમાં 96 વિકેટ લીધી. ત્યારથી લગભગ 7 વર્ષ વીતી ગયા છે, પરંતુ વિશ્વના અન્ય કોઈ બોલરે એક કેલેન્ડર વર્ષમાં T20 ક્રિકેટમાં વધુ વિકેટ લીધી નથી. T20 ક્રિકેટમાં ઈન્ટરનેશનલ ક્રિકેટ અને લીગમાં લેવામાં આવેલી વિકેટનો પણ સામેલ છે. જેસન હોલ્ડરે હવે તેને પાછળ છોડી દીધો છે.જેસન હોલ્ડરે 2025માં અત્યાર સુધીમાં 69 T20 મેચોમાં 97 વિકેટ લીધી છે. જેસન હોલ્ડરે 2010માં T20માં ડેબ્યૂ કર્યું હતું. ત્યારથી તેને 351 વિકેટ લીધી છે, જેમાંથી 97 વિકેટ આ વર્ષે આવી છે. આ દર્શાવે છે કે હોલ્ડર માટે આ વર્ષ કેટલું સફળ રહ્યું છે.



## ભૂતાનના સ્પિનરે મ્યાનમાર સામે કમાલ કરી, 4 ઓવરમાં માત્ર 7 રન જ આપ્યા

# ટી-20 મેચમાં 8 વિકેટ લેવાનો વર્લ્ડ રેકોર્ડ બન્યો

■ મલેશિયાના સયાજરુલ ઇદ્રુસે 2023માં ચીન સામે 8 રન આપીને 7 વિકેટ લીધી હતી.
■ બહેરીનના અલી દાઉદે 2025માં ભૂતાન સામે 19 રન આપીને 7 વિકેટ લીધી હતી.

(એજન્સી) મુંબઈ | તા. 29

ભૂતાનનો ઓફ સ્પિનર સોનમ યેશેએ ઈતિહાસ રચ્યો છે. 22 વર્ષીય સોનમ ટી-20 ક્રિકેટની એક મેચમાં 8 વિકેટ લેનાર વિશ્વનો પ્રથમ બોલર બન્યો છે. યેશેએ પોતાના કોટાના ચાર ઓવરમાં 7 રન આપીને 8 વિકેટ લીધી હતી. જેમાં એક મેડન ઓવર પણ સામેલ હતી. તેની ઈકોનોમી માત્ર 1.75 રહી હતી.સોનમે 26 ડિસેમ્બરે ગેલેફુમાં મ્યાનમાર સામે રમાયેલી ત્રીજી ટી-20 ઈન્ટરનેશનલ મેચમાં 8 વિકેટ ઝડપી હતી. ભૂતાન ક્રિકેટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું- 'આ એક યાદગાર સ્પેલ છે. સોનમ યેશેનો 4 ઓવરમાં 8/7નો દેખાવ વર્લ્ડ રેકોર્ડ બની ગયો છે.'

#### યેશેનો દેખાવ જુઓ

2 બોલરોએ 7-7 વિકેટ લીધી T20 ક્રિકેટમાં પહેલીવાર કોઈ બોલરે એક મેચમાં 8 વિકેટ લીધી છે. આ પહેલા નેધરલેન્ડના કોલિન એકરમેને 2019માં અને અફઘાનિસ્તાનના તસ્કીન અહેમદે 2025માં એક મેચમાં 7-7 વિકેટ લીધી હતી. જ્યારે, T20 ઈન્ટરનેશનલમાં પણ બે બોલરો 7-7 વિકેટ લઈ ચૂક્યા છે.ભૂતાને મ્યાનમારને 82 રનથી હરાવ્યું સોનમ યેશેની શાનદાર બોલિંગને કારણે ભૂતાને મ્યાનમારને 128 રનના લક્ષ્યનો પીછો કરતા માત્ર 45 રનમાં ઓલઆઉટ કરી દીધું. ભૂતાને આ મેચ 82 રનથી જીતી લીધી. પાંચ મેચની T20 સિરીઝમાં ભૂતાન હાલમાં 4-0થી આગળ છે. આ સિરીઝમાં સોનમ યેશે અત્યાર સુધી 4 મેચમાં 12 વિકેટ લઈ ચૂક્યો છે. સિરીઝની છેલ્લી મેચ સોમવારે રમાશે.સોનમ યેશે વિશે જાણો સોનમ યેશેએ જુલાઈ 2022માં મલેશિયા સામે ટી20 ઈન્ટરનેશનલ ડેબ્યૂ કર્યું હતું. ત્યારથી અત્યાર સુધીમાં તેણે 34 મેચની 33 ઈનિંગ્સમાં 37 વિકેટ લીધી છે. તેની સરેરાશ 17.37 અને ઈકોનોમી 5.69 છે. તેના નામે ટી20 ક્રિકેટમાં એક ચાર વિકેટ અને એક પાંચ વિકેટ હોલ પણ નોંધાયેલ છે.

## KKRના સ્ટાર બેટરે હોસ્પિટલમાંથી રજા મળતાની સાથે જ મેદાનમાં મચાવી ધૂમ, ટીમને અપાવી જીત

(એજન્સી) મુંબઈ | તા. 29

વિજય હજારે ટ્રોફી 2025-26 હાલમાં ભારતમાં રમાઈ રહી છે. આ ટુર્નામેન્ટમાં ઘણા સ્ટાર ભારતીય ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. ટુર્નામેન્ટનો ત્રીજો રાઉન્ડ 29 ડિસેમ્બરે રમાયો હતો. આ મેચ મુંબઈ અને છત્તીસગઢ વચ્ચે જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં રમાઈ હતી.આ મેચમાં KKRના સ્ટાર બેટ્સમેને મુંબઈ માટે પોતાની બેટિંગથી ફેન્સનું ધ્યાન ખેંચ્યું. હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ તેને છત્તીસગઢ સામે શાનદાર અડધી સદી ફટકારી હતી.અંગક્રિશ રઘુવંશીએ IPL 2026 માટે KKR ની ટીમનો ભાગ છે. ફ્રેન્ચાઈઝીએ તેને 3 કરોડ રૂપિયામાં રિટેન કર્યો હતો. તેની હોમ ટીમ મુંબઈ તરફથી રમતા અંગક્રિશે છત્તીસગઢ સામે શાનદાર સદી ફટકારી. તેને 66 બોલમાં 68 રન બનાવ્યા. તેની ઈનિંગ દરમિયાન તેને 6 ચોગ્ગા અને 2 છગ્ગા ફટકાર્યા.મુંબઈની છેલ્લી મેચ ઉત્તરાખંડ સામે હતી. તે મેચમાં ફિલ્ડિંગ કરતી વખતે અંગક્રિશ રઘુવંશીને ઈજા થઈ હતી. તેમની હાલત એટલી ગંભીર હતી કે રઘુવંશીને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યો.

મોટો અકસ્માત: 98 ઘાયલ, ટ્રાફિક ખોરવાયો, મેક્સિકન નેવીની દેખરેખ હેઠળ ચાલતી હતી

# દક્ષિણ મેક્સિકોમાં ટ્રેન પાટા પરથી ઉતરી, 13ના મોત

(એજન્સી) ઓક્સાકા । તા. 29



દક્ષિણ મેક્સિકોમાં એક ટ્રેન પાટા પરથી ઉતરી, ઓછામાં ઓછા 13 લોકો માર્યા ગયા અને 98 ઘાયલ થયા. પેસિફિક મહાસાગરને મેક્સિકોના અખાત સાથે જોડતી રેલ્વે લાઇન પર ટ્રાફિક ખોરવાઈ ગયો. ઓક્સાકા અને વેરાક્રુઝ રાજ્યોને જોડતી ટ્રાન્સઓસેનિક ટ્રેન નિજાન્ડા શહેર નજીક એક વળાંક પર પાટા પરથી ઉતરી ગઈ. રવિવારે X પર એક સંદેશમાં, ઓક્સાકા રાજ્યના ગવર્નર સોલોમન જારાએ જણાવ્યું હતું કે ઘાયલોને મદદ કરવા માટે ઘણી સરકારી એજન્સીઓ અકસ્માત સ્થળે પહોંચી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે અકસ્માત સમયે ટ્રેનમાં 241 મુસાફરો અને નવ ક્રૂ સભ્યો સવાર હતા. ટ્રાન્સઓસેનિક ટ્રેનનું ઉદ્‌ઘાટન 2023 માં તત્કાલીન રાષ્ટ્રપતિ એન્ડ્રેસ મેન્યુઅલ લોપેઝ ઓબ્રાડોર દ્વારા કરવામાં આવ્યું હતું. આ રેલ સેવા દક્ષિણ મેક્સિકોમાં રેલ મુસાફરીને પ્રોત્સાહન આપવા અને પેસિફિક મહાસાગર અને મેક્સિકોના અખાત વચ્ચેના સાંકડા સ્ટ્રેટ, ટેહુઆન્ટેપેક સ્ટ્રેટ સાથે માળખાગત સુવિધાઓ વિકસાવવાના વ્યાપક પ્રયાસનો એક ભાગ છે. મેક્સિકન સરકાર આ સ્ટ્રેટને આંતરરાષ્ટ્રીય વેપાર માટે એક વ્યૂહાત્મક કોરિડોરમાં રૂપાંતરિત કરવાની યોજના ધરાવે છે, જેમાં એટલાન્ટિક અને પેસિફિક મહાસાગરોને જોડતા બંદરો અને રેલ લાઇનો હશે. ટ્રાન્સઓસેનિક ટ્રેન હાલમાં પેસિફિક મહાસાગર પરના સેલિના ક્રુઝ બંદરથી કોટઝાકોઆલ્કોસ સુધી દોડે છે.

## સરકારી એજન્સીઓ ઘાયલોની મદદ માટે પહોંચી

ઓક્સકા રાજ્યના ગવર્નર સલોમોન જારાએ X પર પોસ્ટ કરીને જણાવ્યું કે ઘણી સરકારી એજન્સીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને ઘાયલોને મદદ કરી રહી છે. મેક્સિકોના એટર્ની જનરલ અર્નેસ્ટિના ગોડોય રામોસે પણ સોશિયલ મીડિયા પર જાણકારી આપી કે આ ઘટનાની તપાસ શરૂ કરી દેવામાં આવી છે. આ ટ્રેન પ્રશાંત મહાસાગરના સાલિના ક્રુઝ બંદરથી એટલાન્ટિક મહાસાગર સુધી લગભગ 290 કિલોમીટરનું અંતર કાપે છે.

## રેલ લાઇનનું ઉદ્ઘાટન 2023માં થયું હતું

આ ઈન્ટરોશિયનિક ટ્રેન સેવા 2023 માં તત્કાલીન રાષ્ટ્રપતિ એન્ડ્રેસ મેન્યુઅલ લોપેઝ ઓબ્રાડોર દ્વારા શરૂ કરવામાં આવી હતી. આ મેક્સિકોના દક્ષિણ ભાગમાં રેલ યાત્રાને પ્રોત્સાહન આપવા અને તેહુઆન્ટેપેક ઈસ્થમસ ક્ષેત્રમાં માળખાકીય સુવિધાઓના વિકાસનો એક ભાગ છે. સરકારની યોજના આ ક્ષેત્રને આંતરરાષ્ટ્રીય વેપાર માટે વ્યૂહાત્મક કોરિડોર બનાવવાની છે, જ્યાં બંદરો અને રેલ લાઈનો દ્વારા બંને મહાસાગરોને જોડી શકાય. આ દુર્ઘટનાથી રેલ સેવા પ્રભાવિત થઈ છે અને બચાવ કાર્ય ચાલુ છે.

ભારતને શું ફાયદો થશે?

# જાપાન ત્રણ વર્ષની અંદર પરમાણુ શસ્ત્રો બનાવી શકે છે

(એજન્સી) ટોકિયો । તા. 29

જ્યારે હંમેશા એવું કહેવામાં આવે છે કે ઈરાન પરમાણુ શક્તિનો પીછો કરી રહ્યું છે, ત્યારે હવે એવું બહાર આવ્યું છે કે જાપાન પણ પરમાણુ શસ્ત્રો વિકસાવી શકે છે. ચીને અહેવાલ આપ્યો છે કે જાપાન ત્રણ વર્ષમાં પરમાણુ શસ્ત્રો વિકસાવી શકે છે.

તાઈવાનને લઈને ચીન અને જાપાન વચ્ચે હાલમાં તણાવ ખૂબ જ છે. દરમિયાન, ચીને હવે ખુલાસો કર્યો છે કે જાપાન આગામી ત્રણ વર્ષમાં પરમાણુ શસ્ત્રો વિકસાવી શકે છે.

ચીની પરમાણુ નિષ્ણાતો માને છે કે જાપાન પાસે માત્ર રાજકીય ઈચ્છાશક્તિ જ નહીં પરંતુ ત્રણ વર્ષથી ઓછા સમયમાં પરમાણુ શસ્ત્રો વિકસાવવાની તકનીકી ક્ષમતા પણ છે. ગયા અઠવાડિયે, જાપાનના વડા પ્રધાન કાર્યાલયના એક વરિષ્ઠ અધિકારી, જે સુરક્ષા નીતિ પર તાકાચીને સલાહ આપે છે, તેમણે જાપાની અખબાર અસાહી શિમ્બુનને જણાવ્યું હતું કે જાપાનની આસપાસ સુરક્ષા પરિસ્થિતિ ઝડપથી બગડી રહી છે, અને તેથી, જાપાન પાસે પરમાણુ શસ્ત્રો હોવા જોઈએ.

પશ્ચિમ ચીનના એક પરમાણુ વૈજ્ઞાનિકે જણાવ્યું હતું કે જાપાન પાસે એટલી મજબૂત ઔદ્યોગિક ક્ષમતા છે કે તે ટૂંકા ગાળામાં ઉત્તર કોરિયા, ભારત અને પાકિસ્તાન જેવા દેશો કરતાં વધુ અદ્યતન પરમાણુ શસ્ત્રો વિકસાવી શકે છે.

### જાપાને શું કહ્યું?

૧૮ ડિસેમ્બરના રોજ, જાપાનના મુખ્ય કેબિનેટ સચિવ, મિનોરુ કિહારાએ પુનરોચ્ચાર કર્યો કે દેશની પરમાણુ શસ્ત્રો ક્યારેય ન રાખવાની લાંબા સમયથી ચાલતી નીતિ યથાવત છે. આમ છતાં, મોટાભાગના પરમાણુ નિષ્ણાતો માને છે કે જાપાન પરમાણુ વિલંબની સ્થિતિમાં છે. આનો અર્થ એ થયો કે જાપાન પાસે હાલમાં પરમાણુ શસ્ત્રો નથી, પરંતુ તે ખૂબ જ ટૂંકા ગાળામાં તેમને વિકસાવવાની ક્ષમતા ધરાવે છે.

## ન્યૂઝ બ્રીફ

### ચંદ્ર તરફ ઝડપથી આગળ વધી રહ્યો છે એસ્ટેરોયડ YR4



વોશિંગ્ટન | 2024માં શોધાયેલ એસ્ટેરોયડ YR4 હાલ વૈજ્ઞાનિક જગતમાં ચર્ચાનો વિષય બન્યો છે. આ એસ્ટેરોયડની શોધ ચિલીમાં આવેલા શક્તિશાળી ટેલિસ્કોપ દ્વારા કરવામાં આવી હતી. શરૂઆતમાં એવી ચિંતા વ્યક્ત થઈ હતી કે કદાચ તે પૃથ્વી સાથે ટકરાઈ શકે, પરંતુ વિગતવાર ગણતરી બાદ વૈજ્ઞાનિકોએ સ્પષ્ટ કરી દીધું છે કે પૃથ્વી માટે કોઈ જોખમ નથી. હાલમાં સૌથી મહત્વની વાત એ છે કે YR4 એસ્ટેરોયડના ચંદ્ર સાથે ટકરાવાની આશરે 4 ટકા શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જો આવું બને, તો ચંદ્રની સપાટી પર મોટો ખાડો સર્જાઈ શકે છે અને ત્યાંથી ઉડેલી ધૂળ તથા પથ્થર અંતરિક્ષમાં ફેલાઈ શકે છે. 2024માં શોધાયેલ એસ્ટેરોયડ YR4 હાલ વૈજ્ઞાનિક જગતમાં ચર્ચાનો વિષય બન્યો છે.

### ટ્રમ્પની ગાઝા યોજના: પાકિસ્તાનની 'છેતરપિંડી' મોંઘી સાબિત થશે

વોશિંગ્ટન | અમેરિકાએ ગાઝામાં યુદ્ધવિરામ માટે 20-મુદ્દાની શાંતિ સમજૂતી પર હસ્તાક્ષર કર્યા. હવે, આ સોદા હેઠળ, અમેરિકા પાકિસ્તાન પાસેથી ગાઝા સ્થિરીકરણ પ્રોજેક્ટ માટે સૈનિકો મોકલવાની માંગ કરી રહ્યું છે. આસીમ મુનીર અમેરિકાની આ માંગથી મૂંઝવણમાં દેખાયા. દરમિયાન, હવે એવું લાગે છે કે મુનીર ગાઝામાં પોતાના સૈનિકો મોકલવા માટે સંમત થયા છે. જો કે, જો મુનીર હજુ પણ સૈનિકો મોકલવામાંથી પાછળ હટે છે, તો તે તેમના માટે મુશ્કેલ પરિસ્થિતિ બની શકે છે. અહેવાલો અનુસાર, પાકિસ્તાનના આર્મી ચીફ, ફિલ્ડ માર્શલ અસીમ મુનીરે સંકેત આપ્યો છે કે તેઓ ટ્રમ્પના ઉચ્ચ જોખમી ગાઝા સ્થિરીકરણ પ્રોજેક્ટ હેઠળ લશ્કરી સહાય પૂરી પાડશે.

### ઈન્ડોનેશિયાના વૃદ્ધાશ્રમમાં ભીષણ આગ, 16 વૃદ્ધોના મોત



જર્કાતા | ઈન્ડોનેશિયામાં એક વૃદ્ધાશ્રમમાં લાગેલી આગને કારણે 16 વૃદ્ધોના મોત નીપજ્યા હતા. આ ઘટના રવિવારની સાંજે બનવા પામી હતી. ઈન્ડોનેશિયાના ઉત્તરી સુલાવાસી પ્રાંતમાં મનાડો વિસ્તારમાં એક વૃદ્ધાશ્રમ આવેલું છે જેમાં લોકો સૂઈ રહ્યા હતા તે સમયે ત્યાં આગ લાગી, જેની ઝપેટમાં આવીને 16 લોકોના મોત નીપજ્યા હતા. પોલીસે સોમવારે જણાવ્યુ કે આ ઘટનામાં મૃતકોની સંખ્યા 16 થઈ છે. જેમાં 15 લોકોના મોત સળગી જવાને કારણે થયા છે. જ્યારે એક વ્યક્તિનું મોત શ્વાસ રૂંધાવાને કારણે થયો છે. આ ઘટનામાં 15 લોકોને બચાવવામાં આવ્યા છે અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

રોકાણ અને વિશ્વાસ મેળવવાનો પ્રયાસ, IMF વિશ્વસનીયતા પર ધ્યાન કેન્દ્રિત કરે છે

# નબળી અર્થવ્યવસ્થા : હાથમાં કટોરો લઈને દાવોસમાં પ્રવેશવાની પાકિસ્તાનની તૈયારી

(એજન્સી) ઇસ્લામાબાદ । તા. 29



પાકિસ્તાનની આર્થિક સ્થિતિની અનિશ્ચિતતાનો અંદાજ એ હકીકત પરથી લગાવી શકાય છે કે તે હવે વર્લ્ડ ઈકોનોમિક ફોરમ જેવા પ્લેટફોર્મને વૈશ્વિક આર્થિક ચર્ચા માટેના પ્લેટફોર્મ તરીકે નહીં, પરંતુ રોકાણ આકર્ષવા અને વિશ્વાસ મેળવવા માટેના પ્લેટફોર્મ તરીકે જુએ છે. જાન્યુઆરી 2026 માં દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમની વાર્ષિક બેઠક પહેલા, પાકિસ્તાનના નાયબ વડા પ્રધાન અને વિદેશ પ્રધાન, મોહમ્મદ ઈશાક ડારે તૈયારીઓની સમીક્ષા કરવા માટે એક ઉચ્ચ-સ્તરીય બેઠક યોજી હતી. વધતા વિદેશી દેવા, કડક IMF શરતો, ઘટતા ઉદ્યોગ અને રાજકીય અસ્થિરતા વચ્ચે, પાકિસ્તાન ફરી એકવાર આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર રોકાણ અને વિશ્વાસ મેળવવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ બેઠકમાં પાકિસ્તાનના નિર્દેશો સ્પષ્ટ હતા: મુલાકાતી રાષ્ટ્રના વડાઓ, સરકાર અને વૈશ્વિક નાણાકીય સંસ્થાઓના ઉચ્ચ અધિકારીઓ સાથે મહત્તમ બેઠકોનું આયોજન કરવું અને ખાનગી ક્ષેત્રની કંપનીઓ સાથે સહયોગ શોધવાનો. આ કવાયતનો સંદેશ સ્પષ્ટ છે: પાકિસ્તાન વર્લ્ડ ઈકોનોમિક ફોરમને નીતિ સંવાદ માટેના પ્લેટફોર્મ કરતાં રોકાણ માટેના ખાડા તરીકે વધુ જુએ છે.

## વાસ્તવિકતા: બળજબરીથી ખેંચાયેલ હાથ

છેલ્લા કેટલાક વર્ષોમાં, પાકિસ્તાનનું અર્થતંત્ર વારંવાર ડિફોલ્ટની અણી પર આવી ગયું છે. IMF ભંડોળ વિના સરકારી ખર્ચ ટકાવી રાખવો મુશ્કેલ બની ગયો છે, વિદેશી હૂંડિયામણ અનામત સતત દબાણ હેઠળ છે, અને ફુગાવાએ સામાન્ય નાગરિકને કચડી નાખ્યો છે. આવી પરિસ્થિતિઓમાં, દાવોસ જેવા પ્લેટફોર્મમાં હાજરી આપવી પાકિસ્તાન માટે એક જરૂરિયાત બની ગઈ છે, વિકલ્પ નહીં. એટલા માટે જ બેઠકમાં વૈશ્વિક ખાનગી ક્ષેત્રના ખેલાડીઓ સાથે સંપર્કો વધારવા પર ભાર મૂકવામાં આવ્યો - કારણ કે પરંપરાગત સહાય અને લોન મર્યાદિત બની રહી છે. પાકિસ્તાન પાસે ન તો સ્થિર નીતિ છે, ન રાજકીય સાતત્ય છે, ન તો રોકાણ માટે સુરક્ષા ખાતરી છે. પરિણામે, ઘણા વિશ્લેષકો દાવોસ ચર્ચાઓને રોકાણ માટે ભીખ માંગવા સિવાય બીજું કંઈ નથી માને છે.

## મીડિયા મેનેજમેન્ટ: દાવોસમાં નુકસાન નિયંત્રણ

મીટિંગમાં બીજો મુદ્દો જે બહાર આવ્યો તે વ્યાપક મીડિયા જોડાણ હતો. આ કોઈ સંયોગ નથી. પાકિસ્તાન લાંબા સમયથી આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર છબી સંકટનો સામનો કરી રહ્યું છે - પછી ભલે તે આતંકવાદ વિશેના પ્રશ્નો હોય, લોકશાહી સંસ્થાઓની નબળાઈ હોય કે આર્થિક નીતિઓની અસ્થિરતા હોય. દાવોસ જેવા ઉચ્ચ-પ્રોફાઈલ પ્લેટફોર્મ પર મીડિયા ઈન્ટરવ્યુ અને પેનલ ચર્ચાઓ પાકિસ્તાન માટે નુકસાન નિયંત્રણ અને છબી સુધારણામાં જોડાવાની તક છે. રોકાણ માટે વિશ્વાસની જરૂર છે - અને વિશ્વાસ બનાવવા માટે વાર્તામાં પરિવર્તનની જરૂર છે. આ જ કારણ છે કે આ વખતે દાવોસને ફક્ત મીટિંગ્સના મેળાવડા તરીકે જ નહીં, પણ પીઆર ડ્રાઈવ તરીકે પણ જોવામાં આવી રહ્યું છે.

## ભારત વિરુદ્ધ પાકિસ્તાન: બે અલગ અલગ વાર્તાઓ

આ તે સ્થાન છે જ્યાં ભારત અને પાકિસ્તાનના રસ્તા સ્પષ્ટપણે અલગ પડે છે. જ્યારે ભારત તેની આર્થિક શક્તિ, બજાર ક્ષમતા અને લાંબા ગાળાના દ્રષ્ટિકોણ સાથે દાવોસ જાય છે, ત્યારે પાકિસ્તાન વિશ્વસનીયતા અને નાણાકીય સહાય મેળવવા માટે ત્યાં પહોંચે છે. એક તરફ, એક આત્મવિશ્વાસપૂર્ણ વિકાસ વાર્તા, બીજી તરફ, કટોકટી વ્યવસ્થાપન અને છબી જાળવણી માટે સંઘર્ષ. દાવોસ 2026 પાકિસ્તાન માટે નવી શરૂઆત નથી, પરંતુ જૂની મજબૂરીઓ માટે એક નવું પ્લેટફોર્મ લાગે છે. પ્રશ્ન એ નથી કે પાકિસ્તાન દાવોસ જશે કે નહીં. પ્રશ્ન એ છે કે શું તે આ વખતે ખાલી વાટકી સાથે પરત ફરશે, અથવા શું તે ખરેખર વિશ્વને ખાતરી આપશે કે તેની પાસે ભીખ માંગવા ઉપરાંત એક મજબૂત આર્થિક રોડમેપ છે.

હાફિઝ-મસૂદ ભૂગર્ભમાં જતા રહ્યા....

# હવે યાકુબ પાકિસ્તાનમાં 'આતંકની પાઠશાળા' ચલાવશે



(એજન્સી) ઇસ્લામાબાદ । તા. 29

ઓપરેશન સિંદૂર પછી, પાકિસ્તાને હાફિઝ સઈદ અને મસૂદ અઝહર જેવા મોટા અને લાંબા સમયથી ચાલતા આતંકવાદીઓને ભૂગર્ભમાં જતા જોયા છે અને સાત મહિના સુધી નિર્જન રહ્યા છે. દરમિયાન, પાકિસ્તાને એક નવો આતંકવાદી નેતા બનાવ્યો છે. આ નવો નેતા કારી મોહમ્મદ યાકુબ શેખ છે. લશ્કર પાસેથી તાલીમ મેળવ્યા બાદ, યાકુબે હવે પોતાનું સંગઠન બનાવ્યું છે.

બીબીસી પશ્તો અનુસાર, આ સંગઠનનું નામ સેન્ટ્રલ મુસ્લિમ લીગ છે. આ સંગઠન પાકિસ્તાનમાં એક રાજકીય પક્ષ તરીકે સૂચિબદ્ધ છે. એવું કહેવાય છે કે તેને સૈન્યનો પણ ટેકો છે.

મસૂદ અઝહર અને હાફિઝ સઈદ ભારતના ઓપરેશન સિંદૂરથી ભૂગર્ભમાં છે. ઓપરેશન સિંદૂરમાં મસૂદના પરિવારના 14 સભ્યો માર્યા ગયા હતા. હાફિઝનું ઠેકાણું પણ નાશ પામ્યું હતું. હાફિઝ અને મસૂદ હાલમાં પાકિસ્તાની સેનાની દેખરેખ હેઠળ ભૂગર્ભમાં છે. ઓપરેશન સિંદૂર પછી, મીડિયામાં બંને જૂથના કોઈ સમાચાર આવ્યા નથી.

## નવા આતંકવાદી સંગઠનની જરૂર કેમ પડી?

પાકિસ્તાન હાલમાં તહરીક-એ-તાલિબાન અને બલૂચ લિબરેશન આર્મી સાથે સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે. પાકિસ્તાન સૈન્ય દ્વારા બંને આતંકવાદી સંગઠનોને ખતમ કરવામાં અસમર્થ છે. ટીટીપીએ તેની લડાઈને જેહાદ તરીકે ઓળખાવી છે. ટીટીપીને નાગરિકોનો પણ ટેકો છે. આ કારણે, પાકિસ્તાની સેના દરેક મોરચે આ સંગઠન દ્વારા પરાજિત થઈ રહી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે પાકિસ્તાને TTP અને BLA જેવા આતંકવાદી સંગઠનોનો સામનો કરવા માટે આતંકવાદનો ફોર્મ્યુલા અપનાવવાનો નિર્ણય લીધો છે.

# અમેરિકામાં બે હેલિકોપ્ટર હવામાં અથડાયા : એક પાયલટનું મોત

(એજન્સી) ન્યૂ જર્સી । તા. 29



અમેરિકાના ન્યૂ જર્સી સ્થિત હેમન્ટનમાં રવિવારે બે હેલિકોપ્ટર હવામાં અથડાયા હતા. આ અકસ્માતમાં એક પાઈલટનું મોત થયું હતું, જ્યારે બીજાને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, બંને હેલિકોપ્ટરમાં માત્ર પાઈલટ જ સવાર હતા.

હેમન્ટન પોલીસે જણાવ્યું કે સવારે લગભગ 11:25 વાગ્યે હેલિકોપ્ટર દુર્ઘટનાની જાણ થઈ હતી. ઘટનાસ્થળેથી સામે આવેલા વીડિયોમાં એક હેલિકોપ્ટર ઝડપથી ગોળ-ગોળ ફરતું જમીન તરફ પડતું દેખાયું હતું.

ટક્કર બાદ એક હેલિકોપ્ટરમાં આગ લાગી ગઈ હતી, જેને પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમે ઓલવી હતી. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA) અનુસાર, આ ટક્કર હેમન્ટન મ્યુનિસિપલ એરપોર્ટ ઉપર થઈ હતી. આમાં એનસ્ટ્રોમ F-28A અને એનસ્ટ્રોમ 280C મોડેલના હેલિકોપ્ટર સામેલ હતા. એક પાઈલટનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે બીજાને જીવલેણ ઈજાઓ સાથે હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. FAA અને નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ (NTSB) અકસ્માતની તપાસ કરશે. પૂર્વ FAA અને NTSB તપાસકર્તા એલન ડીલના મતે, પ્રારંભિક તપાસમાં એ જોવામાં આવશે કે બંને પાઈલટ્સ વચ્ચે કોઈ સંચાર થયો હતો કે નહીં અને શું તેઓ એકબીજાને જોઈ શકતા હતા.

# શું ગલ્ફમાં મોટી ગેમ કરી રહ્યું છે યુએઈ? મુસ્લિમ દેશોને છેતરી રહ્યું છે

અબુધાબી | મુસ્લિમ રાષ્ટ્ર સંયુક્ત આરબ અમીરાત (UAE) એક એવી રણનીતિ અપનાવી રહ્યું છે જે ઇઝરાયલથી લઈને યમન અને સુદાન સુધીના દેશોમાં પોતાને મજબૂત બનાવી રહ્યું છે. UAE લાંબા સમયથી પોતાને એક આધુનિક અને શક્તિશાળી રાષ્ટ્ર તરીકે રજૂ કરે છે. ઇઝરાયલ સાથે UAEની વધતી ભાગીદારી સામે આવી છે. ઈઝરાયલ સાથે તેની વધતી ભાગીદારી એક એવા માર્ગ તરફ નિર્દેશ કરે છે જ્યાં તે નાજુક દેશોમાં ઇઝરાયલી હિતોને વધુને વધુ એમ્બેડ કરી રહ્યું છે. દક્ષિણ યમનથી લઈને સોમાલીલેન્ડ અને સુદાન સુધી, અબુ ધાબીની ક્રિયાઓ વધુને વધુ પ્રોક્સી જેવી લાગે છે. દક્ષિણ યમન હવે યુએઈના પ્રભાવનું સૌથી મોટું કેન્દ્ર બની ગયું છે. ઉત્તર અને દક્ષિણ યમનમાં સમાધાન કરવાના પ્રયાસોને બદલે, આ વિસ્તારને એક પ્રકારની સુરક્ષા પ્રયોગશાળામાં ફેરવી દેવામાં આવ્યો છે.

# સીરિયા: અલ્વી મસ્જિદ પર હુમલા બાદ વિરોધીઓ વચ્ચે અથડામણ, 3ના મોત

### અલાવી સંપ્રદાયના સભ્યોને નિશાન બનાવવામાં આવ્યા હતા

(એજન્સી) હોમ્સ । તા. 29

સીરિયાના હોમ્સ શહેરમાં અલાવાઈટ ધાર્મિક લઘુમતી અને વિપક્ષ વચ્ચે થયેલી અથડામણમાં ઓછામાં ઓછા ત્રણ લોકો માર્યા ગયા અને ડઝનેક ઘાયલ થયા. હોમ્સમાં અલાવાઈટ મસ્જિદમાં નમાજ દરમિયાન થયેલા બોમ્બ વિસ્ફોટમાં આઠ લોકો માર્યા ગયા અને 18 ઘાયલ થયાના બે દિવસ પછી આ અથડામણ થઈ. હજારો વિરોધીઓ લાઝિકા, ટાર્ટસ અને અન્ય સ્થળોએ ભેગા થયા. સીરિયાના રાજ્ય ટેલિવિઝન પર અહેવાલ છે કે ટાર્ટસ વિસ્તારમાં પોલીસ સ્ટેશન પર ગ્રેનેડ ફેંકવામાં આવતા બે સુરક્ષા કર્મચારીઓ ઘાયલ થયા છે. લાઝિકામાં સુરક્ષા વાહનોને આગ ચાંપી દેવામાં આવી હતી. બાદમાં, રાજ્ય સમાચાર એજન્સી SANA એ અહેવાલ આપ્યો હતો કે ગોળીબારમાં એક સુરક્ષા કર્મચારીનું મોત થયું છે. સ્થાનિક આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ હુમલામાં ત્રણ લોકો માર્યા ગયા અને 60 અન્ય ઘાયલ થયા.

અધિકારીઓએ જણાવ્યું હતું કે પ્રાથમિક તપાસમાં સંકેત મળ્યો છે કે શુક્રવારે થયેલા બોમ્બ વિસ્ફોટમાં હોમ્સની મસ્જિદમાં વિસ્ફોટક ઉપકરણો મૂકવામાં આવ્યા હતા, પરંતુ શંકાસ્પદ વ્યક્તિની ઓળખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. શનિવારે પીડિતોના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. સરાયા અંસાર અલ-સુન્નાના નામથી ઓળખાતા એક ઓછા જાણીતા જૂથે તેની ટેલિગ્રામ ચેનલ પર એક નિવેદનમાં હુમલાની જવાબદારી સ્વીકારી હતી, જે દર્શાવે છે કે આ હુમલો અલાવાઈટ સંપ્રદાયના સભ્યોને લક્ષ્ય બનાવ્યો હતો.

નવી તૈયારીઓ | તાત્કાલિક યુદ્ધવિરામની જાહેરાત, શાંતિ કરાર પર હસ્તાક્ષર કરાયા

# ઈરાન : બેલિસ્ટિક મિસાઈલો માટે કેમિકલ શસ્ત્રો બનાવી રહ્યું છે

(એજન્સી) તેહરાન । તા. 29

ઈરાનની સેના લાંબા અંતરની બેલિસ્ટિક મિસાઈલો માટે જૈવિક અને રાસાયણિક શસ્ત્રો વિકસાવી રહી છે. ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) ની એરોસ્પેસ ફોર્સ આ પર કામ કરી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, તાજેતરના મહિનાઓમાં આ પ્રવૃત્તિ વધુ તીવ્ર બની છે. ઈરાને અમેરિકા અને ઈઝરાયલ તરફથી સંભવિત હુમલાના ભયના જવાબમાં આ પગલું ભર્યું છે. ઈરાનને ચિંતા છે કે ભવિષ્યમાં ઈઝરાયલ અને અમેરિકા સાથે સીધો લશ્કરી મુકાબલો થઈ શકે છે.

દરમિયાન, ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ અમેરિકાના ફ્લોરિડા પહોંચ્યા છે. તેઓ સોમવારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાત કરવાના છે. આ બેઠકમાં, નેતન્યાહૂ ઈરાન સામે સંભવિત લશ્કરી કાર્યવાહીના વિકલ્પો પર ચર્ચા કરે તેવી અપેક્ષા છે. અમેરિકા અને ઈઝરાયલને શંકા છે કે ઈરાન તેના બેલિસ્ટિક મિસાઈલ ઉત્પાદન માળખાને મજબૂત બનાવી રહ્યું છે અને તેણે તેની હવાઈ સંરક્ષણ પ્રણાલીનું સમારકામ પણ કર્યું છે, જે જૂનમાં મર્યાદિત યુદ્ધ દરમિયાન નુકસાન થયું હતું.



## ઈરાનને વધુ પ્રતિબંધોનો સામનો કરવો પડી શકે

ગયા અઠવાડિયે, પશ્ચિમી ગુપ્તચર એજન્સીઓએ IRGC ની અસામાન્ય પ્રવૃત્તિ શોધી કાઢી અને દેખરેખ વધુ તીવ્ર બનાવી. આમાં કમાન્ડ સિગ્નલ, સૈનિકોની તૈનાતી અને લોજિસ્ટિકલ હિલચાલનો સમાવેશ થાય છે. લશ્કરી નિષ્ણાતો કહે છે કે જો આ અહેવાલો સાચા સાબિત થાય છે, તો તેઓ મધ્ય પૂર્વમાં શક્તિ સંતુલનને સંપૂર્ણપણે બદલી શકે છે. આનાથી ઈરાનની આકરી આંતરરાષ્ટ્રીય નિંદા થઈ શકે છે અને નવા પ્રતિબંધો લાદવામાં આવી શકે છે.

**ઈરાન એક મોટા યુદ્ધની તૈયારી કરી રહ્યું છે :** સૂત્રો કહે છે કે ઈરાન હવે રાસાયણિક અને જૈવિક શસ્ત્રો વહન કરવા સક્ષમ મિસાઈલો વિકસાવી રહ્યું છે. આ મિસાઈલોને નિયંત્રિત કરતી કમાન્ડ અને કંટ્રોલ સિસ્ટમ્સને પણ અપગ્રેડ કરવામાં આવી રહી છે જેથી મોટા યુદ્ધની સ્થિતિમાં તેનો ઉપયોગ કરી શકાય. એક સૂત્રએ જણાવ્યું હતું કે ઈરાની નેતૃત્વ આ શસ્ત્રોને તેના પરંપરાગત મિસાઈલ સંરક્ષણ માટે વધારાના અવરોધક તરીકે જુએ છે. તેઓ માને છે કે આનાથી દુશ્મન રાષ્ટ્રો માટે યુદ્ધનો ખર્ચ નોંધપાત્ર રીતે વધશે.

અમેરિકામાં ભયંકર માર્ગ અકસ્માત

# બે ભારતીય વિદ્યાર્થીનીઓના મોત

(એજન્સી) સ્ક્રામેન્ટો । તા. 29



અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યમાં બનેલા એક ગંભીર માર્ગ અકસ્માતમાં બે ભારતીય વિદ્યાર્થીનીઓના દુ:ખદ મોત થયા છે. આ બંને યુવતીઓએ તાજેતરમાં માસ્ટર્સની ડિગ્રી પૂર્ણ કરી હતી અને અમેરિકા ખાતે રોજગારની શોધમાં હતી. આ ઘટના બાદ તેમના વતન તેલંગાણાના મહબૂબાબાદ જિલ્લામાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

## બંને નોકરીની શોધમાં હતા

ગારલા મંડલની રહેવાસી 24 વર્ષની પુલ્લાખંડમ મેઘના રાણી અને કડિયાલા ભાવના અભ્યાસ અર્થે અમેરિકા ગઈ હતી. બંનેએ કેલિફોર્નિયામાં રહીને ઉચ્ચ શિક્ષણ પૂર્ણ કર્યું હતું અને અભ્યાસ બાદ ત્યાં જ નોકરી મેળવવા માટે પ્રયત્ન કરી રહી હતી. મેઘના અને ભાવના માત્ર સહઅભ્યાસી જ નહીં પરંતુ નજીકની મિત્ર પણ હતી. તેઓ એકસાથે રહેતા અને ભવિષ્ય માટે સાથે યોજનાઓ બનાવી રહ્યા હતા. ઘટનાના દિવસે બંને મિત્રો સાથે બહાર ગયા હતા અને પરત ફરતી વખતે તેમની કાર ભયંકર અકસ્માતનો ભોગ બની. આ દુર્ઘટનામાં બંને યુવતીઓનું ઘટનાસ્થળે જ મોત થયું. અકસ્માતના ચોક્કસ કારણો હજી સુધી જાહેર કરવામાં આવ્યા નથી.

યુએસ વહીવટીતંત્રે અકસ્માતની તપાસ શરૂ કરી છે. આ દુર્ઘટનાના સમાચારથી તેલંગાણાના મહબૂબાબાદ જિલ્લાના ગરલા મંડળમાં શોકનું મોજું ફરી વળ્યું છે. મેઘનાના પિતા, નાગેશ્વર રાવ, ગરલામાં મી-સેવા કેન્દ્ર ચલાવે છે, જ્યારે ભાવનાના પિતા મુલકાનુર ગામના ડેપ્યુટી સરપંચ છે.

## યુપી ભાજપ અધ્યક્ષ કાર્યક્રમ ચોરી

# સ્વાગતની ધમાચકડી વચ્ચે ભાજપ નેતાના ખિસ્સામાંથી ₹50,000નું બંડલ સાફ

### સ્ટેજ પરથી અપીલ: 'જો કોઈ ભાઈને રૂપિયા મળ્યા હોય તો મોટું મન રાખી પાછા આપી દો'



ગાઝિયાબાદ: ઉત્તર પ્રદેશ ભાજપના પ્રદેશ અધ્યક્ષ પંકજ ચૌધરીની ગાઝિયાબાદની પ્રથમ મુલાકાત પ્રસંગે આયોજિત ભવ્ય સ્વાગત કાર્યક્રમમાં એક શરમજનક ઘટના સામે આવી છે. ભારે ઉત્સાહ, સૂત્રોચ્ચાર અને ભીડની વચ્ચે એક ભાજપ નેતાના ખિસ્સામાંથી 50,000ની રોકડ ભરેલું બંડલ ચોરાઈ જતાં સમગ્ર કાર્યક્રમમાં હોબાળો મચી ગયો હતો. 'યુપી ભાજપ અધ્યક્ષ કાર્યક્રમ ચોરી' ની આ ઘટના NH-09 પર ડાસના નજીક ઈન્મેન્ટેક કોલેજ પાસે સજાવેલા સ્વાગત મંચ પર બની હતી. પ્રદેશ અધ્યક્ષના સ્વાગત માટે કાર્યકર્તાઓ ફૂલ-હાર અને ઢોલ-નગારા સાથે મોટી સંખ્યામાં એકઠા થયા હતા. આ ધમાચકડી અને ધક્કા-મુક્કી વચ્ચે ભાજપ મંડલ મહામંત્રી માધવ કુમારના ખિસ્સામાંથી કોઈએ નજર ચૂકવી 50,000નું બંડલ ચોરી લીધું હતું.જ્યારે માધવ કુમારને ખ્યાલ આવ્યો કે તેમના ખિસ્સામાંથી પૈસા ગાયબ છે, ત્યારે તેમણે તુરંત જ મંચ પર હાજર વરિષ્ઠ નેતાઓને જાણ કરી હતી. પરિસ્થિતિને જોતા ભાજપ કિસાન મોરચાના મહાનગર અધ્યક્ષ પંકજ ભારદ્વાજે માઈક સંભાળ્યું અને લોકોને ભાવુક અપીલ કરતા કહ્યું કે, "આ આપણા પ્રદેશ અધ્યક્ષના સ્વાગતનો કાર્યક્રમ છે, અહીં અવ્યવસ્થા ન શોભે. જો કોઈ કાર્યકર્તા ભાઈને આ 50,000 રૂપિયા મળ્યા હોય, તો મહેરબાની કરીને મોટું મન બતાવી પૈસા પાછા આપી દો.

"નેતાની અપીલ બાદ સ્થાનિક કાર્યકરોએ સ્ટેજની આસપાસ, ખુરશીઓ નીચે અને પટાંગણમાં તમામ જગ્યાએ તપાસ કરી હતી. 'નેતાના ખિસ્સામાંથી પૈસા ચોરાયા' ના સમાચારથી કાર્યકરોમાં પણ અરેરાટી વ્યાપી ગઈ હતી. માધવ કુમારે જણાવ્યું હતું કે તેઓ કોઈ કામ માટે આ રકમ સાથે લાવ્યા હતા અને ભીડમાં ક્યારે ચોરી થઈ ગઈ તેની તેમને ખબર જ ન પડી. ગાઝિયાબાદ ભાજપ સ્વાગત કાર્યક્રમમાં સર્જાયેલી આ અફરાતફરીથી પાર્ટીની છબી ખરડાઈ ન જાય તે માટે નેતાઓ સજાગ દેખાયા હતા. ભલે સ્વાગત ભવ્ય રહ્યું, પણ 50,000ની ચોરીનો આ કિસ્સો પંથકમાં ચર્ચાનો વિષય બન્યો છે. પોલીસને આ અંગે સત્તાવાર જાણ કરવામાં આવી છે કે નહીં તેની સ્પષ્ટતા હજુ થઈ નથી, પરંતુ કાર્યક્રમમાં હાજર સીસીટીવી કેમેરા ફૂટેજની તપાસ કરવામાં આવી શકે છે.

## 'દુલદુલ' ઘોડો ઉન્નાવથી મળ્યો, પૂર્વ કેરટેકરની ધરપકડ



લખનૌ: લખનૌ પોલીસે સોમવારે એક મહત્વની સફળતા મેળવતા 'કરબલા તાલકટોરા' સંકુલમાંથી ચોરાયેલા ઈરાની નસલના અત્યંત કિંમતી અને પવિત્ર મનાતા 'દુલદુલ' ઘોડાને શોધી કાઢ્યો છે. આ ઘોડાની ચોરીની ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી, જેના આધારે પોલીસે તપાસ તેજ કરી હતી. 'લખનૌ પોલીસ ચોરાયેલો ઘોડો રિકવર' કરવામાં આવતા સ્થાનિક લોકો અને શ્રદ્ધાળુઓમાં આનંદની લહેર ફેલાઈ ગઈ છે.તાલકટોરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી કરબલામાંથી આ ઘોડો ચોરાયો હતો. પોલીસની તપાસમાં જાણવા મળ્યું હતું કે ઘોડાને ઉન્નાવના મોરાવન ગામમાં છુપાવવામાં આવ્યો હતો. પોલીસે દરોડો પાડીને ત્યાંથી દુલદુલને સુરક્ષિત મુક્ત કરાવ્યો હતો. આ ગુનામાં પોલીસે ઘોડાના ભૂતપૂર્વ કેરટેકર 'છોટુ' અને તેના સાથીદારોની ધરપકડ કરી છે.ઘોડાની ચોરી બાદ પૂર્વ મુતવલ્લી સૈયદ ફૈઝીએ તાલકટોરા પોલીસમાં લેખિત ફરિયાદ નોંધાવી હતી અને ઘોડાની ભાળ આપનારને 50,000નું ઈનામ આપવાની જાહેરાત પણ કરી હતી.

# News Brief

## એઆઇથી નોકરી જતા ઇન્દોરમાં ઝવેરાતની દુકાનમાં લૂંટ ચલાવી

ઈન્દોર: ઈન્દોરમા એક ઝવેરાતની દુકાન માંથી ચોરીની દિલચસ્પ ઘટના સામે આવી છે.આ દુકાનમાંથી ૧૬ લાખથી વધુ રકમના ઘરેણાની ચોરી કરવામાં આવી છે.આ ગુનામા પોલીસે ૧૮ વર્ષના ગ્રાફિક ડિઝાઇનર અને તેની મિત્રની ધરપકડ કરી છે.તેઓએ ફિલ્મ બન્ટી અને બબલી જોઇને આ ચોરીને અંજામ આપ્યો હતો.પોલીસે ચોરીના તમામ ઘરેણા જપ્ત કર્યા છે.રાઉ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૨૨ ડિસેમ્બરની



રાત્રે એક દુકાનમાંથી સોના,ચાંદી અને હીરાના મળીને ૧૬.૧૭ લાખના ઘરેણાની ચોરી થઇ હતી. પોલીસે આ કેસમાં એક યુવક અને યુવતીની ધરપકડ કરી છે.ડીસીપી શ્રીકૃષ્ણ લાલચંદાનીએ કહ્યું કે બન્ને આરોપીની ઉંમર ૧૮ વર્ષ છે. છોકરો ગ્રાફિક ડિઝાઇનર છે અને છોકરી નીટની તૈયારી કરી રહી છે.તેઓ બાળપણથી એક બીજાને જાણે છે. ડીસીપીએ કહ્યું કે પૂછપરછ દરમિયાન છોકરાએ કહ્યું કે તે આઇટી કંપનીમા પાર્ટટાઇમ ગ્રાફિક ડિઝાઇનર હતો. કંપનીએ એઆઇ ટેકનોલોજી અપનાવતા તેની નોકરી ગઇ હતી. જેના પગલે આર્થિક ભીસમાં આવ્યો હતો. આરોપીઓએ જણાવ્યું હતું કે હિન્દી ફિલ્મ બંટી ઔર બબલી જોઇને ચોરીની યોજના બનાવી હતી. ચોરી બાદ તેઓ ફરાર થયા હતા. તેઓને ભોપાલથી પકડવામાં આવ્યાં હતાં. આરોપીઓએ કહ્યું કે તેઓએ ચોરીના ઘરેણા વેચવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ ખરીદદાર તેમને બાળક સમજીને ઓછા નાણા આપી રહ્યાં હતાં.

## કાશ્મીરમાં 'ચિલ્લાઇ કલાન' વચ્ચે આતંકીઓને શોધી ઠાર કરવાનું સૈન્યનું ઓપરેશન શરૂ

શ્રીનગર: જમ્મુ કાશ્મીરમાં આતંકીઓના સંપૂર્ણ સફાયા માટે સૈન્ય દ્વારા શિયાળુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. કડકડતી ઠંડીમાં સૈન્ય ઘાતક હથિયારો સાથે આતંકીઓ પર ત્રાટકી રહ્યું છે. સામાન્ય રીતે જમ્મુ કાશ્મીરમાં ચિલ્લાઇ કલાનના ૪૦ દિવસ દરમિયાન ભારે ઠંડી પડે છે. આ દરમિયાન જ સૈન્ય દ્વારા ઓપરેશન શોધો અને સફાઇ કરો શરૂ કરાયું છે. હાલમાં જમ્મુ કાશ્મીરમાં



પાકિસ્તાનના ૩૫ આતંકીઓ છૂપાયા હોવાની માહિતી સૈન્યને મળી છે. ગુપ્ત રિપોર્ટમાં સામે આવ્યું છે કે હાલમાં જમ્મુ પ્રાંતમાં ૩૦થી ૩૫ આતંકીઓ સક્રિય છે. જમ્મુ કાશ્મીરમાં ભારે ઠંડીની સીઝન ૨૧ ડિસેમ્બરથી જાન્યુઆરી મહિના સુધી હોય છે. આ દરમિયાન આતંકીઓ ઠંડી અને હિમવર્ષાથી બચવા માટે જગ્યાઓ બદલતા હોય છે. મોટાભાગના આતંકીઓ શરણ લેવાનો પ્રયાસ કરતા હોય છે તો કેટલાક આતંકીઓ ફસાયેલા રહે છે. હાલમાં જમ્મુમાં જે આતંકીઓ સક્રિય છે તેની શોધખોળ કરીને ઠાર મારવા માટે સૈન્ય દ્વારા ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યું છે. સૈન્ય એકદમ અંતરિયાળ વિસ્તારમાં પહોંચીને આ ઓપરેશન ચલાવી રહી છે.

## ગોરખપુરની મેડિકલ કોલેજમાં એક વિદ્યાર્થી 11 વર્ષથી પ્રથમ જ વર્ષમાં !

ગોરખપુર: ગોરખપુરની બીઆરડી મેડિકલ કોલેજમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. સામાન્ય રીતે એમબીબીએસનો અભ્યાસ સાડા પાંચ વર્ષમાં પૂર્ણ થઇ જાય છે. જો કે અહીં એક વિદ્યાર્થી એવો છે જે છેલ્લા ૧૧ વર્ષથી એમબીબીએસના પ્રથમ વર્ષમાં જ અટકી ગયો છે. વિદ્યાર્થીએ એમબીબીએસના પ્રથમ વર્ષ માટે ફક્ત એક વખત પરીક્ષા આપી હતી : જેમાં તે તમામ પેપરોમાં ફેઇલ થયો હતો .૫૬ વર્ષ જૂની બીઆરડી મેડિકલ કોલેજે દેશ-વિદેશને અનેક સારા ડોક્ટર આપ્યા છે. જો કે આ કોલેજમાં ભણી રહેલ આ વિદ્યાર્થી ચર્ચાનો વિષય બની ગયો છે. આ વિદ્યાર્થી ૨૦૧૪ની બેન્ચનો છે અને તેણે સીપીએમટી દ્વારા એસસી ક્વોટામાંથી એડમિશન લીધું હતું. આશ્ચર્યની વાત એ છે કે ૧૧ વર્ષ પસાર થઇ ગયા પછી પણ તે એમબીબીએસના પ્રથમ વર્ષની પરીક્ષા પાસ કરી શક્યો નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર વિદ્યાર્થી નિયમિત પરીક્ષા આપી રહ્યો નથી અને કોલેજનું હોસ્ટેલ પણ છોડી રહ્યો નથી.આ સમગ્ર કેસમાં કોલેજ વહીવટી તંત્ર પણ અત્યાર સુધી કોઇ મજબૂત અને સ્પષ્ટ નિર્ણય લઇ શક્યુ નથી. જેના કારણે પ્રશ્નો ઉભા થાય છે કે શા માટે એક વિદ્યાર્થીને આટલા લાંબા સમય સુધી ચલાવવામાં આવી રહ્યો છે?

વિદ્યાર્થી આઝમગઢનો રહેવાસી છે. તેના પિતા સબ ઇન્સ્પેક્ટર છે. સૂત્રોના જણાવ્યા અનુસાર મેડિકલ કોલેજના હોસ્ટેલમાં રહીને વિદ્યાર્થીએ એમબીબીએસના પ્રથમ વર્ષ માટે ફક્ત એક વખત પરીક્ષા આપી હતી. જેમાં તે તમામ પેપરોમાં ફેઇલ થઇ ગયો હતો. ત્યારબાદથી તેણે એક પણ વખત પ્રથમ વર્ષની પરીક્ષા આપી નથી.

શિક્ષકોએ તેને અલગથી વિશેષ ભણાવવાની ઓફર કરી હતી પણ તેણે આ ઓફર ફગાવી દીધી હતી.

## ટાટા એર્નાકુલમ એક્સપ્રેસ આગ

## આંધ્રપ્રદેશમાં ટ્રેનના બે AC કોચમાં ભીષણ આગ, એક વૃદ્ધ મુસાફરનું કરુણ મોત

અનાકાપલ્લે: ઝારખંડના ટાટાનગરથી કેરળના એર્નાકુલમ જઈ રહેલી ટ્રેન નંબર 18189 (ટાટા-એર્નાકુલમ એક્સપ્રેસ) માં સોમવારે વહેલી સવારે 1:30 વાગ્યે ભીષણ આગ ફાટી નીકળી હતી. આંધ્રપ્રદેશના અનાકાપલ્લે જિલ્લામાં એલામંચિલી સ્ટેશન નજીક બનેલી આ ઘટનામાં એક વૃદ્ધ મુસાફરનું મોત નીપજ્યું છે, જ્યારે બે એસી કોચ સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ટ્રેન જ્યારે દુવ્વાડા સ્ટેશન પસાર કરીને એલામંચિલી નજીક પહોંચી ત્યારે એસી કોચ B1 અને M2 માં અચાનક આગ લાગી હતી. લોકો પાયલટે સમયસૂચકતા વાપરીને ટ્રેનને તાત્કાલિક એલામંચિલી સ્ટેશન પર રોકી દીધી હતી. આગ એટલી ઝડપથી ફેલાઈ હતી કે જોતજોતામાં બંને કોચ આગની લપેટમાં આવી ગયા હતા.અનાકાપલ્લે એસપી તુહિન સિંહાએ પુષ્ટિ કરી છે કે B1 કોચમાંથી એક 70 વર્ષીય વૃદ્ધનો મૃતદેહ મળી આવ્યો છે. મૃતકની ઓળખ વિજયવાડાના રહેવાસી ચંદ્રશેખર સુંદરમ તરીકે થઈ છે. તેઓ બર્થ નંબર 12 પર મુસાફરી કરી રહ્યા હતા. જ્યારે અન્ય તમામ 150થી વધુ મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢી લેવામાં આવ્યા છે.ઘટનાની જાણ થતા જ અનાકાપલ્લે અને નાક્કાપલ્લેથી ફાયર ફાઈટરો ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટ અથવા બ્રેક ઓવરહિટીંગને કારણે આગ લાગી હોવાની શંકા છે. દક્ષિણ મધ્ય રેલવેના સેફ્ટી કમિશનર અને ફોરેન્સિક ટીમે ઘટનાસ્થળે પહોંચી પુરાવા એકત્ર કર્યા છે.

## ડ્રગ્સ અને હથિયારોની હેરાફેરીની આશંકા

## મણિપુરમાં ઉગ્રવાદીઓના નામે રોડ-રસ્તા, મંજૂરી વિના જ રિંગ રોડ બનાવ્યો, NGTનો સ્ટે

મણિપુર: મણિપુરમાંથી એક અત્યંત ગંભીર અને રાજ્ય સરકારની ઉંઘ ઉડાવી દે તેવી ઘટના સામે આવી છે. રાજ્યના છ જિલ્લાઓમાંથી પસાર થતા એક એવા 'રિંગ રોડ'નો ખુલાસો થયો છે, જેનું નિર્માણ સરકારની કોઈપણ મંજૂરી વગર થઈ રહ્યું હતું. આ ગેરકાયદે રોડના અમુક હિસ્સાને સ્થાનિક સ્તરે 'જર્મન રોડ' અથવા 'ટાઈગર રોડ' તરીકે ઓળખવામાં આવે છે, જે કથિત રીતે કુકી ઉગ્રવાદીઓના ઉપનામો પરથી રાખવામાં આવ્યા છે. આ મામલે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT)એ કડક વલણ અપનાવતા તાત્કાલિક અસરથી રોડના કામ પર રોક લગાવી દીધી છે.મીડિયા રિપોર્ટ અનુસાર, કોલકાતા સ્થિત NGT કાર્યાલયે 23 ડિસેમ્બરના રોજ મણિપુર સરકારને આ રિંગ રોડ પર કોઈપણ પ્રકારનું કામ આગળ વધારતા અટકાવી દીધી છે. ટ્રિબ્યુનલે મણિપુરના મુખ્ય સચિવને આદેશ આપ્યો છે કે તેઓ અસરગ્રસ્ત છ જિલ્લાના જિલ્લા કલેક્ટરો અને પોલીસ અધિક્ષકોને(SP) આ પ્રતિબંધનો ચુસ્ત અમલ કરવા નિર્દેશ આપે. મહત્ત્વની વાત એ છે કે આ રિંગ રોડ ઈમ્ફાલમાં એશિયન ડેવલપમેન્ટ બેન્કની મદદથી બની રહેલા સત્તાવાર રિંગ રોડથી તદ્દન અલગ અને ગેરકાયદે છે. આ મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે મૈતેઈ સમુદાયના સંગઠન COCOMI દ્વારા NGTમાં અરજી દાખલ કરવામાં આવી. અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે આ રક્ષિત વન વિસ્તારમાં પર્યાવરણીય કે ભૂસ્તરશાસ્ત્રીય આકારણી વગર રોડ બનાવવામાં આવી રહ્યો છે. અરજદાર પક્ષના જણાવ્યા અનુસાર, આ ગુપ્ત રસ્તાનો ઉપયોગ ગેરકાયદેસર ડ્રગ્સની હેરાફેરી, હથિયારો અને દારૂગોળાની તસ્કરી તેમજ ગેરકાયદેસર વસાહતીઓની અવરજવર માટે કરવામાં આવતો હોવાની ગંભીર આશંકા છે.આ ગેરકાયદે રોડનું નિર્માણ મણિપુર હિંસા અને સંકટના સમયગાળા દરમિયાન શરૂ થયું હોવાનું મનાય છે. સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલી તસવીરોમાં સાઈકુલના ધારાસભ્યની હાજરીમાં આ રોડનું ઉદ્ઘાટન થતું જોવા મળ્યું હતું, જેમાં 'ટાઈગર રોડ' લખેલા ગેટની તસવીરો પણ સામે આવી હતી.

## 10 લાખથી વધુ શ્રદ્ધાળુઓની હાજરી સાથે ઉર્સ સંપન્ન, વિશ્વ શાંતિ અને ભાઈચારાની પ્રાર્થના

અજમેર: રાજસ્થાનના અજમેરમાં સ્થિત વિશ્વ પ્રસિદ્ધ 'ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી દરગાહ અજમેર' ખાતે હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તીનો 814મો વાર્ષિક ઉર્સ મુબારક અત્યંત શ્રદ્ધા અને ઉલ્લાસ સાથે સંપન્ન થયો છે. આ વર્ષે 10 લાખથી વધુ શ્રદ્ધાળુઓએ દરગાહ શરીફમાં હાજરી આપી હતી, જે આસ્થા અને 'વિશ્વ શાંતિ અને માનવતાનો સંદેશ' આપતો એક મહાકુંભ સાબિત થયો હતો.ચિશ્તી ફાઉન્ડેશનના અ્યક્ષ અને દરગાહ અજમેર શરીફના ગાદી નશીન હાજી સૈયદ સલમાન ચિશ્તીએ જણાવ્યું હતું કે, 'અજમેર શરીફ 814મો ઉર્સ મુબારક' માત્ર એક ઐતિહાસિક સ્મૃતિ નથી, પરંતુ તે સમગ્ર માનવતા માટેની એક જીવંત પ્રાર્થના છે. તેમણે ખ્વાજા ગરીબ નવાઝના સનાતન સંદેશ "સૌ પ્રત્યે પ્રેમ, કોઈની સામે દ્વેષ નહીં" ને દોહરાવતા કહ્યું કે આ સિદ્ધાંત માત્ર એક સમુદાય માટે નહીં પણ સમગ્ર વિશ્વ માટે છે.વર્ષ 2025 માં વિશ્વભરમાં થયેલા આતંકવાદી હુમલાઓ અને વધતી જતી કટ્ટરતા પર ચિંતા વ્યક્ત કરતા, સૈયદ સલમાન ચિશ્તીએ અજમેર શરીફના પવિત્ર આંગણેથી વિશેષ પ્રાર્થના કરી હતી.

## શરદ પવાર અજિત પવાર ગઠબંધન

## મહારાષ્ટ્રના રાજકારણમાં મોટો ઉલટફેર, ભાજપનો સાથ છોડી 'કાકા-ભત્રીજા' ફરી એક થયા

મુંબઈ/પુણે: મહારાષ્ટ્રના રાજકારણમાં વર્ષ 2025 ના અંતિમ દિવસોમાં એક અત્યંત મહત્વપૂર્ણ વળાંક આવ્યો છે. ભાજપ સાથેના સંબંધોમાં ખટાશ આવ્યા બાદ, ડેપ્યુટી સીએમ અજિત પવાર ફરી એકવાર પોતાના કાકા શરદ પવારની શરણમાં પહોંચ્યા છે. 'શરદ પવાર અજિત પવાર ગઠબંધન' ની જાહેરાત સાથે જ આગામી નગર નિગમની ચૂંટણીના સમીકરણો સંપૂર્ણપણે બદલાઈ ગયા છે.રવિવારે પિંપરી-ચિંચવાડમાં એક રેલી દરમિયાન અજિત પવારે સત્તાવાર રીતે જાહેરાત કરી હતી કે તેમની NCP અને શરદ પવારની NCP (SP) હવે સાથે મળીને ચૂંટણી લડશે. તેમણે ભાવુક થઈને કહ્યું, "પિંપરી-ચિંચવાડ માટે 'ઘડિયાળ' અને 'રણશિંગડું' હવે એક થઈ ગયા છે. અમારો પરિવાર એકજૂટ છે." આ જાહેરાત બાદ 'મહારાષ્ટ્ર નગર નિગમ ચૂંટણી 2026' માટે રાજકીય પારો ગરમાયો છે.ધારાસભ્ય રોહિત પવારે જણાવ્યું હતું કે આ નિર્ણય માત્ર નેતાઓનો નથી, પણ પુણે અને પિંપરી-ચિંચવાડના લાખો કાર્યકરોની ઈચ્છાનો આદર છે. 'પુણે પિંપરી-ચિંચવાડ મ્યુનિસિપલ ઈલેક્શન' માં ભાજપને ટક્કર આપવા માટે બંને પક્ષોએ એક મજબૂત રણનીતિ બનાવી છે. અજિત પવારે કાર્યકરોને કોઈપણ વિવાદાસ્પદ ટિપ્પણીથી બચવા અને માત્ર વિકાસના મુદ્દે પ્રચાર કરવા તાકીદ કરી છે.ગઠબંધનની જાહેરાત પહેલા રવિવારે સવારે જ પવાર પરિવાર બારામતીમાં એકસાથે જોવા મળ્યો હતો. પ્રસિદ્ધ ઉદ્યોગપતિ ગૌતમ અદાણીએ જ્યારે 'શરદચંદ્ર પવાર સેન્ટર ઓફ એક્સેલન્સ' નું ઉદ્ઘાટન કર્યું, ત્યારે શરદ પવાર અને અજિત પવાર એક જ મંચ પર સ્મિત સાથે જોવા મળ્યા હતા, જેણે ગઠબંધનની પૂર્વભૂમિકા તૈયાર કરી દીધી હતી. નિષ્ણાતોના મતે, પવાર પરિવારના આ મિલાપથી મહારાષ્ટ્રના પશ્ચિમ વિસ્તારમાં ભાજપ માટે મોટો પડકાર ઉભો થશે.

## પ્રેમનું પ્રતીક તાજમહેલ ધુમ્મસની ચાદરમાં ઓઝલ, ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી અને પ્રદૂષણનો બેવડો માર

આગ્રા/નવી દિલ્હી: ઉત્તર ભારતમાં શિયાળાનો પ્રકોપ સતત વધી રહ્યો છે. સોમવારે સવારે 'તાજમહેલ ગાઢ ધુમ્મસ સમાચાર' એ પ્રવાસીઓને નિરાશ કર્યા હતા, કારણ કે વિશ્વની સાત અજાયબીઓમાંની એક એવો તાજમહેલ ગાઢ ધુમ્મસના કારણે લગભગ અદ્રશ્ય થઈ ગયો હતો. તાપમાનમાં ઘટાડો અને 'દિલ્હી-યુપી AQI અને વિઝિબિલિટી' ઘટવાને કારણે સમગ્ર ઉત્તર ભારત હાલ ધુમ્મસની સફેદ ચાદરમાં લપેટાયેલું છે.આગ્રામાં સોમવારે સવારે તાપમાન 16.0C નોંધાયું હતું. ગાઢ ધુમ્મસને કારણે તાજમહેલની વિઝિબિલિટી એટલી ઓછી થઈ ગઈ હતી કે મુખ્ય પ્રવેશદ્વાર પરથી તાજમહેલનો મુખ્ય ગુંબજ પણ દેખાતો નહોતો. આગ્રાની હવાની ગુણવત્તા પણ 'ખરાબ' શ્રેણીમાં રહી હતી, જેમાં મનોહરપુર વિસ્તારમાં AQI 234 નોંધાયો હતો. દિલ્હીમાં હવાઈ પ્રદૂષણ ફરી એકવાર 'ગંભીર' (Severe) સ્તરે પહોંચી ગયું છે. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (CPCB) અનુસાર, દિલ્હીમાં સવારે 8 વાગ્યે AQI 402 નોંધાયો હતો.

## દેશભરમાં શીતલહેર અને ધુમ્મસ | હવાઈ મુસાફરી પર માઠી અસર

## ઉત્તર ભારત ગાઢ ધુમ્મસની ચાદરમાં લપેટાયું, દિલ્હી એરપોર્ટ પર વિઝિબિલિટી 50 મીટરથી ઓછી

નવી દિલ્હી: સમગ્ર દેશમાં હાલ હાડ થીજવતી ઠંડી અને 'દેશભરમાં શીતલહેર અને ધુમ્મસ' નો પ્રકોપ જોવા મળી રહ્યો છે. પહાડી વિસ્તારોમાં સતત થઈ રહેલી હિમવર્ષાને કારણે મેદાની વિસ્તારોમાં તાપમાનનો પારો ઝડપથી ગગડી રહ્યો છે. સોમવારે સવારે દિલ્હી-NCR સહિત સમગ્ર ઉત્તર ભારતમાં ગાઢ ધુમ્મસ જોવા મળ્યું હતું, જેના કારણે વાહન વ્યવહાર અને હવાઈ મુસાફરી પર માઠી અસર પડી છે.દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ (IGI) એરપોર્ટ પર વિઝિબિલિટી ઘટીને માત્ર 50 મીટર રહી ગઈ હતી. 'સ્કૂલોમાં રજા અને ફ્લાઈટ મોડી' પડવાના અહેવાલો વચ્ચે મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. અનેક ટ્રેનો પણ નિર્ધારિત સમય કરતા મોડી ચાલી રહી છે.

ઉત્તર પ્રદેશના 37 જિલ્લાઓમાં હવામાન વિભાગે 'રેડ એલર્ટ' જાહેર કર્યું છે. આગ્રા, મેરઠ અને ગોરખપુર જેવા શહેરોમાં અત્યંત ગાઢ ધુમ્મસને કારણે શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી છે. 'ઉત્તર ભારત હવામાન અપડેટ' મુજબ, પંજાબના એસબીએસ નગરમાં તાપમાન 2.4 ડિગ્રી નોંધાયું હતું. ઝારખંડના મેક્લુસ્કીગંજમાં પારો 0.9 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચતા સ્થિતિ ગંભીર બની છે.બિહારમાં પટના સહિત 25 જિલ્લાઓમાં ભીષણ



ઠંડીને કારણે 'કોલ્ડ ડે' જાહેર કરવામાં આવ્યો છે. ગયા અને બક્સર જેવા વિસ્તારોમાં લોકો ઠંડીથી બચવા માટે તાપણાનો સહારો લઈ રહ્યા છે. રાજસ્થાનના ચુરુ અને સીકરમાં પણ તાપમાન સિંગલ ડિજિટમાં નોંધાયું છે, જેનાથી રવિ પાકને નુકસાન થવાની ભીતિ છે.હવામાન વિભાગના જણાવ્યા મુજબ, 30 ડિસેમ્બરના રોજ ઉત્તર ભારતમાં ગાઢ ધુમ્મસ ચાલુ રહેશે. 31 ડિસેમ્બરે ધુમ્મસમાં થોડી રાહત મળી શકે છે, પરંતુ 1 જાન્યુઆરી (નવું વર્ષ) થી નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાને કારણે જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં ભારે હિમવર્ષાની શક્યતા છે. આ ફેરફારને કારણે મેદાની વિસ્તારોમાં ઠંડીનો ચમકારો હજુ વધી શકે છે.

## ઉન્નાવ દુષ્કર્મ કેસ | ભારતના સૌથી ચર્ચિત અને હચમચાવી દેનારા ગુનાઓમાંથી એક છે

# કુલદીપ સેંગરને ઝટકો, જેલમાં જ રહેવું પડશે, હાઇકોર્ટના ચુકાદા પર સુપ્રીમનો સ્ટે

નવી દિલ્હી: ઉત્તર પ્રદેશના ઉન્નાવ દુષ્કર્મ કેસમાં સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી. જેમાં દિલ્હી હાઈકોર્ટે ભાજપના સસ્પેન્ડેડ નેતા કુલદીપ સેંગરને સામૂહિક દુષ્કર્મના કેસમાં જામીનને CBI દ્વારા પડકારવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટે હાલમાં આગામી સુનાવણી સુધી હાઈકોર્ટના ચુકાદાને સ્ટે આપી દીધો છે અને કુલદીપ સિંહ સેંગર હવે જેલમાં જ રહેશે. ચાર અઠવાડિયા બાદ હવે સુનાવણી હાથ ધરવામાં આવશે. સુપ્રીમ કોર્ટના જજોએ કુલદીપ સિંહ સેંગર તરફથી હાજર વકીલોને ફિટકાર લગાવતા કહ્યું હતું કે તમે આડી અવળી વાતો કરવાની જગ્યાએ સ્ટે પર વાત કરો. અમે જામીન પર સ્ટે આપવા તૈયાર છે. તમે જો હાઈકોર્ટના જામીનને ચાલુ રાખવા માગતા હોવ તો અમને એનું કારણ જણાવો. સીબીઆઈ તરફથી તુષાર મહેતા દલીલ કરવા કોર્ટમાં હાજર થયા હતા. તેમણે દલીલ કરી હતી કે જ્યારે પીડિતા પર આ ભયાનક દુષ્કર્મની ઘટનાને અંજામ આપવામાં આવ્યો હતો ત્યારે તેની ઉંમર 15 વર્ષ જ હતી એટલે કે આ પોક્સોનો કેસ બને છે. આ એક ગંભીર અપરાધ છે અને તે સાબિત પણ થયો છે છતાં હાઈકોર્ટે આ મામલે ગંભીરતા ન દાખવતા સેંગરને જામીન પર છોડી મૂક્યો હતો. ઉન્નાવ દુષ્કર્મ કેસ એ ભારતના સૌથી ચર્ચિત અને હચમચાવી દેનારા ગુનાઓમાંથી એક છે, જેમાં સત્તા, રાજકારણ અને અપરાધની મિલીભગતે એક સગીર દીકરીના જીવનને નરક બનાવી દીધું હતું. આ કેસનો મુખ્ય આરોપી ઉત્તર પ્રદેશનો ભાજપ ધારાસભ્ય કુલદીપ સિંહ સેંગર હતો. આ ઘટના 2017ની છે, જ્યારે ઉત્તર પ્રદેશના ઉન્નાવ જિલ્લાની એક 17 વર્ષીય સગીરાએ બાંગરમઉના ધારાસભ્ય કુલદીપ સિંહ સેંગર અને તેના સાથીઓ પર નોકરી અપાવવાના બહાને સામૂહિક બળાત્કાર કરવાનો આરોપ લગાવ્યો હતો.

**પશ્ચિમ રેલવે - અમદાવાદ**

**જાહેર સૂચના**

આથી જાણ કરવામાં આવે છે કે મોટી આદરજ-વિજાપુર સેક્શનની વચ્ચે મોટી આદરજ-વિજાપુર ગેજ કન્વર્ઝન પર નવી બિછાવેલી બીજી લાઇન પર પેસેન્જર અને માલગાડીઓ ચાલુ થશે અને 29.12.2025 અને 30.12.2025ના રોજ C R S નિરીક્ષણ કરવામાં આવશે. 30.12.2025ના રોજ 120 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ટ્રાયલ રન પણ કરવામાં આવશે સામાન્ય જનતાને રેલવે ટ્રેકથી દૂર રહેવાની વિનંતી કરવામાં આવે છે.

રેલવે ટ્રેક ક્રોસ કરવો અથવા રેલવે ટ્રેકની નજીક અવરજવર કરવી જીવલેણ બની શકે છે.

CPM 105

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

## પાણીનો વપરાશ પાંચ MLD ઘટીને ૬૦ પર આવ્યો

ગાંધીનગર : પાટનગરમાં ૨૪ કલાક પાણીની યોજનાનો કથિત પ્રારંભ કરી દેવાયો છે. ત્યારે ઠંડીના માહોલ વચ્ચે નગરવાસીઓના પાણીના વપરાશમાં સામાન્ય ઘટાડો થયો છે. પાંચ એમએલડી જેટલા ઘટાડા સાથે હાલમાં પાણીનો વપરાશ ૬૦ એમએલડી આસપાસ આવી ગયો છે. મતલબ કે નગરવાસીઓને ઠંડી લાગી છે. હવે ઠંડી વધશે તો નભોઇ પમ્પિંગ સ્ટેશન પરથી ઉપાડાતા પાણીનો જથ્થો ઘટાડવા માટે તંત્ર વિચારાશે. હાલની સ્થિતિએ શહેરમાં ૬૦ એમએલડી જેટલું પાણી વિતરણ કરવામાં આવે છે.

## પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનું વેચાણ કરતા વેપારીને ઝડપી લેવાયો

ગાંધીનગર : ઉતરાયણ ચાઈનીઝ દોરીને કારણે નિર્દોષ લોકોના જીવ જતા હોય છે ત્યારે પોલીસથી બચવા માટે ઉતરાણ પહેલા જ ચાઈનીઝ દોરીનો જથ્થો લાવી તેનું વેચાણ કરતા દહેગામ સલકીના વેપારીને પોલીસે ચાઈનીઝ દોરીના જથ્થા સાથે ઝડપી લીધો હતો અને તેની સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ઉતરાણ પર્વમાં ચીનમાંથી આવતી ઘાતક દોરીને કારણે પશુ પક્ષીઓની સાથે નિર્દોષ મનુષ્યના પણ જીવ જઈ રહ્યા છે. આ સ્થિતિને કારણે આ દોરી ઉપર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે અને ઉતરાયણ પર્વમાં પોલીસ દ્વારા આ દોરીને પકડવા માટે ખાસ ડ્રાઈવ ચલાવવામાં આવતી હોય છે.

### જૂના હોદ્દેદારોને પણ હાજર રખાયા; નવા સંગઠનના માળખાની રચના અને કામગીરીને લઈને આગામી દિવસોમાં ચર્ચા કરાશે

# ગુજરાત ભાજપના નવા હોદ્દેદારોની CM, DYCM અને વિશ્વકર્મા સાથે બેઠક










### આજથી ટીમ વિશ્વકર્મા એક્ટિવ.

ગુજરાત પ્રદેશ ભાજપ સંગઠનની જાહેરાત કરી દેવામાં આવી છે. આજે 29 ડિસેમ્બર સોમવારના રોજ પ્રદેશ ભાજપ સંગઠનના હોદ્દેદારો ગાંધીનગર કમલમ ખાતે પોતાનો હોદ્દો સંભાળ્યો છે. મહામંત્રી, ઉપપ્રમુખ, મંત્રી સહિતના હોદ્દેદારો સવારથી જ ગાંધીનગર ખાતે પહોંચ્યા હતાં. ગુજરાત ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરની અધ્યક્ષતામાં યોજાયેલી તમામ હોદ્દેદારોની બેઠક પૂર્ણ થઈ છે. ત્યારબાદ CM, DYCM અને વિશ્વકર્મા સાથેની બેઠક પણ પૂર્ણ થઈ ગઈ છે. આ બેઠકમાં જૂના હોદ્દેદારોને પણ રાખવામાં આવ્યાં હતાં.

### 'જૂની ટીમ સાથે મળીને અને માર્ગદર્શન લઈને કામગીરી કરજો'

ગુજરાત ભાજપના મુખ્ય પ્રવક્તા ડો. અનિલ પટેલે જણાવ્યું હતું કે આજે ભાજપ નવનિયુક્ત હોદ્દેદારો સાથે પ્રદેશ પ્રમુખ, સંગઠન મહામંત્રી સાથે બેઠક થઈ જેમાં પરિચય થયો છે. જવાબદાર હોદ્દેદાર તરીકે કેવી રીતે સંગઠન મજબૂત કરવું જોઈએ. ગુજરાત સરકારે જે વિકાસ પ્રજાને આપ્યો છે જે લોકો સુધી પહોંચાડવુ જોઈએ જેમાં તમારી કામગીરી શું છે. તેનું માર્ગદર્શન આપ્યું હતું.આજે મુખ્ય ચર્ચા નવી જવાબદારી સોંપવામાં આવી છે તેમાં પાર્ટીને મજબૂત કરવા માટે અને સરકારને કેવી રીતે મદદ કરી શકાય તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

### વિશ્વકર્માએ પેંડા ખવડાવી નવા હોદ્દેદારોનું મીઠું મોં કરાવ્યું, બેઠકમાં હોદ્દેદારો પાસે પરિચય પત્રક ભરાવાયા

### પ્રવક્તા ડો. અનિલ પટેલે જણાવ્યું કે,

જે આજે બેઠક થઈ જેમાં પરિચય થયો છે. જવાબદાર હોદ્દેદાર તરીકે કેવી રીતે સંગઠન મજબૂત કરવું જોઈએ તેના પર ચર્ચા થઈ. ગુજરાત ભાજપના મુખ્ય પ્રવક્તા ડો. અનિલ પટેલે જણાવ્યું હતું કે, આજે ભાજપ નવનિયુક્ત હોદ્દેદારો સાથે પ્રદેશ પ્રમુખ, સંગઠન મહામંત્રી સાથે બેઠક થઈ જેમાં પરિચય થયો છે. જવાબદાર હોદ્દેદાર તરીકે કેવી રીતે સંગઠન મજબૂત કરવું જોઈએ. ગુજરાત સરકારે જે વિકાસ પ્રજાને આપ્યો છે જે લોકો સુધી પહોંચાડવુ જોઈએ જેમાં તમારી કામગીરી શું છે. તેનું માર્ગદર્શન આપ્યું હતું.



જવાબદાર હોદ્દેદાર તરીકે કેવી રીતે સંગઠન મજબૂત કરવું જોઈએ તેના પર ચર્ચા થઇ

### નવા સંગઠનના માળખાની રચના અને કામગીરીને લઈને ચર્ચા

નવા સંગઠનના માળખાની રચના અને કામગીરીને લઈને ચર્ચા કરવામાં આવશે. રાજ્યના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી સાથે પરિચય ઉપરાંત જુના માળખાની ટીમો કેવી રીતે કામગીરી કરતી હતી તેને લઈને ચર્ચા વિચારણા થશે. નવા હોદ્દેદારોને જૂના હોદ્દેદારોના માર્ગદર્શન સાથે રાખીને નવું સંગઠન ચલાવવા બાબતે પણ ચર્ચા થશે.

## 11 દિવસના ઉપવાસ પર બેસીને લોકો કરશે આંદોલન:પડતર પ્રશ્નો મુદ્દે 7 શહેરી ગામોના લોકો આક્રમક

(એજન્સી) ગાંધીનગર | તા. 29

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ 7 ગામોના વર્ષોથી વણઉકેલાયેલા પ્રશ્નો અંગે ફરી એકવાર આંદોલન ઊભું થયું છે. ગાંધીનગર શહેર અસરગ્રસ્ત વસાહત મહામંડળ દ્વારા તંત્ર સામે રોષ વ્યક્ત કરીને 30 ડિસેમ્બર 2025થી 9 જાન્યુઆરી 2026 સુધી સેક્ટર-6ની સત્યાગ્રહ છાવણી ખાતે 11 દિવસના પ્રતીક ઉપવાસ માટે મંજૂરી માગવામાં આવી છે.

મહામંડળે જિલ્લા કલેક્ટર- ડિસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટને પત્ર પાઠવીને મુખ્ય માંગણીઓ રજૂ કરી છે અને ઉપવાસ-આંદોલનની મંજૂરી માંગવામાં આવી છે. મહામંડળના જણાવ્યા મુજબ મુજબ 1997ની કાર્યવાહી નોંધ અને 2016ના મહેસુલ વિભાગના પરિપત્ર મુજબ ગામજનોના મકાનો નિયમિત કરવા માંગણી છે. મૂળ રહેવાસીઓને આવાસ કે પ્લોટ ફાળવવાની પણ માગણી છે.

સરદાર સરોવરના અસરગ્રસ્ત ખેડૂતો જેવો લાભ ગાંધીનગરના અસરગ્રસ્ત ખેડૂતોને આપવો જોઈએ. ચીપટાઈપની દુકાનો ભાડા પદ્ધતિને બદલે માલિકી હકથી આપવાની માંગ છે. આ ગામોને શહેર જેવી આધુનિક સુવિધાઓ આપવાની પણ રજૂઆત છે.

મહામંડળે જણાવ્યું કે 15 જૂન 2022ના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં બેઠક થઈ હતી. 3 જુલાઈ 2023ના રોજ મુખ્ય સચિવ રાજકુમારની અધ્યક્ષતામાં પણ બેઠક યોજાઈ હતી. બે વર્ષ વીતી ગયા છતાં કોઈ નક્કર પગલાં ન લેવાતા ગ્રામજનોમાં અસંતોષ છે.

7 ગામોના વર્ષોથી વણઉકેલાયેલા પ્રશ્નો અંગે ફરી એકવાર આંદોલન ઊભું થયું છે. ગાંધીનગર શહેર અસરગ્રસ્ત વસાહત મહામંડળ દ્વારા તંત્ર સામે રોષ વ્યક્ત કરીને 30 ડિસેમ્બર 2025થી 9 જાન્યુઆરી 2026 સુધી સેક્ટર-6ની સત્યાગ્રહ છાવણી ખાતે 11 દિવસના પ્રતીક ઉપવાસ માટે મંજૂરી માગવામાં આવી છે.

### FRCએ 5,780 સ્કૂલની ફી ઓનલાઈન જાહેર કરી, તમારા સંતાનની ફી આ રીતે કરી લો ચેક

# હવે રાજ્યની ખાનગી સ્કૂલો ફી છુપાવી નહીં શકે

(એજન્સી) ગાંધીનગર | તા. 29

| અનેક સ્કૂલો એડમિશન ફી, ટર્મ ફી કે અન્ય પ્રવૃત્તિઓના નામે વધારાની વસૂલાત કરતી હોવાની ફરિયાદો મળી હતી. રાજ્યમાં ખાનગી શાળાઓ દ્વારા FRCએ નક્કી કરેલી ફી છુપાવી વાલીઓ પાસેથી વધુ રકમ વસૂલવાની ફરિયાદો સતત સામે આવી રહી હતી. આ ગેરરીતિ પર અંકુશ મૂકવા માટે હવે ફી રેગ્યુલેટરી કમિટી (FRC)એ મોટો અને પારદર્શક નિર્ણય લીધો છે. અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતની 5,780 ખાનગી સ્કૂલની નિયત ફી FRCની સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરવામાં આવી છે. હવે કોઈ પણ ખાનગી સ્કૂલ ફીનો ઓર્ડર છુપાવી શકશે નહીં અને વાલી-વિદ્યાર્થીઓ ઘર બેઠાં જ પોતાની સ્કૂલની મંજૂર ફી જોઈ શકશે. શહેરની 2,310 અને ગ્રામ્ય વિસ્તારની 394 ખાનગી શાળાઓની ફી પહેલેથી જ ઓનલાઈન અપલોડ કરવામાં આવી છે. ધોરણ, માધ્યમ અને સંલગ્ન બોર્ડ મુજબ ફીનું માળખું જાહેર કરાતા વાલીઓને સ્પષ્ટતા મળશે. વર્ષ 2017માં FRC અમલમાં આવ્યા છતાં અનેક સ્કૂલોએ એડમિશન ફી, ટર્મ ફી કે અન્ય પ્રવૃત્તિઓના નામે વાલીઓ પાસેથી વધારાની વસૂલાત કરી હોવાની ફરિયાદો થઈ હતી. તાજેતરમાં સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ સ્થિતિ વધુ કડક બની છે. હવે FRC દ્વારા નક્કી કરેલી ફી સિવાય કોઈ પણ પ્રકારની વધારાની રકમ વસૂલવી ગેરકાયદે ગણાશે. મહત્વની વાત એ છે કે નવા ઓર્ડરમાં એડમિશન કે ટર્મ ફી માટે અલગથી કોઈ છૂટ આપવામાં આવી નથી.




### નોટિસ બોર્ડ પર ફીના ઓર્ડર લગાવવાની સૂચનાનું પાલન થતું નહોતું

અગાઉ સ્કૂલોને નોટિસ બોર્ડ પર ફીનો ઓર્ડર લગાવવાની સૂચના હોવા છતાં ઘણી જગ્યાએ તેનું પાલન થતું નહોતું. પરિણામે વાલીઓ અજાણ રહેતા. હવે FRCની વેબસાઈટ પર ફી જાહેર થતાં વાલી-વિદ્યાર્થીઓ સરળતાથી માહિતી મેળવી શકશે. જો કોઈ સ્કૂલ નિયત ફી કરતાં વધુ રકમ વસૂલશે તો શિક્ષણ વિભાગમાં સીધી ફરિયાદ કરી શકાશે, જેના કારણે ગેરરીતિ કરનાર સંચાલકો સામે કાર્યવાહી સરળ બનશે.

**નવા ઓર્ડરમાં ટર્મ કે એડમિશન ફીની અલગથી છૂટ નથી આપી :** તાજેતરમાં સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ સ્થિતિ વધુ કડક બની છે. હવે FRC દ્વારા નક્કી કરેલી ફી સિવાય કોઈ પણ પ્રકારની વધારાની રકમ વસૂલવી ગેરકાયદે ગણાશે. મહત્વની વાત એ છે કે નવા ઓર્ડરમાં એડમિશન કે ટર્મ ફી માટે અલગથી કોઈ છૂટ આપવામાં આવી નથી, એટલે નિયત ફી સિવાય એક પણ રૂપિયો વસૂલવાનો રસ્તો બંધ થયો છે.

## અમદાવાદ એરપોર્ટ પરથી આવતી જતી 8 ફ્લાઈટ કેન્સલ

### ઓછી વિઝિબિલિટીને કારણે 13 ફ્લાઈટ ડીલે, અનેક એરલાઈન્સે એડવાઈઝરી જાહેર કરી...

અમદાવાદ | ઓછી વિઝિબિલિટી અને ઉત્તર ભારત, ખાસ કરીને દિલ્હીમાં સર્જાયેલી ધુમ્મસની સ્થિતિના પગલે અમદાવાદ એરપોર્ટ પરથી આવતી અને જતી અનેક ફ્લાઈટ્સ રદ કરવી પડી છે, જ્યારે ઘણી ફ્લાઈટ્સમાં લાંબો વિલંબ નોંધાયો છે. જેને કારણે અમદાવાદમાં પણ આજે વહેલી સવારથી ગાઢ ધુમ્મસ છવાઈ જતા હવાઈ સેવાઓ પર ભારે અસર જોવા મળી રહી છે. એર ઈન્ડિયા, ઈન્ડિગો અને સ્પાઈસજેટ જેવી ઘણી એરલાઈન્સની અનેક ફ્લાઈટ કેન્સલ અને ડીલે થઈ છે. ઓછી વિઝિબિલિટીને કારણે કેટલીક ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. ધુમ્મસને કારણે અમદાવાદ એરપોર્ટ પર વિઝિબિલિટી ખૂબ ઓછી રહી ગઈ હતી. જેના કારણે આજે અમદાવાદ એરપોર્ટ પરની કુલ 8 ફ્લાઈટ્સ રદ કરવી પડી. અને 13 ફ્લાઈટ મોડી પડી. આજે હવાઈ મુસાફરીને લઈને મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. વિવિધ એરલાઈન્સની અનેક ફ્લાઈટ્સ કેન્સલ અને ડિલે થવાના કારણે મુસાફરો ભારે પરેશાન થયા હતા.

**અરાઈવલ કેન્સલ ફ્લાઈટ**

1-રાયપુરથી અમદાવાદ આવતી 6E 645
2-દિલ્હી થી આવતી 6E 163
3-અમૃતસર થી અમદાવાદ આવતી 6E 127
4-એર ઈન્ડિયાની દિલ્હીથી અમદાવાદ આવતી AI 2959
5-અરાઈવલ ડીલે ફ્લાઈટ
6-થાઈ વાઈટજેટ બેન્કોકથી અમદાવાદ આવતી VZ 750
7-સ્ટાર એરની પૂર્ણિયાથી અમદાવાદ આવતી S5 619
8-સ્પાઈસજેટ ની કોલકતા થી અમદાવાદ આવતી SG 494
9-સ્પાઈસજેટ ની દિલ્હી થી અમદાવાદ આવતી SG 877
10-એર ઇન્ડિયા એક્સપ્રેસની બેંગ્લોર થી અમદાવાદ આવતી IX 2013
11-એર ઈન્ડિયા એક્સપ્રેસની ગોવા થી અમદાવાદ આવતી IX 2143
12-ઈન્ડિગો ની દેહરાદૂન થી અમદાવાદ આવતી 6E 569
13-ઈન્ડિગો ની કુવૈત સિટીથી અમદાવાદ આવતી 6E 1244
14-અકાસા એર ની મુંબઈ થી અમદાવાદ આવતી QP 1781

**ડિપાર્ચર કેન્સલ ફ્લાઈટ**

1-ઈન્ડિગો ની અમદાવાદ થી રાયપુર જતી 6E 261
2-ઈન્ડિગો ની અમદાવાદ થી દુર્ગાપુર જતી 6E 6731
3-ઈન્ડિગોની અમદાવાદ થી અમૃતસર જતી 6E 106
4-એર ઈન્ડિયાની અમદાવાદ થી દિલ્હી જતી AI 2946

**ડિપાર્ચર ડીલે ફ્લાઈટ**

1-થાઈ વાઈટજેટની અમદાવાદ થી બેન્કોક જતી VZ 751
2-સ્પાઈસજેટની અમદાવાદ થી દુબઈ જતી SG 015
3-સ્પાઈસજેટની અમદાવાદ થી કોલકાતા જતી SG 491
4-ઈન્ડિગો ની અમદાવાદ થી જેદ્દાહ જતી 6E 075

## જંગલેશ્વરના 1350 દબાણકારોનું હિયરિંગ શરૂ : જંત્રી પ્રમાણે મકાન કાયદેસર કરી આપવાની માગ

(એજન્સી) રાજકોટ | તા.29

રાજકોટમાં આજી નદીના કાંઠે રિવરફ્રન્ટ બનાવવા માટે સરકારી જમીન પરના 1350 જેટલા દબાણો દૂર કરવા માટેની નોટિસ આપવામાં આવી હતી. જેમાં આજે પ્રથમ દિવસે 590 મિલકત ધારકોને હિયરિંગ માટે બોલાવવામાં આવ્યા છે. જેઓની માંગણી છે કે જંત્રી પ્રમાણે મકાન અને દુકાન કાયદેસર કરી આપવામાં આવે અને ઘરની છત છીનવવામાં ન આવે. જો અમારા પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો આગામી 10 જાન્યુઆરીના આવનારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સમક્ષ રજૂઆત કરવામાં આવશે.

જંગલેશ્વર શેરી નંબર - 30 માં રહેતા ઉમર સોરાએ જણાવ્યું હતું કે, અમે અહીં પરિવાર સાથે રહીએ છીએ. જેમાં વર્ષ 1976 પહેલાના લાઈટ બિલ અને વેરા બિલ છે. આજી રિવરફ્રન્ટ બનાવવા માટે ડિમોલિશન કરવું એ યોગ્ય નથી. અમારા ઘર પરથી છત છીનવાય તો અમે રહેવા માટે ક્યાં જશું? જેથી અમને જંત્રી મુજબ મકાન કાયમી કરાવી આપવામાં આવે અથવા આવાસ ફાળવણી કરવામાં આવે.

તેમણે જણાવ્યું કે અમે અહીં 15 જેટલા લોકો રહીએ છીએ. જેથી અમને ક્વાર્ટરની ફાળવણી કરવામાં આવે તેવી માંગણી છે. તાજેતરમાં કોંગ્રેસ દ્વારા અમારા પક્ષમાં રી જાહેર સભા કરવામાં આવી હતી અને અમને વિશ્વાસ છે કે કોંગ્રેસ પક્ષ દ્વારા અમને ન્યાય અપાવવામાં આવશે. આગામી 10 થી 12 જાન્યુઆરી દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અહીં આવી રહ્યા છે ત્યારે તેમને રજૂઆત કરવા માટે પણ અમે જશું.

### ગુજરાત ATS-રાજસ્થાન પોલીસનું ઓપરેશન

## ભીવાડીના RIICO ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં ચાલતી ફેક્ટરીમાંથી 22 કિલો સાયકોટ્રોપિક કેમિકલ જપ્ત

(એજન્સી) અમદાવાદ | તા.29

ગુજરાત ATSએ રાજસ્થાન પોલીસ સાથે મળીને રાજસ્થાનમાં ચાલી રહેલી નશાની ફેક્ટરી ઝડપી પાડી છે. રાજસ્થાનના ભિવંડીમાં ચાલી રહેલી ડ્રગ્સની ફેક્ટરીમાં ગુજરાત ATSએ રાજસ્થાન SOG, જયપુર તથા સ્થાનિક પોલીસ સાથે રેડ કરી હતી. આ કાર્યવાહીમાં મોટા પાયે સાયકોટ્રોપિક પદાર્થો અને કેમિકલ્સ જપ્ત કરવામાં આવ્યા છે. ગુજરાત ATSએ બાતમીના આધારે રાજસ્થાન પોલીસની મદદથી રાજસ્થાનના ખેરથલ જિલ્લાના તિજારાના ભીવાડી ગામ સ્થિત RIICO ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં આવેલી APL Pharma, પ્લોટ નં. H1/13(D) માં રેડ કરી હતી. આ ફેક્ટરીમાંથી કુલ 22 કિલો ગેરકાયદે બનાવવામાં આવેલો સાયકોટ્રોપિક પદાર્થો તેમજ અલ્પ્રાઝોલામના પ્રિકર્સર કેમિકલ અને અડધી પ્રક્રિયાવાળા



પદાર્થો જપ્ત કરાયા છે. આ રેડ દરમિયાન અંશુલ અનિલકુમાર શાસ્ત્રી, અખિલેશ કુમાર પરસનાથ મૌર્ય અને કૃષ્ણકુમાર શ્રેય યાદવ સહિત ફેક્ટરીમાં કામ કરતાં ત્રણની ધરપકડ કરવામાં આવી છે. સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે અને નશાના આ નેટવર્ક સાથે જોડાયેલા અન્ય લોકો સુધી પહોંચવા ATS દ્વારા કાર્યવાહી આગળ વધારવામાં આવશે.

### નલિયા 11.2 ડિગ્રી સાથે સૌથી ઠંડુ...

## ઉત્તર તરફથી ફૂંકાતા પવનોને કારણે વહેલી સવારે અને રાત્રે ઠંડીનો અનુભવ



અમદાવાદ | રાજ્યભરમાં હવામાનમાં મિશ્ર વાતાવરણનો અનુભવ થતો જોવા મળી રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી ઠંડીમાં વધારો થતાં સવાર અને રાતના સમયે કડકડતી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. ઉત્તરથી ફૂંકાતા ઠંડા પવનોના કારણે વહેલી સવારે અને રાત્રે ઠંડીનો પ્રભાવ વધુ બન્યો છે અને લોકો ગરમ કપડાં પહેરીને બહાર નીકળતા નજરે પડે છે. તો ક્યાંક લોકો વહેલી સવારે યોગા, કસરત કરતા જોવા મળી રહ્યા છે. આ પરિસ્થિતિ વચ્ચે રાજ્યના વિવિધ શહેરોમાં લઘુત્તમ તાપમાનમાં ક્યાંક વધારો ઘટાડો નોંધાયો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર અમદાવાદમાં 15.6 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

### ગ્રાહકોને અલગ અલગ સ્કીમ આપી છેતરપિંડી આચરી, જ્વેલર્સના નામના ખોટા વાઉચર બનાવ્યા

# રાજકોટમાં જ્વેલર્સના નામે કેશિયરે રૂ. 1.99 કરોડનું કરી નાખ્યું



રાજકોટ | રાજકોટમાં વધુ એક સોની વેપારી સાથે ઉચાપતની ઘટના સામે આવી છે. આ વખતે ઉચાપતની ઘટનામાં અન્ય કોઈ નહિ પરંતુ જવેલર્સ શોરૂમમાં કેશિયર તરીકે ફરજ બજાવતા શખ્સે જ છેતરપિંડી આચરી હોવાનું સામે આવ્યું છે. કેશિયર દ્વારા ગ્રાહકને ખોટી અલગ અલગ સ્કીમ બતાવી રૂપિયા પડાવ્યા હોવાનું અને જવેલર્સના નામના ખોટા વાઉચર બનાવ્યા હતા જે મળી કુલ 1.99 કરોડની છેતરપિંડી આચરી હોવાની જાણ થતા શોરૂમના માલિકે કેશિયર સામે ફરિયાદ નોંધાવતા તાલુકા પોલીસે કેશિયર હિતેશ પરમાર સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટ શહેરના નાના મવા મેઈન રોડ પર સાકેત પાર્કમાં રહેતાં અને મવડી રોડ ઉપર, નાના મૌવા રોડ ઉપર તથા જામનગરમાં અર્જુન જવેલર્સ નામે સોના ચાંદીના દાગીનાનો શો રૂમ ધરાવતા મનીષભાઈ નથુભાઈ ઘાડીયા (ઉ.વ.40)એ મૂળ આણંદ જિલ્લાના બોરસદના વતની અને હાલ બાલાજી હોલ, 150 ફૂટ રિંગરોડ, વલ્લભ વિદ્યાનગર સોસાયટી શેરી નં.3માં રહેતા અને નાનામવા રોડ ઉપર આવેલી તેમની બ્રાન્ચમાં કેશિયર તરીકે નોકરી કરતા હિતેષ શૈલેષ પરમાર સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, નાના મૌવા રોડ ઉપર આવેલા તેઓના અર્જુન જવેલર્સ શો રૂમમાં હિતેષ પરમારને ગઈ તા.12.08.2022થી કેશીયર તરીકે નોકરી ઉપર રાખ્યો હતો. તે શો રૂમમાં ત્રણ વર્ષથી વધારે સમય સુધી નોકરી પર ચાલુ રહેતા શો રૂમના નિયમ મુજબ અનુભવના આધારે કેશીયરના હેડ તરીકેની જવાબદારી સોંપવામાં આવી હતી. ગઈ તા.26.12.2024થી હિતેષ પરમારને મવડી રોડ ઉપર આવેલ અર્જુન જવેલર્સમાં કેશીયર હેડ તરીકે બદલી કરી હતી. કંપનીના મોબાઈલમાંથી ડાયરેક્ટ કસ્ટમરોનો સંપર્ક કરી તેમનો વિશ્વાસ જીતી લીધો હતો. તા.17.07.2025ના રોજ જામનગરમાં આવેલ અર્જુન જવેલર્સમાં હિતેષ પરમારને ડેપ્યુટેશન પર ત્યાં કેશીયર તરીકે રાખી સંપુર્ણ જવાબદારી સોંપવામાં આવી હતી અને રાજકોટથી તા.05.08.2025થી નોકરીમાંથી છુટા કર્યા હતા.

છુટો કર્યાના અઠવાડીયા બાદ તા.12.08.2025ના એક ગ્રાહક ઈશાબેન સોરઠીયા મવડી ખાતે આવેલ અર્જુન જવેલર્સના શો રૂમ ખાતે આવી જણાવ્યું કે, મે હિતેષ પરમારને ડિસેમ્બર 2024થી તા.20.05.2025 સુધીમાં કટકે કટકે રૂ.45.40 લાખ સોનાના બિસ્કીટ લેવા પેટે ડીપોઝીટ તરીકે જમા કરાવ્યા છે. હિતેષે મને કહ્યું કે, છ માસની સ્કીમ મુજબ તમને 6 સોનાના બિસ્કીટ 400 તથા 200 મળી કુલ 600 ગ્રામ 6 મહિના બાદ મળશે અને આ માટે મને એક ઓર્ડર વાઉચર ફોર્મ આપ્યું છે જેમાં રિમાર્કસમાં 600 ગ્રામ સોનુ જમા છે .